
પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૨૪॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પાટણમાં બાલ્યવયે જ્યાં રહેતા તે નિવાસગૃહ તથા
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

ષટ્દલ




ષટ્દલ




ષટ્દલ



અષ્ટદલ




ચતુર્દલ



ચતુર્દલ




ચતુર્દલ



પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૨૪॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

## ☐ VOLUME - 24

Octomber 2019
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle


---

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# અદ્ભૂત અનુભૂતિઓ, સ્વશિખામણો તથા સંકલ્પોનું કલ્પવન



આજે ફરીથી સાહેબજીને પત્ર લખીને કહેવાનું મન થાય છે કેઃ સાહેબજી! જેમ જેમ આપની રોજનીશીઓના પાનામાંથી અમો પસાર થતાં જઈએ છીએ, તેમ તેમ વાંચવા પામીએ છીએ આપની એ અનન્ય અનુભૂતિઓ, જે સમયે સમયે આપ ડાયરીમાં ટપકાવતા ગયા છો અને જે ખરે જ અમ સૌના આત્માને સ્પર્શે તેવી છે. જેમ કેઃ

(૧) સં. ૨૦૦૧, પોષ સુદ ૧૫ના દિવસે માંડુ મધ્યે નિર્લિપ્ત દશાની પ્રારંભિક અવસ્થામાં જિનધ્યાન રૂપી ચિત્રાવેલી તથા જિનપ્રણામ રૂપી પારસમણિની આજે વગર પ્રયત્ને મંગલ પ્રાપ્તિ થઈ. પોષ વદ ૧ના દિને આપની લેખિની કહે છે તેમ ભોપાવર (ભોજકુટ) મધ્યે ૯ ગજના ઉભા પ્રતિમાજી શ્રી શાંતિનાથજી ભગવાનના દર્શન કરતાં કૃતજ્ઞતાના રહસ્યરૂપ અચિંત્ય ચિન્તામણિની પ્રાપ્તિ થઈ. (૨) સં. ૨૦૦૨, શ્રાવણ વદ અમાસ દિને બોરસણમાં થયેલ અનુભૂતિ વદે છે તેમ સ્થૈર્યની અધિકતા ઘણી વધી તથા સમતામાં પણ નોંધપાત્ર વૃદ્ધિ થઈ. (૩) સં. ૨૦૧૫, ગિરનારમાં આપને અનુભવ થયો કે ધર્મ મહાસત્તા (ફળરૂપ) તીર્થંકરસ્વરૂપ છે. (૪) પરમેષ્ઠિ ધ્યાન અને આત્મરમણતા દ્વારા પ્રગતિકારક થતા જતા સમયમાં સં. ૨૦૧૬, આબુમાં અનુભૂતિના પ્રકાશ વખતે ધર્મનું લક્ષણ (હેતુ) કરૂણાભાવ છે, એમ સમજાયું. (૫) સં. ૨૦૧૭, વદ ૧૪ની મધ્યરાત્રે રાણકપુરમાં રહસ્યોદ્ઘાટન થયું કે ધર્મનું ખરૂં સ્વરૂપ આત્મસમદર્શિત્વ જ છે. જીવોના ઋણમાંથી મુક્ત થવા કેવળ તેમનું સુખ ઈચ્છવું એ જ બસ નથી, કિન્તુ તેમને દ્રવ્યથી નમવું પણ આવશ્યક છે. (૬) સં. ૨૦૧૯, ચૈત્ર સુદ ૮નાં સંકલ્પ કર્યો કેઃ હું શરીર-મન-વાણીનો દુરૂપયોગ થતો અટકાવીશ કે જેથી હું મારી ૬૪ વર્ષની વયે પરમોચ્ચ આંતરિક શાંતિને પામું.

(૭) સિદ્ધગિરિજી પહોંચતા પહેલાં રોજ નમસ્કાર માહાત્મ્ય, અષ્ટક - ષોડશક, અધ્યાત્મસાર તથા જ્ઞાનસારનો સ્વાધ્યાય પૂર્ણ કરવો. વ્યાખ્યાન હોય તો એક કલાક ત્યારે અને વ્યાખ્યાન ન હોય તો પોરિસી પચ્ચક્ખાણ થયા પછી એક કલાક અને એક કલાક સાંજના પડિલેહણ પછી - એમ રોજ બે કલાકથી અધિક બોલવું નહીં.
(૮) મારા આત્માને સાચી શિખામણઃ આજ સુધી પર(જીવ કે જડ)ને કિંચિત્માત્ર લાભ કે નુકસાન તેં કર્યું જ નથી. આજ સુધી કોઈ જડ કે જીવે કિંચિત્માત્ર તને લાભ કે નુકસાન કર્યું જ નથી. આજ સુધી તેં સતત તારા માટે એકલો નુકસાનનો જ ધંધો કર્યો છે અને સાચી સમજણ નહિં કરે ત્યાં સુધી તે ધંધો ચાલશે જ. તે નુકસાન તારી ક્ષણિક અવસ્થા(પર્યાય)માં જ થયું છે, તારી વસ્તુ(જીવદ્રવ્ય)માં નથી થયું. તારી ચૈતન્યવસ્તુ ધ્રુવ-અવિનાશી છે, માટે ધ્રુવસ્વભાવ તરફ લક્ષ (દ્રષ્ટિ) દે, તો શુદ્ધતા પ્રગટે તથા નુકશાન ટળે.

સાહેબજી! આપે અનુભવો ટાંક્યા, સંકલ્પો કર્યા અને ઉંમર પ્રમાણે નિજ આત્માને શિખામણો પણ આપી. અત્યારે એ વાંચતા અમને થાય છે કે આપ સામાન્યથી અસામાન્ય ભૂમિકાને સ્પર્શ્યા, તેમાં આપની અસ્ખલિત આંતરજાગૃતિ જ કારણરૂપ ગણાય. બસ, સાહેબજી અમારા જીવનમાં પણ આવી આંતરજાગૃતિ આવે તેવા આપના અંતરના આશિષ સદા અમારા ઉપર વરસતા રહો.

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથનો રજમો ભાગ આજે પ્રકટ થઈ રહ્યો છે, તેમાં અમારા મુંબઈના શ્રાવકરત્ન **સી.કે.મહેતા**ની અકલ્પનીય સાતત્યપૂર્ણ આર્થિક ઉદારતા અને રાજકોટના સુશ્રાવક શશીકાંતભાઈના પુત્રવધૂ **ભારતીબેન દિપકભાઈ મહેતા**નો અથાગ - અનવરત પરિશ્રમ છે. ટૂંકા સમયમાં જે રીતે આ અક્ષયપાત્રોનાં વૉલ્યુમોની હારમાળા નૂતન સ્વરૂપે ઘડાઈ રહી છે, તેનો અંતરમાં અસીમ આનંદ છે.

આત્મોપયોગી એવા આ અદ્‌ભૂત પદાર્થોને પામીને - જીવનમાં ઉતારીને આપણે સૌ પણ સાહેબજીની જેમ આજીવન આત્મલક્ષી બનીએ, એ જ અભ્યર્થના.

ઑક્ટોબર, ૨૦૧૯
**પેલેસ ઉપાશ્રય, જામનગર**

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

# ગુરુગાથા અર્થે
# બારાક્ષરી મોટી કરીશ કેમ!



મારી ત્રીજી પેઢી ક્યારેક પૂછે છે મનેઃ ‘‘દાદાજી, એવા તો કેવા તમારા પૂણ્યપ્રભાવી ગુરુ મહારાજ હતા કે તેમનું નામ લેતા મુખ ઉપર પ્રસન્નતા મિશ્રિત અહોભાવ પથરાઈ જાય છે અને લખાણ વાંચતા તો તમારી આંખો પણ ભીની થઈ જાય છે?’’

મુંઝાઉં છું કે કયા શબ્દોમાં હું તેઓને મારા ગુરુ મહારાજના ગુણોનું વર્ણન કરું? શું હું એમ કહું કે આજાનબાહુ કાયા, તેજભર્યું મુખ, પ્રસન્ન ચિત્ત, અવિકારી આંખો અને નિર્દંભ વ્યક્તિત્વ સાથે મનુષ્યનું નૈતિક એવં આધ્યાત્મિક સ્તર વધુમાં વધુ કેટલું ઉન્નત હોઈ શકે, તે દર્શાવવા જ જાણે તેઓ અહીં આવેલા? શું એમ કહું કે વિચાર-વચન-આચરણમાં ઐક્યતા, પ્રકાંડ ભાષાવિદ્વત્તા, નૈતિક મહામાનવતા, ઉત્કૃષ્ટ દૂરંદ્રષ્ટાપણું તથા મૌલિક ચિંતકપણું એ આદર્શતમ ગુરુના ગુણો કહેવાય, જેનું અસ્તિત્વ વિશ્વમાનવ જેવું નહીં, કિન્તુ એક સામાન્ય માનવ સમું હોય સહજ, તે વિશ્વને શીખવવા તેઓએ જીવનસાધના કરેલ?

મનુષ્ય જીવનનું એવું એક્કે ય પાસું બચ્યું નહીં હોય, જેની ઉપર મારા ગુરુ મહારાજે ચિંતન- મનન, સંવર્ધન અને આચરણ કરી શાસન સમક્ષ મૂક્યું ન હોય! મારી ત્રીજી પેઢીને હવે સમજ પડી ગઈ છેઃ મૈત્રીના આ મહાસાધકના જીવનમૂલ્યોનું વર્ણન કરવા તો દાદાજીએ બારાક્ષરીને ય મોટી કરવી પડે! અસ્તુ.

ઑક્ટોબર, ૨૦૧૯
વડોદરા

સી. કે. મહેતા

શ્રી શત્રુંજયા આદિનાથાય નમ:



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમ:





સરસ્વતિ નમસ્તુભ્યં વરદે કામરૂપિણિ ।
વિદ્યારમ્ભં કરિષ્યામિ સિદ્ધિર્ભવતુ મે સદા ॥

*Tapagatchha Jain Upashraya,*
*45 Digvijay plot, Jamnagar, Saurashtra.*
*from June 1964 to October 1964*

સં. ૨૦૨૦ના જેઠ સુ. ૧૩

૦ શ્રી શ્રીપાળરાજાના રાસમાં કહ્યું છે કે:

'કાયા વશ કરી રાખીએ, વચન વિચારી બોલ,
ધર્મધ્યાન મનશું ધરી, રાખો મન અડોલ.'

અર્થાત્: આ માટીની કાયા વશ રાખવાથી કામ જીતાય છે, મુખથી વચન વિચારીને બોલવાથી ક્રોધ જીતાય છે અને મનને ધર્મધ્યાનમાં અડોલ રાખવાથી લોભ જીતાય છે. કામ-ક્રોધ-લોભને વશ રાખવાથી ધર્મ ફળીભૂત થાય છે. કામને રહેવાનું સ્થાન કાયા, ક્રોધનું સ્થાન વચન તથા સૌથી આકરા કષાય લોભને રહેવાનું સ્થાન મન છે. શ્રી નમસ્કાર મહામંત્ર જાપથી વિષય-કષાય દૂર થઈ મન સ્થિર ને અડોલ બને છે. બ્રહ્માંડના સર્વ સત્ત્વોને ઉદ્ઘાટીત કરતો આ મંત્ર સર્વજ્ઞતા સુધીની ભેટ આપે.

આવો, સૌ નવકારમંત્રને ગહનતે સત્ત્વના આ સુવર્ણકળશનું ઢાંકણ ખોલીએ. નવકારમહામંત્રની સાધના આકુરજીવનથી શરૂ થઈ સૌમાં પરબ્રહ્મ પ્રગટ કરશે જ.

સં-2020, અષાડ સુ-13, બુધવાર
જામનગર, દિગ્વિજય પ્લોટ.

'મને જે મળે છે, તે ઈશ્વર મળે છે.'
એ સિદ્ધાંત ભલે સાચો હોય પણ 'તે પ્રભુ મોકલે છે'
એ વિચાર કરવો એ પ્રેમ છે, ભક્તિ છે, પવિત્ર છે
અને એ જ સાચું જીવનદર્શન છે.

ભારતના લોકો પ્રભુસ્પર્શી વસ્તુ આગળ નતમસ્તક થાય છે.

0 અ = પૃથ્વી, ઉ = અંતરિક્ષ, મ = સ્વર્ગ.

આ જગતમાં સુખી થવાના બે જ માર્ગ છે.
સ્વમાંથી મમત્વનો ત્યાગ અને સર્વમાં મમત્વનો ભાવ.
સર્વમાં મારાપણું = પ્રભુને સર્વસમર્પણ, સર્વકર્મફળનો ત્યાગ.

'જાનિયે તબ હી જીવ જગ જાગા,
જબ સબ વિષય વિલાસ વિરાગા.'

સંસારસાગર તરવાના બે ઉપાય: બ્રહ્મચર્ય અને ભક્તિ.

દુર્યોધનને જગતમાં કોઈ સંત ન દેખાયો, બધા જ દુર્જન દેખાયા.
યુધિષ્ઠિરને દુનિયામાં કોઈ દુર્જન ન દેખાયો,
બધા જ તેમને મન સજ્જન લાગ્યા.

0 તત્વજ્ઞાન વિશ્વ-વિશ્વથી ઉપરનું જ્ઞાન આપે છે,
વિજ્ઞાન માત્ર વિશ્વનું જ જ્ઞાન આપે છે.

વિષય ઇંદ્રિયસ્પર્શી છે. વિષયી મનોસ્પર્શી, સ્વસંવેદ્ય છે.
ભોગમાં 'સામેવાળો મારા માટે છે' એવી ભાવના છે.
ભક્તિમાં 'હું સામેવાળા માટે છું' એવી ભલી ભાવના છે.
એકમાં માગણી છે, બીજામાં લાગણી છે.

પાંચ વિષયો પ્રત્યે વિરાગ અને ત્યાગના અભાવમાં
જેમ અજ્ઞાન અને અવિરતિજન્ય આસ્રવ રહેલો છે,
તેમ જીવો પ્રત્યે મૈત્રી અને કરુણાના અભાવમાં
મિથ્યાત્વ અને અજ્ઞાનજન્ય આસ્રવ રહેલો છે.
નમો અરિહંતાણંમાં અરિહંતોની કરુણાને નમસ્કાર છે.
કરુણાના અભાવમાં દુઃખ અને દુષ્કૃત્યની અનુમોદના છે.
સુખ અને સુકૃત ઉપેક્ષા છે.
ભક્તિના અભાવમાં સુખ અને સુકૃત્યની ગર્હા અને
દુઃખ અને દુષ્કૃતની અનુમોદના છે.
ભક્તિનો અભાવ ગુણદ્વેષનો સૂચક છે.
કરુણાનો અભાવ પાપરાગને સૂચવે છે.
પાપના બધા દોષો પાપરાગથી ટકેલા છે.
ધર્મના બધા ગુણો દ્વેષથી અવરાઈ જાય છે.
કરુણાના અભાવમાં દુષ્કૃતની અનુમોદના છુપાયેલી છે.
ભક્તિના અભાવમાં સુકૃતની ગર્હા (ઉપેક્ષા) છુપાયેલી છે.

o જૈનધર્મમાં માત્ર એવા જ વ્યક્તિને ગુરુ તરીકે ગણવામાં આવે છે કે જે મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ સાથે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ જેવા પાંચ વ્રત તથા ક્ષમા, નિરભિમાનિતા, તૃષ્ણાત્યાગ, તપ વગેરે શ્રમણધર્મનું પાલન કરતી હોય. 'ગુરુ' શબ્દના બે અર્થ થાય છે: અજ્ઞાનનો, પાપનો કે અનિષ્ટનો નાશ કરનાર અને આપણાથી મોટી વ્યક્તિ-પછી તે માતા-પિતા હોય, અધ્યાપક હોય, ધર્મ અને તત્ત્વજ્ઞાન દ્વારા ઈશ્વરાભિમુખ કરનાર હોય કે સ્વયં ઈશ્વર હોય, તે બધા જુદાજુદા પ્રકારે ગુરુના સ્થાને છે. વાત્સલ્યતારહિત વીતરાગતામાં કૃતજ્ઞતા અને કર્તવ્ય-પરાયણતા જન્મતા ન હોવાના કારણે આભાર (પ્રકૃતિનો દબાવ-અટકાવ-નિર્જરા), ભય અને સ્વભાવથી કૃતજ્ઞતા કે કર્તવ્યપરાયણતાનો પાઠ ભણવવામાં જ ભવ્યાત્માઓની ભવ્યતા છે. કર્તવ્યપરાયણતા અને કૃતજ્ઞતા શીખવા અને સૌને શીખવવા માટેનું કલામંદિર આ સંસાર છે. જીવનું નિગોદથી ઉત્થાન થવામાં જ કૃતજ્ઞતા ગુણ - તેની આવશ્યકતાનો પ્રારંભ થાય છે, કેમકે એક સિદ્ધના અનુગ્રહથી નિગોદના જીવનું ઉત્થાન થાય છે. એ માટે

નમ્રતા ગુણના ફલસ્વરૂપ વાત્સલ્યતાદિ પ્રાણીમાત્રને કર્તવ્યપરાયણ થવાનો બોધપાઠ મળે છે, તેમ જીવમાત્રને કર્તવ્યપરાયણ થવું નિતાંત આવશ્યક અને અપરિહાર્ય છે. કર્તવ્યપરાયણતાનું બીજ નમ્રતા અને નમ્રતાનું પ્રેરક વાત્સલ્યતા છે. એ રીતે વાત્સલ્યતા, નમ્રતા અને કર્તવ્યપરાયણતા અન્યોન્ય સાથે પરસ્પર સંબંધિત છે. 'ધર્મ આજ્ઞાદિ પ્રતિબદ્ધ છે.' એ વાક્યનો અર્થ છે કે: ધર્મ કરનાર તીર્થંકરો પણ આજ્ઞાકારક ત્યારે જ બને છે કે જ્યારે તેઓ પૂર્વે આજ્ઞાપાલક બન્યા હોય છે.

Obedience alone gives
the right to command.

'આજ્ઞાકારક તથા આજ્ઞાપાલક - ઉભય આજ્ઞાપ્રતિબદ્ધ છે'. એનો એક અર્થ એ છે કે ધર્મમાં નમસ્કાર મુખ્ય છે.

ધર્મ પણ નમસ્કારથી જ બંધાયેલો છે.

આજ્ઞાપાલન બે પ્રકારે: દ્રવ્યથી અને ભાવથી. ભાવથી બહુમાનપૂર્વક અને દ્રવ્યથી અબહુમાનપૂર્વક. એકમાં આજ્ઞાકારકનું બહુમાન, બીજામાં આજ્ઞાપાલકનું અભિમાન છે.

When difficulties beseige you, know
that the divine grace is with you.

## દ્રવ્ય - ભાવ - સ્તવ

ભગવાનની પૂજા દ્રવ્યસ્તવરૂપ છે,
પ્રભુનું આજ્ઞાપાલન ભાવસ્તવરૂપ છે.
બંને વચ્ચે સર્ષપ-મેરુ જેટલું અંતર છે.
દ્રવ્યસ્તવ ચાંદીનો દાંડો અને સોનાની આંખ છે.
ભાવસ્તવ એ સોનાનો દાંડો અને ચાંદીની આંખ છે.
પૂજા પણ તેના અધિકારીને કથંચિત્ આજ્ઞાપાલનરૂપ છે,
તેથી તે પણ પરંપરાએ મુક્તિફલ પ્રદાયક છે.
ત્રિકરણ શુદ્ધિથી આરાધેલી આજ્ઞા મોક્ષ માટે થાય છે અને
અજ્ઞાન-પ્રમાદાદિથી વિરાધેલી આજ્ઞા ભવસંસાર માટે છે.
આશ્રવ=આત્મામાં પાપનું આવવું. આશ્રવ અનેકવિધ હોય.
કષાય, વિષય, દુષ્ટ યોગ, પ્રમાદ, અવિરતિ, મિથ્યાત્વ
અને આર્તરૌદ્રધ્યાન એ કર્મ આશ્રવનાં દ્વાર છે.
તે બધા ત્રણ કરણ તથા ત્રણ યોગ વડે ત્યાજ્ય છે.
તેનાથી વિપક્ષરૂપ એવો સંવર,
જે ત્રણ કરણ અને ત્રણ યોગ વડે સ્વીકાર્ય છે,
તે અનુક્રમે નીચે મુજબ છે:
ક્ષમા, માર્દવ, આર્જવ, સંતોષ, સંયમ,
ગુપ્તિત્રય, અપ્રમાદ, વિરતિ, સમ્યક્ત્વ અને શુભધ્યાન.

Education is that which remains after one has forgotton everything he learned in the school. - Einstein

you can't get something from nothing.
you cannot break the law
without punishment.
The good you do returns to you
in some way with certainty.

Lay up for yourselves treasures in heaven, where neither moth nor rust doth consume and where thieves do not break through nor steal. Then give to the world the best you have and the best will come back to you.

o A subtle point of the law is that,
if we are giving with
an eye to receiving from the recipient,
we are not really fulfilling
the requirement of giving.

મનુષ્યમાં સદ્વિચાર, સારી ઇચ્છાઓ કે સારા સંકલ્પો પણ જો ન કરવામાં આવે તો સાધનાના સુંદર ક્રિયામાં દરિદ્રતા અને ઐશ્વર્ય- એમ બંને અંતરાયરૂપ થઈ પડે છે.

## દોષદૃષ્ટિ અને ગુણદૃષ્ટિ

લોકસંજ્ઞા = લોકનું કાર્ય હું કરી રહ્યો છું એવી સંજ્ઞા. આમ 'લોકસંજ્ઞા' એટલે સામાન્ય લોક વિષે આદર. ધર્મસંજ્ઞા = લોકકાર્ય ધર્મ વડે થાય છે એવું સંભાન. આમ 'ધર્મસંજ્ઞા' એટલે ધર્મનું સમ્યગ્ભાન, ધર્મ પ્રતિ આદર. લોકોના હૃદયમાં પ્રવેશ કરવો હોય તો તેના ગુણ જોવાથી થાય, આપણો ગુણ બતાવવાથી નહિ. આપણને મનુષ્ય ગુણદૃષ્ટિથી જોતો પોતાના કુટુંબી જ પ્રિય લાગે છે, તેમ સાથી પણ ગુણદૃષ્ટિથી જુઓ. પરસ્પરનો પ્રેમ જાળવવા માટે પરસ્પરનો ગુણ જોવાની દૃષ્ટિ કેળવવી જોઈએ. અન્યનો દોષ જોવાથી તો મનમાં સંઘર્ષ જ જન્મે છે. દોષમાં દીક્ષિત દોષવાન નહિ પણ બાળ કુટુંબોનો દબાવ પણ છે, તેથી કોઈના પણ દોષ જોવા એ મોટો દોષ છે.

સંઘે શક્તિઃ કલૌ યુગે। અર્થાત્ઃ કલિયુગમાં શક્તિ સંઘમાં છે.

o ડૉક્ટર કડવી દવા આપે તો ય આપણે એમાં ખાંડ કે પાણી ઉમેરતા નથી કે દવાને ગટરમાં ઢોળી દેતા નથી, પણ

વિશ્વાસ રાખી કે દવા પી જઈએ છીએ. મટાડી ન શકાય એવા કેટલાક શારીરિક રોગો અને માનસિક ઉપાધિઓ એ ઈશ્વરે આપણને આપેલી કડવી દવાઓ જ સમજવાની છે અને તેમને હસતે મુખે સહન કરવાની છે. દુઃખ એ તો કડવી દવા છે, જે વડે તમારી અંદર વસતો વૈદ્ય તમારા જ માંદા આત્માને સાજો કરે છે.

એ વૈદ્ય ઉપર વિશ્વાસ રાખો અને
એના ઔષધને મૂંગે મોઢે અને શાંત ચિત્તે પી જાઓ.

<u>ખલિલ જિબ્રાન કહે છે કે:</u>

તમારામાંનો જ અત્યંત પવિત્ર અને મહાત્મા પુરુષ પણ તમારા દરેકની અંદર રહેલી વિશુદ્ધ વસ્તુ (આત્મા)થી વધારે શ્રેષ્ઠ થઈ શકતો નથી, તેમ અત્યંત દુષ્ટ અને પતિત પણ તમારી અંદર વસતી પામરતાથી વધારે નિકૃષ્ટ થઈ શકે નહિ.

o મંદિરના શિખરમાં રહેલો પત્થર
તેના પાયામાં રહેલા પત્થર કરતાં ચડિયાતો નથી.

લાગણી અંધ છે, બુદ્ધિ પંગુ છે.
બુદ્ધિને માથે ચઢાવી લાગણી ઇષ્ટ સ્થાને પહોંચી શકે છે.
લાગણીને બુદ્ધિથી દોરો અને બુદ્ધિને લાગણીથી રંગો.
બુદ્ધિ અને લાગણીને સમાન સ્થાન આપો.

બુદ્ધિમાં શાંતિ સ્થિર અને લાગણીમાં સંચાર કરો.
બુદ્ધિ = વિવેક, લાગણી = રસ.

o આત્મા એક અસીમ અને અભેદ સમુદ્ર છે.

o 'પ્રાણનો' સરળ અનંત ચિદાકાશમાં વ્યાપ.

o 'મને સત્ય જડ્યું છે' એમ ન કહો પણ
'મને એક સત્ય જડ્યું છે' એમ કહો.

o ગઈકાલ એ માત્ર આજની યાદગીરી છે અને
આવતીકાલ એ આજનું સ્વપ્ન છે.
વર્તમાનકાળ એ ભૂતકાળને સ્મૃતિ અને
ભવિષ્યકાળને આશાથી ભેટેલો રહે છે.

o

Can we see God? yes, we can see him in his works, in his manifestation. He pervades all. There is no place where he is not present. Every object is none other than Him. - Ramdas

The intellect excists only to know that you do not know anything.

The positive aspect is bliss,
the negative is peace.

માનવ વ્યવહારમાં કશું જ સ્થિર નથી.

આત્મશાસનથી માનવ મન વિકસે છે, રાજ્યશાસનથી નહિ.

આત્મશાસન મોટું તપ છે.

પુરુષમાત્રમાં આત્મશ્રદ્ધાનો અંશ તો હોય જ છે, પરન્તુ સાચા જ્ઞાનને અભાવે, શ્રદ્ધા પણ સૌ સૌના અંતઃકરણને અનુરૂપ બની જાય છે. પછી તો જેવી તેની શ્રદ્ધા હોય એવો તેનો આત્મા. સાત્ત્વિક શ્રદ્ધાવાળા પુરુષને સમગ્ર જગત પ્રભુમય લાગે છે, જ્યારે રાજસ અને તામસ પ્રકૃતિવાળા પુરુષોમાં શ્રદ્ધા તો હોય છે, પરંતુ તેઓ શ્રદ્ધાનો બહુધા સ્વાર્થાચરણમાં જ ઉપયોગ કરતાં હોય છે.

સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ભારત ।
શ્રદ્ધામયોઽયં પુરુષો યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ॥૩॥
- અ. ૧૭ શ્લોક-૩ ભગવદ્ગીતા (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

સાક્ષાત્ ધર્મસ્ય લક્ષણમ્ ।
ધર્મશાસ્ત્રોની આજ્ઞાનું પાલન કરવું,
આજ્ઞા પાળતા હોય તેને અનુસરવું,
સદાચારમાં મગ્ન રહેવું અને
મનની રુચિને શ્રદ્ધામય બનાવી આત્મકલ્યાણ કરવું,
એ ચાર બાબતો ધર્મનાં સાચાં લક્ષણો છે.

પોતાના અધઃપતનની જવાબદારી બીજાને સોંપી પોતે જવાબદારીથી મુક્ત થવા પ્રયત્ન કરે એ મહાન પાપ છે. પોતાની ઉન્નતિનો યશ પોતા સિવાય બીજા પર છે અને અવનતિનો દોષ બીજા ઉપર નહિ પણ પોતા ઉપર છે,

એટલું સમજાવે તે સાચું તત્ત્વજ્ઞાન છે.

બીજા કોઈને અત્તર આપવામાં તમને પણ અત્તરની સુગંધ મળશે, એ રીતે બીજાનું જીવન સુધારવા પ્રયત્ન કરશો તો એ સુધારો પોતાના જીવનમાં પણ આવશે જ.

વ્રત, નિયમ કે તપ એ સર્વ આગ્રહ, નિગ્રહ અને આત્મ-શાસનનું બીજું નામ છે. આગ્રહ અને નિગ્રહથી, વ્રત અને નિયમથી, તપ અને ત્યાગથી મનનું બળ વધે છે. જ્યાં સુધી બંધન ન આવે, ત્યાં સુધી વિકાસ ન થાય.

વૃક્ષ બંધનથી જ વિકસે છે નદી,

સિતારના તાર બંધનથી જ મધુર સ્વર કરે છે.

o મનુષ્યનાં સુખનું એક દ્વાર બંધ થતાંની સાથે જ બીજું ખુલા જાય છે, પરન્તુ ઘણીવાર એ બંધ દરવાજાની સામે ખાનાટો સુધી આપણે તાકી રહીએ છીએ અને પરિણામે બીજા દ્વાર ઉઘડે ખુલ્યાં તેનું ભાન સુદ્ધાં પણ આપણને રહેતું નથી. - કુ. હેલન કેલર

o શ્રી જિનદર્શનની અનુપમ સામગ્રી એ જૈનશાસનની જયપતાકા, સંઘનું ગૌરવ, નગરની શોભા તથા જગતનું કલ્યાણકારક અતિ અદ્‌ભુત અને અપૂર્વ સાધન છે.

પ્રભુની મુદ્રાના દર્શનથી:

(a) સ્વામીની મહત્તાનું ભાન થઈ સ્વામીના ગુણો સાંભરે છે.
(b) સ્વામીના જેવા ગુણો આપણામાં છે, એવી ઓળખાણ થાય.
(c) ઓળખાણ થતાંવેંત પરમાત્મા પ્રત્યે બહુમાન અને અંદરના આત્મગુણો પ્રગટ કરવાની રૂચિ પ્રગટ થાય છે.
(d) એ રૂચિ અનાદિકાલીન પાંચ વિષયોની તૃષ્ણા અને ધનની તૃષ્ણાને ધક્કો મારીને અંશે અંશે ઓછી કરે છે.
(e) જીવ જે જે શક્તિઓ અવળે માર્ગે જઈ રહી હતી, તે દરેક શક્તિઓ સાચા માર્ગમાં ફરી પરત આવે છે.
(f) જીવ સમજણપૂર્વક અને રૂચિપૂર્વક આપણાથી થતાં આચરણની શુદ્ધિમાં આવાય છે અને અનાદિકાળથી દબાઈ ગયેલા આપણા સ્વગુણોનો આવિર્ભાવ થાય છે.
(g) આ બધાનું મૂળ કારણ જિનદર્શન છે. પરમાત્માના શાસનમાં જીવ જ શ્રી જિનપ્રતિમાના દર્શન, પૂજન, ઉત્સવો વગેરે સમકિતની પ્રાપ્તિ તથા શુદ્ધિનાં કારણરૂપ કહેલ છે. એના આલંબને અનંતા ભવ્યજીવો ભવસાગર તરી ગયા છે.

પ્રત્યેતિ ચત્તારિ મંગલમ્ । શ્રદ્દધાતિ ચત્તારિ લોગુત્તમા ।
સ્પૃશતિ ચત્તારિ સરણં પવજ્જામિ । (પરિશિષ્ટ-૨)

'જગતના પાપ - દુઃખ દૂર થાઓ' એવો ભાવ ન હોય તો ઉપર્યુક્ત ન્યાય મુજબ અનુમતિના દોષનો સંભવ છે. 'જગતના સર્વ જીવો મુક્તિ પામો' એવો અને 'મુક્તિ ન પામો' એવો ભાવ પણ ન હોય તો 'ન નિષિદ્ધ અનુમતં' = નિષેધ ન કર્યો તે અનુમતિ ગણાય છે, તે ન્યાયે જીવોની અમુક્તિ અને મુક્તિ તેને ઇષ્ટ છે એમ નક્કી થાય.

આ રીતે જીવો પ્રત્યે મૈત્રીના બે પ્રકાર બને છે:

એક તો સીધો હિતચિન્તાનો ભાવ અને

બીજો હિતચિંતાના ભાવથી વિરુદ્ધ ભાવનો અભાવ.

'જીવોનું હિત થાઓ' એવા ભાવનો વિરોધભાવ જેને ન હોય એને પણ મનથી હિતભાવનું કથંચિત્ અનુમોદન છે, એમ માનવું જોઈએ. પરહિતચિન્તાનો અધ્યવસાય ન હોય તેને પણ જો તે અધ્યવસાયના વિરોધનો ભાવ ન હોય તો તે 'ન નિષિદ્ધ અનુમતં'ના ન્યાય દ્વારા કથંચિત્ મૈત્રીના ભાવવાળો કહી શકાય. મૈત્રીને તે ખરાબ માનતો નથી.

એ અંશમાં તેનામાં ઉદારદયબુદ્ધિ છે.

વિરોધ ન હોવો અને સત્કાર હોવો એ બે પદાર્થ એક નથી.

ત્રિકરણ યોગે જેને વિરોધ ન હોય તેનામાં વિરોધ કરવારૂપે,
કરાવવારૂપે અથવા અનુમોદવારૂપે પણ ન હોવો જોઈએ.
જેને સત્કાર ન હોય તે વિરોધ કરશે નહિ પણ કરાવવા અને
અનુમોદવારૂપે પણ વિરોધનો અભાવ હશે નહિ (ચિંતનીય).

સર્વજીવોમાં રહેલો ભગવદ્ભાવ જોવાથી જ
સંતપણું અને પરમ સંતપણું પ્રગટી શકે છે.

નમો અરિહંતાણં - એ પદ સૂર્યનાડી વખતે જપવાથી
શત્રુને હણનાર, ચંદ્રનાડી વખતે જપવાથી ત્રિભુવનપૂજ્યતા,
સુષુમ્ણાનાડી વખતે જપવાથી આત્માની અભેદતા મળે છે.
એ રીતે અર્થભાવના થઈ શકે છે.

સં. 2020, શ્રાવણ સુદ 3, સોમવાર

ગાંધીજી કહે છે: સુખ અને દુઃખ બંને ઈશ્વરદત્ત છે.
સરળ આવો, એ બંનેનો આપણે
શાંતિપૂર્વક અને એક જ ભાવથી સ્વીકાર કરીએ.
પ્રેમ વિના દયા ન જન્મે, ન સંભવે, ન ટકે.
પ્રેમ સરળ ઈશ્વરીય ભાવે ચાલવું.
તપ અને સત્ય વિના ઈશ્વરીય પ્રેમની સંભાવના નથી.
સત્યાન્નાસ્તિ પરોધર્મઃ। અર્થાત્ઃ સત્યથી શ્રેષ્ઠ કોઈ ધર્મ નથી.
સત્ય એ જ પરમ ધર્મ છે. સત્ય એ જ પરમેશ્વર છે.

જીવનનું મૂળ ધર્મ છે અને એ ધર્મનું મૂળ ઈશ્વર છે. જેમ વૃક્ષોના પાંદડાનું પોષણ મૂળ વડે થાય છે, તેમ માનવપાંદડાનું પોષણ પણ ઈશ્વરરૂપી મૂળ વડે થાય છે. નિજદયાનું શિક્ષણ સિદ્ધપદ આપે તથા પરદયાનું શિક્ષણ અરિહંત પદવી મળે છે. બંને મળીને પૂર્ણ ધર્મ બને છે.

૦ જાતનું કલ્યાણ જાતિના કલ્યાણની અપેક્ષા રાખે છે. દેહનું કલ્યાણ દેહીના કલ્યાણની અપેક્ષા રાખે છે.

૦ રુચિ - અનુયાયી - વીર્ય, એ ન્યાય મુજબ વીર્ય પ્રગટાવવા માટે રુચિ અનિવાર્ય અને રુચિ પ્રગટાવવા માટે જે વસ્તુ ઉપર રુચિ પ્રગટાવવી છે, તે વસ્તુનું મહત્ત્વ બુદ્ધિ ઉપર પુનઃપુનઃ સ્થાપન કરવું, તે અગત્યનું છે. તેને જ જૈન શબ્દોમાં 'ભાવના' કહેવામાં આવે છે. ભાવ્યતે વસ્તુ તત્ત્વમનેન પુનઃપુનઃ ઇતિ ભાવના । જીવાદિ તત્ત્વોનો બોધ થયા પછી તેના હેયોપાદેય રૂપે પુનઃપુનઃ ભાવના કરવામાં ન આવે તો રુચિ પ્રગટે કેવી રીતે?

તેથી ધર્મસાધનામાં જ્ઞાનના માહાત્મ્યની સાથે
ભાવનાનું પણ માહાત્મ્ય ઘણું દર્શાવ્યું છે.
મનુષ્ય એ વિચારની કૃતિ છે,
જેવો તે વિચાર કરે છે, તેવો તે બને છે.

સંત હૃદય નવનીત સમાના, કહા કવિને પૈ કહું ન જાના,
નિજ પરિતાપ દ્રવે નવનીતા, પરદુઃખ દ્રવે સુસંત પુનીતા.
પરહિતસરિસ ધર્મ નહીં ભાઈ, પરપીડા સમ નહીં અધમાઈ.

દયા, ભાઈચારા, કરૂણા, આત્મીયતા અને મૈત્રી એ
પ્રેમના ઉદ્ભવના સિદ્ધાંતો છે.

તેથી પ્રેમ તો ભરાય પણ પરાયા પણ ભરાય છે.
'ભક્તિ' એટલે ભગવાનમાં પરમ પ્રેમ પ્રગટ થવો.
ભક્તિ પરમસાધન અને પરમયોગથી પણ ચઢી જાય છે.
કર્મનું ફળ સંપત્તિ છે, જ્ઞાનનું ફળ મોક્ષ છે,
યોગનું ફળ સમાધિ છે, પણ ભક્તિનું ફળ ભક્તિ જ છે.
ભક્તિમાં જ માત્ર ભગવાનમાં સમાઈ જવાનો ભાવ છે;

| સમુત્થાન | વાચના | લબ્ધિ |
| --- | --- | --- |
| દેહ - આસન ↓ | શ્રવણ - ઉચ્ચારણ ↓ | બુદ્ધિ - અર્થભાવન ↓ |
| નૈગમાદિ નય | ઋજુસૂત્ર નય | શબ્દાદિ નય |

અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાય - સાધુ
अआ - इईउऊ - एऐ - ओऔ - अंअः

મોક્ષમાર્ગ એટલે...

On the road to perfection, each human soul must pass it with sincerity.

## ધર્મરત્નને યોગ્ય બનવા શું જોઈએ?

ભદ્રક પરિણતિના ૮ ગુણ

અક્ષુદ્રતા, મધ્યસ્થતા, પ્રકૃતિસૌમ્યતા, અક્રૂરતા,
દયાળુતા, દાક્ષિણ્યતા, વૃદ્ધાનુસારિતા, વિનીતતા.

વિશેષ નિપુણમતિના ૬ ગુણ

પંચેન્દ્રિય પૂર્ણતા, દીર્ઘદર્શિતા, વિશેષજ્ઞતા,
કૃતજ્ઞતા, પરહિતાર્થકારિતા, લબ્ધલક્ષ્યતા.

ન્યાયમાર્ગરતિના ૫ ગુણ

અશઠતા, ભીરુતા, લજ્જાળુતા, ગુણરાગીતા, સત્કથનતા.

દૃઢ નિજ વચન સ્થિતિના ૨ ગુણ

સુપક્ષયુક્તતા અને જનપ્રિયતા.

o 'સમ્યક્ત્વ' એટલે તત્ત્વરુચિ, તત્ત્વસ્નેહ, તત્ત્વરસ.
જ્યાં સ્નેહ ત્યાં વિશ્વાસ, જ્યાં વિશ્વાસ ત્યાં સ્નેહ.
શ્રદ્ધા કોઈ વસ્તુ ઉપર હોય છે.
આત્માનો કોઈક અંશ કોઈક છે,
તેના ઉપર ધ્યાન આપવાથી વિશ્વાસ કે શ્રદ્ધા જાગે છે.
ધર્મનું મૂળ જ નવતત્ત્વ ઉપરનો સ્નેહ છે અને
એ સ્નેહ જ ઉત્કૃષ્ટ મંગળ છે.
સંયમ, તપ કે અહિંસાનું મૂળ પણ તે જ છે.

## નમો લોએ મંગલં |

લોકમાં મંગળભૂત વસ્તુ હોય તો તે જીવત્વનો સ્નેહ છે અને તેથી જ તે નમસ્કરણીય, આદરણીય, પૂજનીય છે. [illegible] તે સ્નેહને love for the truth કહે છે. અગુણત્વાત્ | અહીં 'ગુણ' એટલે તત્ત્વ પ્રત્યે સ્નેહ તે. શાસ્ત્રોક્તગુણોથી રહિત હોય તે સાચો સાધુ ન કહેવાય. પ્રેમમાં આત્મસમર્પણ, જ્યારે રાગમાં મિશ્રિતતા છે. ધર્મની ૧૨ પત્નીઓ: શ્રદ્ધા, દયા, મૈત્રી, શાંતિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, સ્મૃતિ, તિતિક્ષા અને મૂર્તિ.

તેની સાથે લગ્ન કરવાથી પ્રભુ મળે છે.

મા કાર્ષીત્ કોઽપિ પાપાનિ | અર્થાત્:

'કોઈપણ જીવ પાપ ન કરો' એવી બુદ્ધિ ન જાગે, ત્યાં સુધી પરકૃત પાપોની અનુમોદનાનો અંશ જીવને અનાદિ અવિરતિ અને મિથ્યાત્વના અભ્યાસથી આવ્યા કરે છે. તેને રોકવાને માટે તથા 'મા ચ ભૂત્કોઽપિ દુઃખિતઃ|' 'કોઈપણ જીવ દુઃખી ન થાઓ' એવી બુદ્ધિ પણ ન જાગે, ત્યાં સુધી દુઃખી જીવોના દુઃખની અનુમોદનાનો પરિણામ સતત ચાલ્યા કરે છે. તેનાથી બચવા માટે મૈત્રીભાવથી એટલે પરહિતચિન્તાના પરિણામથી ભાવિત થવાની જરૂર છે.

'કોઈપણ જીવ દુઃખી ન થાઓ' અને
'કોઈપણ જીવ પાપ ન કરો' એ જાતિની બુદ્ધિ મૈત્રી છે.
એ મૈત્રીના પરિણામ વિના મિથ્યાત્વપણું, અમૈત્રીપણું,
અવ્રતપણું અટકાવ રોકાતો નથી. ન નિષિદ્ધં અનુમતં।
એ ન્યાયે પણ વિશ્વજંતુનાં પાપ અને દુઃખની અનુમોદના,
તેનો નિષેધ ન કરવાના પરિણામે સતત ચાલ્યા કરે છે,
તેને અટકાવવા માટે જ મૈત્રીભાવની ખાસ જરૂર છે.

o દર્શનાચારના પ્રથમ અંગ આચાર કરણરૂપ છે.
પછીના અંગ આચાર કરાવણ અને અનુમોદનરૂપ છે.
સમ્યગ્દર્શનના આઠ આચાર ઉપરાંત ચાર ભાવ - મૈત્રી,
પ્રમોદ, કારુણ્ય તથા માધ્યસ્થભાવને પરસ્પર સંબંધ છે.
'પ્રત્યેક ધર્મક્રિયાને મૈત્ર્યાદિભાવ સંયુક્ત જોઈએ.' તેનો
અર્થ સમ્યગ્દર્શનના આઠ આચારસહિતનો ધર્મ જોઈએ.
નમ્રભાવ, અહોભાવ, સમ્યગ્દર્શન, પ્રભુભક્તિ, જીવમૈત્રી
આદિ એકબીજાથી સંકળાયેલા જ ભાવો છે.

o જીવનની અનિવાર્ય જરૂરિયાતોમાં થતી અપરિહાર્ય
હિંસાને પણ જો હિંસા માનીએ, તો પરિણામ ભયંકર
હિંસામાં આવે, વિશ્વનો વિનાશ થાય, સકલ વિશ્વનો
અંત આવે, તેથી અપરિહાર્ય હિંસા તે સ્વરૂપહિંસા છે,

દ્રવ્યહિંસા છે. તેમાં અયતના એ હેતુહિંસા તથા ભાવ-
હિંસા છે અને પરિણામે દુર્ગતિ એ અનુબંધહિંસા છે.
એ જ રીતે યતના એ ભાવઅહિંસા તથા હેતુઅહિંસા છે.
જીવનો અવધ એ સ્વરૂપઅહિંસા છે અને
સુગતિની પ્રાપ્તિ એ અનુબંધઅહિંસા છે.

0 તિત્થયરા મે પસીયંતુ। અર્થાત્: હે તીર્થંકરભગવંત!
આપ પ્રસાદ કરવામાં તત્પર થાઓ; સદા તોષવાળા થાઓ.
રાગ અને દ્વેષનો ક્ષય થવાથી
તીર્થંકરભગવંતો અહીં જીવોને યથાર્થ રીતે જાણનારા તથા
પોતાના અને પારકા આત્મામાં ઉપેક્ષિતાવાળા હોવાથી
તેઓ સજ્જનો દ્વારા સદા પૂજા કરવા યોગ્ય બને છે.
પૂજ્યા: ક્લેશક્ષયાદ્દેવ। ક્લેશ=કર્મના ક્ષયથી જ પૂજ્ય થાય છે.

0 જેમણે કૃતજ્ઞતા, પરોપકાર, દયા અને પ્રેમના
ગુણના પરિપાક વડે 'પુરુષોત્તમ' પદ પ્રાપ્ત કર્યું તથા
શૂરતા, વીરતા, ધીરતા અને ગંભીરતાદિ
ગુણોના પાલનથી જેમણે 'પુરુષસિંહ' નામ સાર્થક કર્યું,
તે શ્રી વીર પરમાત્માને કોટિ કોટિ વંદના હોજો.

પુરિસુત્તમાણં । નમોઽત્થુ । પુરિસ સિંહાણં । નમોઽત્થુ ।
પુરિસોત્તમાણં । નમોઽત્થુ । પુરિસ સિંહાણં । નમોઽત્થુ ।

## નમસ્કાર

નમસ્કારનો લાભ સર્વ પાપનો નાશ કરે છે,
પરન્તુ એ લાભ ઉત્પન્ન થાય છે શેમાંથી?
કૃતજ્ઞતાભાવમાંથી. એ કૃતજ્ઞતાભાવ શેમાંથી ઉપજે છે?
બીજાએ કરેલા ઉપકારના સ્મરણમાંથી.
એ ઉપકાર કરવાની શક્તિ બીજામાં રહેલી છે કે કેમ?
એ નિર્ણયના આધારે જ કૃતજ્ઞતા અને નમ્રતા ટકી શકે.
એ શક્તિ શુદ્ધાત્માઓમાં અવશ્ય રહેલી છે.
તેનું અવલંબન લેવામાત્રથી તે પોતાનું કાર્ય કરે છે. તે શક્તિ પ્રત્યે ઉદાસીન કે મધ્યસ્થ રહેવું તે પણ દુઃખદાયક બને છે. દુઃખ અને અસ્વસ્થતાનું મૂળ તે શક્તિનો અસ્વીકાર છે.

## ચૈતન્યની ભક્તિ

જાગ્રત અવસ્થામાં પણ આપણા આત્મસ્વરૂપના ભાન સાથે ગાઢ નિદ્રા જેવી એકરૂપતાની સ્થિતિ આપણે રાખી શકતા હોઈએ તો આપણને અખંડ આનંદ મળ્યા વિના રહેશે નહિ. ગાઢ નિદ્રામાં પ્રયત્ન વિના જ તે ભાન થાય છે, તેનું કારણ નિદ્રામાં ઇંદ્રિયો અને વિષયોનો અનુભવ નથી થતો - અહં પણ સુતું હોય છે. જાગૃતમાં દેહ, ઇંદ્રિયો, જગત અને અહંનું ભાન હોય છે. એ સર્વમાં દુઃખ આપનાર વસ્તુ કઈ?

આત્મા, દેહ, ઈંદ્રિયો, મન કે બુદ્ધિનો સીધો સંબંધ નહિ પણ
દેહ અને આત્માની વચ્ચે રહેલો 'હું'પણાનો સંબંધ છે
જેનું મૂળ અવિદ્યા અને ફળ રાગ-દ્વેષ, અભિનિવેશાદિ છે.
તે હુંપણું ભક્તિથી, ચૈતન્યને સમર્પણ કરવાથી જાય છે
એટલે સમગ્ર શાસ્ત્રોનો સાર ચૈતન્યની ભક્તિમાં રહેલો છે.

એટલે જ કહ્યું છે કે:

પ્રેમથી વાવો અને કૃતજ્ઞતાથી લણો.

ધ્વનિનો ધ્વનિ = અવાજમાં રહેલો લય.

કાનનો કાન = કાન પાછળ રહેલો ભગવાન.

आनन्दात् वै जायते અર્થાત્ આ (અનુભવ) આનંદથી થાય છે.

In freedom it arises, in freedom it rests & into freedom it melts away. The individual self & the absolute self, both are said to be same in essence. Namo = unmana. Both are one and the same in their ultimate essence. Instead of becoming too much subjective, let us become truly objective, let anekant - syadvad be our motto.

સત્યં ભૂતહિતં પ્રોક્તમ્ । અર્થાત્:
સર્વસ્વનું કલ્યાણ થાય એ જ સત્ય અને સત્કાર્ય.
સર્વ પ્રત્યે સમભાવ રાખવાથી જ સત્કાર્ય સફળ થાય.
કુભાવથી કરવામાં આવેલો ધર્મ પણ અધર્મરૂપ બને અને
સુભાવથી કરવામાં આવેલો અધર્મ પણ ધર્મરૂપ બને છે.
'સુભાવ' એટલે સર્વનું કલ્યાણ કરવાનો ભાવ અને
'કુભાવ' એટલે માત્ર સ્વાર્થ સાધવાનો ભાવ.

શિવની કૃપા વિના સિદ્ધિ મળતી નથી, બ્રહ્મવિદ્યા ફળતી નથી.
'જીવ-શિવ એક જ તત્ત્વ છે' એ શ્રદ્ધા જ કૃપાનું મૂળ છે.

'મારા કૃત્યોનો જવાબદાર હું નહિ પણ બીજો?' આ
સિદ્ધાંત માન્ય કરવાથી કુટુંબ, રાષ્ટ્ર કે વિશ્વ-બધું બગાડે છે.
એ વિચાર ભૌતિક કે આધ્યાત્મિક ઉન્નતિમાં પણ બાધા
ઉપજાવે છે. 'વ્યક્તિના કૃત્યોનો જવાબદાર વ્યક્તિ જ છે'
એ સિદ્ધાંત જ બંને પ્રકારની ઉન્નતિ સાધી શકે છે.

પોતે મુશ્કેલીમાં મુકાયા છતાં ય બીજાને સહાય કરવાની
તત્પરતા દાખવનારને ભગવાન હંમેશાં સહાય કરે છે.

'પ્રભુમાં આત્માને જોવો' અર્થાત્ 'પ્રભુના સુખમાં જ
આત્માના સુખને જોવું' એ પ્રથમ પ્રણિધાન છે, એથી
આત્મામાં આત્માનું સુખ જોવાનો અધિકાર આવે છે.

## દાસભાવનું મુખ્ય લક્ષણ

'સ્વામીના સુખમાં જ પોતાનું સુખ.'

પ્રથમ ભક્તિ 'દાસભક્તિ' છે. એને 'શાંતાભક્તિ' કહેવાય.

આપણા મન કે મત પ્રમાણે સંસાર ચાલતો નથી.

પ્રભુ સાથે સંબંધ બાંધવો હોય, તો

પ્રભુની મતિના અને પ્રભુની રુચિના થાઓ.

દેહદૃષ્ટિએ દાસત્વ, જીવદૃષ્ટિએ ભક્તત્વ, આત્મદૃષ્ટિએ એકત્વ.

'સ્વામીનું કાર્ય એ પોતાનું કાર્ય છે'

એમ માનવાથી દાસભાવ સાર્થક થાય છે તથા 'સ્વામીના સુખમાં જ પોતાનું સુખ છે' એમ માનવાથી સખ્યભાવ, મિત્રભાવ કે શાંતાભાવ સ્થિર થાય છે.

ભક્તભાવમાં 'સ્વામીની પ્રકૃતિ એ પોતાની પ્રકૃતિ છે' એમ માનીને તૃપ્તિ અનુભવાય છે.

એકત્વભાવમાં, પોતાની પ્રકૃતિમાં અને પ્રભુની પ્રકૃતિમાં અભેદ અનુભવાય, તે છેલ્લી કક્ષા છે.

નૈગમનયથી દાસત્વ, વ્યવહારનયથી ભક્તત્વ અને સંગ્રહનયથી એકત્વનો અનુભવ કરતાં કરતાં ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનયનું પૂર્ણત્વ અનુભવાય છે.

જે બીજાનો વૈભવ જોઈ ખિન્ન થઈ જાય, તેનું મન

અને બુદ્ધિ બંને ક્ષુદ્ર છે. શરીર માટેના અન્ન ઉપરાંત મન અને બુદ્ધિને પણ પૌષ્ટિક ખોરાક મળવો જરૂરી છે.

જે શિક્ષણ માતા-પિતાને લાત મારવાનું શીખવે, ગરીબોને ચુસતા શીખવાડે, સંસ્કૃતિનો ધ્વંસ કરવાનું શિક્ષણ આપે, તે શિક્ષણ સાચું શિક્ષણ નથી, તે સર્વ પ્રકારે ત્યાજ્ય છે.

જેના ઉપર ખુબ જ પ્રીતિ હોય,
તે જ વસ્તુ ધર્મના દાનમાં અપાય.

o 'હે પ્રભુ! હું તારો છું'
એમ અંતરથી કહેનારને ઉત્તર મળશે: 'હે જીવ! તું મારો છે.'

પ્રભુ આપણને જે જોઈએ (જરૂરી હોય) તે આપે છે, પણ આપણે જે માગીએ તે અને ત્યારે જ આપતા નથી.

ભાષાંતર એ ભાવમાં પણ અંતર પાડી દે છે.

શબ્દો એના અર્થને આપોઆપ કહે છે.

દૃષ્ટાંતોથી સિદ્ધાંત સિદ્ધ ન જ થાય. કોઈપણ સિદ્ધાંત બુદ્ધિ, તર્ક, અનુભવ કે પ્રયોગ વડે સિદ્ધ કરવો જોઈએ અને પછી તેનું દૃષ્ટાંતોથી પોષણ કરવું જોઈએ. દૃષ્ટાંતથી સિદ્ધાંતો સિદ્ધ પણ ન થાય અને ઉડાવી પણ ન દેવાય.

જે વિચાર ઓછામાં ઓછા ત્રણ પેઢી સુધી ટકી શકે,
તે વિચાર જ 'સિદ્ધાંત' બનવાને યોગ્ય છે.

## મૃત્યુ એ ગુરુ - કઈ રીતે?

એક જીવન પૂરું કરી બીજું જીવન શરૂ કરી આપે તે
અથવા જ્ઞાન આપે અને અજ્ઞાન કાપે, તે સાચા ગુરુ.
એવો જ ગુરુ મૃત્યુ છે.

## માનવની ઇચ્છાશક્તિનું માહાત્મ્ય

મનુષ્ય પાસે એક જ મહાન વસ્તુ છે તે તેની ઇચ્છાશક્તિ.
તે મનુષ્ય વિશેષ જાણતો નથી.

ઢોરોને વનસ્પતિનું જેટલું જ્ઞાન હોય છે,
એટલું જ્ઞાન તો વનસ્પતિ શાસ્ત્રીઓને પણ હોતું નથી,
કેમકે ઢોર કદી ઝેરી વનસ્પતિ ખાતું નથી.

'આપણે પોતે જ આપણી દરેક વાસનાને દૂર કરીશું'
એવા વિચારના વાદમાં ન પડતાં
એ વાસના દૂર કરવાનું કામ પણ પ્રભુને જ સોંપીએ.
પ્રત્યેક કૃતિના સાક્ષી તરીકે પ્રભુને જ રાખીએ.
મન-બુદ્ધિ પ્રભુની છે, માટે તે પ્રભુને જ પાછા સોંપીએ.
મન તેના માલિક એવા પ્રભુ પાસે જશે તો મક્કમ બનશે.
બુદ્ધિ તેના માલિક એવા પ્રભુ પાસે જવાથી તેજસ્વી બનશે.
ભગવાન આપણા મન અને બુદ્ધિના સ્વામી છે.
સ્વામીની વસ્તુ સ્વામીને સોંપવાથી તે સાર્થક થાય છે.

કર્મથી સર્વ જીવ જુદા - ઉપયોગ લક્ષણથી સર્વ જીવ એક છે.
કોઈ મહાપુરુષ આજના ભારથી તૂટી ગયો હોય એવું બન્યું નથી.

જ્યારે આવતીકાલનો ભાર આજમાં ઉમેરાય છે,
ત્યારે જ માનવ સહી શકે તે કરતાં પણ બોજો વધી જાય છે.

આજનો માનવ તો 'હું કરું - મેં કર્યું' એવા ગર્વથી
અહંભાવી થઈ પાપ-પુણ્યની વાતોને મશ્કરીરૂપ માને છે.
'આત્મામાં પરમાત્માનો અંશ છે' એ સત્યનો અનાદર કરી,
આત્માની મુક્તિ માટે ધર્મનો માર્ગ લેવાને બદલે આજનો
માનવી તો આત્માનું જ ખૂન કરવા પ્રવૃત્ત થયેલ છે.

o નમો = મસ્તક = જ્ઞાન.
અરિહંતાણં = ચરણ = ચારિત્ર.

નમસ્કાર્યની શક્તિથી નમસ્કારકમાં નમસ્કારની ઉત્પત્તિ
થાય છે. મસ્તક અને ચરણની એમ જ્ઞાન અને ક્રિયા
જ્યારે એકત્ર થાય છે, ત્યારે તેની અંદર પાપનાશ
અને કર્મનાશની અપૂર્વ વિદ્યુત શક્તિ પેદા થાય છે.

નવકારના પહેલા પાંચ પદમાં ૬ બિંદુ અને
છેલ્લા ચાર પદમાં ૭ બિંદુ મળીને કુલ ૧૩ બિંદુ છે.
સર્વ મંગલની ગાથામાં કુલ ૮ બિંદુ છે.
એમ બિંદુની અધિકતા, તેમ માહાત્મ્ય અધિક બને છે.

## ૪ પ્રકારે ધ્યાન

પિંડસ્થ ધ્યાન, પદસ્થ ધ્યાન, રૂપસ્થ ધ્યાન, રૂપાતીત ધ્યાન.

## ૫ પ્રકારે અવસ્થા

જાગ્રત = ૧૦ ઈંદ્રિયોનો વ્યાપાર.

સ્વપ્ન = અંતઃકરણ ચતુષ્ટયનો વ્યાપાર.

સુષુપ્તિ = વૃત્તિઓનો લય, ભ્રૂમધ્યસ્થિત બિંદુ.

તુરીય = આત્મચૈતન્યની અભિવ્યક્તિનો ઉદય,
નાદનો આવિર્ભાવ, અર્ધચંદ્ર, રોધિની, નાદ.

તુરીયાતીત = પરમાનન્દ સ્વરૂપ, નાદાન્તથી શક્તિ, વ્યાપિની,
સમના બાદ ઉન્મનાપર્યન્ત તુરીયાતીત અવસ્થા આવે છે.
ઉન્મના પછી કોઈ અવસ્થા નથી.

## ૭ પ્રકારના વિષુવ

શાક્તવિષુવ = નાદથી સમનાપર્યન્ત ચિન્તન.

બ્રહ્મવિષુવ = બ્રહ્મ - આત્મા - મનનો યોગ.

કાલવિષુવ = કાલાતીત ઉન્મનાપર્યન્ત ચિંતન.

નાડીવિષુવ = ૬ ચક્ર - ૧૨ ગ્રન્થિના ભેદન દ્વારા નાદસ્પર્શ.

પ્રશાંતવિષુવ = નાદાન્તપર્યન્ત મંત્રાવયવોની લયભાવના.

મંત્રવિષુવ = અભિવ્યંજકમાન, નાદની સાથે એકતાભાવ.

તત્ત્વવિષુવ = નાદલીનતા, ચૈતન્ય અભિવ્યક્તિ, પરમશિવ.

## ૬ પ્રકારના અર્થ

સંપ્રદાયાર્થ = ગુરુક્રમાગત સંબંધનું લક્ષણ.

મહાતત્ત્વાર્થ = નિષ્કલની સાથે ઐક્યાનુપ્રવેશ.

લક્ષાર્થ = મંત્રના અવયવભૂત અક્ષરના અર્થ.

રહસ્યાર્થ = મૂલાધારસ્થ કુંડલીરૂપ વિદ્યાથી ઐક્ય.

કૌલિકાર્થ = ચક્ર, વિદ્યા, દેવતા, ગુરુ, સાધકનું ઐક્ય.

નિગર્ભાર્થ = દેવતા, પરમેશ્વર, ગુરુ તથા આત્માનું ઐક્યાનુસંધાન, એ સર્વેનું ઐક્ય, સર્વેનો અભેદભાવ.

નિષ્કલ પરમાત્માનો જેણે સ્વઆત્મસ્વરૂપ સાક્ષાત્કાર કર્યો છે, તે ગુરુ પરમેશ્વરથી અભિન્ન, વિદ્યા કુંડલીરૂપ છે.

० सुअदेवि झाइज्जो अव्वाहयभत्तिनिच्चलमणेण ।
हणइ संसारदुहं मोहं हंतूण हंतव्वं ॥
- कुमारपाल चरित सप्तसर्ग-श्लोक ९९ (परिशिष्ट-३)

० योग्यतामन्तरेणास्य संयोगोऽपि न युज्यते ।
सा च तत्त्वमित्येवं तत्संयोगोऽप्यनादिमान् ॥१०॥
सहजं तु मलं विद्यात् कर्मसंबंधयोग्यताम् ।
आत्मनोऽनादिमत्त्वेऽपि नायमेनां विना यतः ॥१६४॥
अनादिमानपिह्येष बन्धत्वं नातिवर्तते ।
योग्यतामन्तरेणापि भावेऽस्यातिप्रसंगता ॥१६५॥
- योगबिन्दु (परिशिष्ट-४)

तह भव्वत्तं चित्तं अकम्मजं आइतत्तमिह नेयं ।
फलभेया तह कालाइजोगविक्खेवगसहावं ॥१८८॥
- उपदेशरहस्ये ।

વૃત્તિ: તથાભવ્યત્વ એ આત્માનો જ ભવ્યત્વ નામનો સ્વભાવ છે. તે વિવિધ પ્રકારે છે, કેમકે તેનું ફળ જુદું-જુદું છે, જે કાળ વગેરે કારણોને એકત્રિત કરવાનું કામ કરે છે. કર્મના સંબંધમાં આવવાની અને કર્મના સંબંધથી મુક્ત થવાની યોગ્યતા જીવની સ્વતંત્ર છે, તેથી સંસાર અને મોક્ષ અપેક્ષાએ જીવની સ્વતંત્ર લીલા તરીકે ઘટાવી શકાય.

## ષડાવશ્યક અને પંચાચાર

પ્રભુનો ધર્મ પંચાચારમય અને ષડાવશ્યકમય છે, તેથી કોઈપણ અનુષ્ઠાન વખતે તેમાંથી કોઈને કોઈ આચાર અને કોઈને કોઈ આવશ્યકનું આરાધન થઈ રહ્યું છે. ષડાવશ્યક સામાયિકમય છે અને સામાયિક પંચાચારમય છે. આમ ષડાવશ્યક તથા સામાયિક પરસ્પર સંકળાયેલા છે.

## મંત્ર અનુષ્ઠાન

'નમો અરિહંતાણં' એ મંત્ર છે.

પોતાના ચૈતન્યનું મનન, સંકોચ વડે થયેલા ભયથી રક્ષણ અને સંકલ્પ-વિકલ્પને શમાવી આપે તે 'મંત્ર' શબ્દનો અર્થ છે.

મંત્ર = magic formulae composed of the syllables representing the Cosmic elements that is the products of the differentiation of પરાવાક્.

ચિતિ becomes ચિત્ત. શિવ becomes જીવ.

Again ચિત્ત becomes ચિતિ and જીવ becomes શિવ in reversed sequence.

પ્રત્યભિજ્ઞા = Recognition of jiva as shiva.

શાક્તિક = Kundalini Yoga.

yogi can reach perfection, which is the absolute reality.

There is no joy like the joy of Sacrifice for a greater cause: there is no sorrow in it, but the bliss, which comes from the privilege of working for that which is greater than one's self.

Friendliess to all living being is the fruit of parmeshthi namaskar.

## યોગવિજ્ઞાન

શરીરને જેમ અન્નની ગરમીની ચોક્કસ કેલેરીઝની જરૂર છે,
તેમ મનને સમાજ પાસેથી પ્રેમ અને સહાનુભૂતિના
ચોક્કસ એકમોની કેલેરીઝની જરૂર છે.

આજે માનવ સમાજ પાસેથી તે કેલેરીઝ મેળવી શકતો નથી. મન ભાંગ્યું એટલે શરીરમાં રોગો ઉભરાવા લાગ્યા છે. નબળું મન શરીરને વધુને વધુ નબળું બનાવતું ગયું છે. આજનું વિજ્ઞાન જલરાશિના નિર્દય કતલ ઉપર ઉભું છે, જે પ્રકૃતિને મંજૂર નથી. એક એક રોગનો ઉપાય શોધવાને બદલે વિજ્ઞાને કાંઈક એવું કરવું રહ્યું કે માનવ રોગરહિત શરીર પામે. વિજ્ઞાન આ જરૂર કરી શકે પણ તે તબીબી વિજ્ઞાન નહિ પણ યોગવિજ્ઞાન. માત્ર યોગવિજ્ઞાન જ માનવને સર્વદા, રોગરહિત શરીર અને મન આપી શકે.

Peace is not victory.
It is beyond victory and defeat.
There can be no peace while the
sense of victor & vanquished remains.
True understanding rests on
knowledge, tolerance and patience.

The greatest of lessons is the lesson of humility.

The emphasis of all the shastras is essantially on self-realisation, on knowledge of the individual self and the absolute self, both of which are said to be the same in essence.

Discovery of India - Jawaharlal Nehru

Peace and understanding

Peace is positive but not a negative state. Peace is dynamic & not stati . It is sustained & ceaseless activitiy. Peace is informed by the knowledge & inspired by devotion and service. Peace is not comfort but a purpose.

Peace leads to perfection.

o There is a planned teleological progress in human evolution towards perfection.

સ્વાતંત્ર્ય, આનંદ, સુખ - સર્વ પર્યાયવાચક શબ્દો છે. જીવ પોતાના સ્વાતંત્ર્યથી જ સંસારમાં ભમે છે અને પોતાના સ્વાતંત્ર્યથી જ મોક્ષમાં જાય, એ સિદ્ધાંત છે. કર્મના સંબંધમાં આવવાની અને મોક્ષપદને પામવાની યોગ્યતા જીવની અંદર સ્વભાવથી રહેલી છે તથા એ યોગ્યતાના કારણે જ જીવ વિષયો પ્રત્યે અને પરમેષ્ઠિઓ તરફ આકર્ષાય છે. જીવનાં દુર્ગતિમાં જવાનું સામર્થ્ય છે, તેમ સદ્ગતિમાં જવાનું પણ છે જ. જે સામર્થ્ય પ્રગટાવવું હોય, તેને જ અનુરૂપ સામગ્રીમાં રહેવા પ્રયત્ન કરવો.

## હંસ અને સરોવર

જીવ એ હંસ છે અને શરીર એ સરોવર છે. હંસ તો જ્યાં જશે, ત્યાં તે શરીરને શોભાવશે પણ હાનિ તો તે શરીરને થશે કે જ્યારથી એ જીવરૂપી હંસ ઉડી જશે. તાત્પર્ય કે જીવને શોભાવનાર શરીર નહિ પણ શરીરને શોભાવનાર જીવ છે, પછી ભલે શરીર અને જીવ થોડા કાળ માટે સાથે રહેતા હોય અને તેથી શરીરના કારણે ભલેને જીવની શોભા ગણાતી હોય, પરન્તુ અંતે તો 'જીવ એ હંસ હોવાથી તે જ શરીર રૂપી સરોવરને શોભાવનાર બને છે' એ સિદ્ધાંત અહીં સિદ્ધ થાય છે.

## ધર્મ એટલે સ્નેહ

ધર્મ માતાની જેમ પુષ્ટિ, પિતાની જેમ પાલન, મિત્રની જેમ પ્રેમ, બન્ધુની જેમ સ્નેહ કરે છે. વળી ધર્મ એ ધર્મગુરુની જેમ ઉજ્જવળ ગુણોને આપે છે, ઉપરાંત તે ધર્મ સ્વામીની જેમ પ્રકૃષ્ટ પ્રતિષ્ઠાને પણ આપે છે. ધર્મ કરનારના અંતરમાં રહેલા સ્નેહપરિણામથી જ ધર્મમાં આ ગુણો આવે છે. ધર્મથી અભિન્ન બનીને ઉપરોક્ત સ્નેહપરિણામ માતા, પિતા, બન્ધુ, મિત્ર, સ્વામી, ગુરુની જેમ રક્ષણ કરીને જીવને ઊર્ધ્વગતિ તરફ લઈ જાય છે. 'ચમત્કાર ત્યાં નમસ્કાર' એ લૌકિક વચન છે અને 'નમસ્કાર ત્યાં ચમત્કાર' એ તો લોકોત્તર વચન છે. નમસ્કાર એ સ્નેહનો પરિણામ છે અને તે સ્નેહને વિકસાવે છે. જીવો ઉપરનો સ્નેહપરિણામ એક તરફ ભક્તિ અને બીજી તરફ અનુકંપામાં પરિણમે છે. અનુકંપા અને ભક્તિ - એ પુણ્યાનુબંધી પુણ્યરૂપ બનીને મન, બુદ્ધિ અને ઈંદ્રિયોથી અગ્રાહ્ય, અકથ્ય, અકલ્પ્ય બનાવોને સર્જે છે, જેનું નામ 'ચમત્કાર' છે. વીતરાગતા અને વાત્સલ્યતા તીર્થંકરોમાં ભરપૂર છે, તેથી નવમો રસ શાન્ત છે અને દશમો રસ વાત્સલ્ય છે.

## નમસ્કારનો ચમત્કાર

શત્રુ મિત્ર બને, વિષ અમૃત બને, નિર્જન અરણ્ય વાસગૃહ બને, સિંહ શિયાળ બને, મદોન્મત્ત હાથી હરણીઆનું આચરણ કરે, વિપત્તિ સંપત્તિ થાય, રોગ ભોગ માટે થાય, મરણ સદ્ગતિનું કારણ બને અને બીજા પણ મનથી કલ્પી ન શકાય, ચિત્તથી ચિન્તવી ન શકાય અને બુદ્ધિથી વિચારી ન શકાય, તેવા જે કોઈ બનાવો વિશ્વમાં બનતા અનુભવાય છે, તેની પાછળ ચમત્કાર નમસ્કારનો જ છે. એ નમસ્કાર તે ભાવ-નમસ્કાર છે અથવા નમસ્કારભાવ છે. નમસ્કારભાવ, નમ્રભાવ, મૃદુભાવ, કોમળભાવ, સ્નેહભાવ એકાર્થક છે. પ્રાણીમાત્ર સાથે મધુર સંબંધની સ્થાપના કરી વિશ્વ-મૈત્રીને જીવનમાં ચરિતાર્થ કરવા જ પર્યુષણ પર્વ છે. જીવરાશિ ઉપર સ્નેહનો પરિણામ એ જ નમસ્કાર ભાવનો તાત્પર્યાર્થ અને રહસ્યાર્થ છે. એવા ચમત્કારીક નમસ્કારભાવની સાધનાથી જ સર્વ તીર્થંકરો, ગણધરો તથા મહામુનિવરો પરમપદને પામે છે. ધર્મકર્મનો ધ્વનિ અને સત્કર્મનું નવનીત નમસ્કાર છે. નમસ્કારઃ મનસ્કારઃ મુક્ત્યુપાયઃ મતો જિનૈઃ।। અર્થાતઃ મન કે ભાવપૂર્વક કરેલ નમસ્કાર પરમાત્મા વડે મુક્તિનો ઉપાય કહેવાયેલો છે.

નમસ્કારને જિનેશ્વરોએ મુક્તિનો ઉપાય કહ્યો છે, કેમકે નમસ્કાર એ મનમાં થતી સર્વોત્કૃષ્ટ પવિત્ર ક્રિયા છે. સર્વોત્કૃષ્ટ એટલા માટે કે તે અહંકારનો નાશ કરે છે અને સાધકની અંદરના આત્મભાવને પ્રકાશિત કરે છે. ભક્તિ ભાવથી અહં, મદ તથા માનનો તેમાં ત્યાગ થાય છે અને સાધકના શુદ્ધ આત્મભાવનો વિકાસ થાય છે. નમસ્કાર એ ધર્મ-કર્મનો સાર અને મહામુક્તિનો ઉપાય છે. નમસ્કાર એ સદ્ધર્મ કર્મરૂપી દધિનું નવનીત છે અને સર્વ ધર્મકર્મરૂપી કાવ્યનો ધ્વનિ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:

शुद्धाः प्रत्यात्मसाम्येन पर्यायाः परिभाविताः ।
अशुद्धाश्चापकृष्टत्वात् नोत्कर्षाय महामुनेः ॥१॥

- ज्ञानसार अष्टक (परिशिष्ट-५)

## ધર્મનો અધિકારી કોણ?

મન-વચન-કાયાને વશમાં રાખનાર સાચો સાધક જ નવકારનો, નવપદનો કે ધર્મ અનુષ્ઠાનનો અધિકારી છે. 'નવપદમાં આત્માને જોવો' એટલે નવે પદોની સાથે આત્મીયતાનો અનુભવ કર્યા પછી જ આત્મામાં નવપદ અનુભવાય તે. 'આત્મામાં નવપદાત્મકતાનો અનુભવ' એટલે આત્મા પોતે નવપદ સ્વરૂપ બનવો. તે માટે નવપદ

સ્વરૂપ બનેલા સાથે આત્મીયતા - તાદાત્મ્યતાનો અનુભવ કરવો એ પ્રથમ શરત છે. તેનું પાલન તે જ કરી શકે, જે સાધક કથંચિત અભેદનું સમ્યગ્દર્શન ધારણ કરતો હશે.

## બાહ્યગુરુ

ગુરુ વિના માર્ગ કોણ બતાવશે?
ઉત્સાહ કોણ આપશે? ગૂંચ કોણ ઉકેલશે?
ધ્યેય સુધી પહોંચવાનું પીઠબળ કોણ પુરું પાડશે? બાહ્યગુરુ.

## આંતરગુરુ

બાહ્યગુરુની જરૂર નહિ રહે, પણ ક્યારે? મન જ્યારે નિર્મળ-સાત્ત્વિક બનશે અને ઈંદ્રિયોનો સંયમ સહજ બનશે. હૃદયની શુદ્ધિ સધાતા અંદર રહેલા ઈશ્વર સાથે સંબંધ બંધાશે અને ઈશ્વરી પ્રેરણા અને પથપ્રદર્શન પ્રાપ્ત થશે. શુદ્ધ થયેલું હૃદય અને એમાં રહેલો ઈશ્વરી પ્રકાશ પછી ગુરુનું કામ કરશે અર્થાત્ પોતે જ પોતાનો ગુરુ થશે.

સજ્જનતા માત્ર નહિ પણ સત તથા ઋત પ્રત્યેની પ્રીતિને કારણે જે પૌરુષત્વ પ્રગટે છે, તે જ સાચું શુદ્ધત્વ છે.

ચારિત્રનો આત્મા સ્વતંત્રતા છે.

યોગની સર્વ પદ્ધતિઓમાં ચિત્તનું એકાગ્રય
અને વિશુદ્ધિકરણ અનિવાર્ય છે.

બ્રહ્મના આનંદસ્વરૂપ ઉપર જ ભક્તિમાર્ગનું મંડાણ છે.
ચિત્-સ્વભાવ ઉપર જ્ઞાનમાર્ગનો આધાર રહેલો છે
અને શક્તિસ્વરૂપ ઉપર શાક્તમાર્ગનો આધાર છે.
મુક્તિની ભાવના બ્રહ્મના સત્સ્વરૂપ ઉપર અવલંબેલી છે.

પરમાત્મા ભાવરહિત છતાં ય ભાવગ્રાહી છે.

સગુણબ્રહ્મ ઉપાસ્ય છે, નિર્ગુણબ્રહ્મ જ્ઞેય છે. એને 'અપર' કે 'પરબ્રહ્મ' પણ કહેવાય છે. ઈશ્વર પ્રતિ નિરતિશય પ્રેમ તે ભક્તિ છે. તે પ્રેમ નિર્હેતુક હોવો જોઈએ. ભક્તના ચાર પ્રકાર: આર્ત, અર્થાર્થી, જિજ્ઞાસુ, જ્ઞાની. પ્રથમના બે પ્રકાર ગૌણ, પછીના બે પ્રકાર પ્રધાન છે. જ્ઞાનમાર્ગમાં પોતાની બુદ્ધિએ કરેલા નિર્ણય ઉપર અને ભક્તિમાર્ગમાં શરણ કે ગુરૂવચનમાં આસ્થા રાખવાની હોય છે. જ્ઞાનમાર્ગમાં તે પ્રેમને 'અભેદભાવના' કહે છે.

V. Imp. સ્ત્રીઓએ શણગાર માટે પીસ્તોલ નહિ,
પણ સતી સીતા અને દ્રૌપદીની જેમ
ભગવત્ પ્રેમને સદૈવ સાથેને સાથે રાખવો જોઈએ.

અંતમાં નહિ ઈશ્વરી (આકરી), મધ્યેહિ ધર્મ છે મંડાણ,
જમાને સરવરી, સરસ્વતી કે પરવરી.

નાના માણસનો પણ મોટો વિચાર નાનો નહિ.

## નિશ્ચયનય

વ્યવહારમાર્ગ પરનો ઉપકાર સ્વીકારે છે. નિશ્ચયમાર્ગમાં પર-સ્વનો ભેદ ન હોવાથી એકત્વની અનુભૂતિ મુખ્ય છે. એકત્વની અનુભૂતિ માટે યોગ્યતાની પ્રાપ્તિ વ્યવહારમાર્ગની શ્રદ્ધા ઉપર રહેલી છે. સ્વની પ્રધાનતામાં નિમગ્ન ચેતનાને બહાર કાઢનાર પરની પ્રધાનતાનો વિચાર છે અને પરની પ્રધાનતામાંથી છોડાવનાર એકત્વની અનુભૂતિ છે.

## વ્યવહારનય

વ્યવહારનયની શ્રદ્ધામાંથી જ કૃતજ્ઞતા અથવા તો સૌનો ઋણી, સર્વનો આભાર માનવાની વૃત્તિ પ્રગટે છે.

અહંભાવમાંથી છોડાવનાર પ્રથમ સાધન તે પર એટલે કે બીજાનો ઉપકાર જોવાની વૃત્તિ છે.

એ વૃત્તિ દૃઢ થયે અહંભાવની સાથે મમભાવને નિર્મૂળ કરી સમભાવને પ્રાપ્ત કરાવવાની શક્તિ નિશ્ચયનયની એકત્વભાવનામાં કે સંપૂર્ણ સમત્વ એકત્વના વિચારમાં છે.

તે વિચારને યોગ્ય થવા અને

સ્વની એકાંત પકડમાંથી છુટવા માટે પરનો વિચાર બતાવનાર વ્યવહારનયની ભાવનાને સુદૃઢ બનાવવાની જરૂર પડે છે. પરના દુઃખની કરુણા, સુખનો હર્ષ, હિતની ચિન્તા અને

દોષની ઉપેક્ષાની પાછળ વ્યવહારનયનો વિચાર રહેલો છે. કરુણા, પ્રમોદ, હિતચિંતા અને માધ્યસ્થ્યાદિ આત્મગુણોને વિકસાવનાર પરનું દુઃખ, સુખ, ગુણ અને પાપ છે. તેથી તે ૪ મહાન ગુણોનો આવિર્ભાવ કરાવી આપનાર 'પર' તત્ત્વ મોક્ષમાર્ગે જતાં સાધકને પરમ ઉપકારક છે.

## શક્તિપાત

જૈનમતે 'શક્તિપાત'નો અર્થ સ્વભિન્ન પર પ્રતિ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યભાવનો સ્વીકાર છે. મૈત્રીથી મૈત્રી મળે છે તથા પ્રમોદથી પ્રમોદ મળે છે, કારુણ્યથી કરુણા મળે છે, માધ્યસ્થ્યથી માધ્યસ્થ્ય મળે છે.

પર તરફથી મેળવવાનો ઉપાય પરને આપવું તે છે.

જગતની શક્તિ પોતામાં મેળવવાનો ઉપાય

જગત પ્રત્યે મૈત્ર્યાદિ ભાવરૂપે ખુલ્લું થવું, તે છે

વીર્ય વધારવાનો ઉપાય કહો કે શક્તિ મેળવવાનો પ્રકાર,

બંને એક જ વસ્તુ છે અને

તે પર પ્રત્યે મૈત્રી આદિ ભાવ ધારણ કરવો તે છે. નમસ્કારભાવ મૈત્ર્યાદિ ચાર રૂપે અભિવ્યક્ત થાય છે. આત્મસ્વરૂપ દર્શાવે તે સાચી વિદ્યા, મુક્તિ આપાવે તે ઉપદેશ. આત્માનુભવ જાણવા નહિ, કરવા માટે હોય છે.

## સ્નેહ પરિણામ

સ્નેહરૂપી દીપકને જલવા માટે સ્વાર્થરૂપી તેલની જરૂર છે. સમસ્ત જીવરાશિ ઉપર સ્નેહનો પરિણામ જલતો રાખવા માટે સ્વાર્થની સિદ્ધિ ઉપર વિચાર કરવો જોઈએ. આત્મામાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યરૂપી શુભભાવોને સદા જાગ્રત રાખવા માટેની સામગ્રી પૂરી પાડનાર કોઈ હોય તો તે જીવનું જીવત્વ, ગુણાધિકત્વ, દુઃખીત્વ અને પાપપરાયણત્વ છે, તેથી વ્યવહારનયે તે તે ભાવોનું સ્વામીત્વ તે તે જીવોનું છે. જો તે તે જીવોની તેવી અવસ્થા ન હોય તો આત્મામાં તેવા મૈત્ર્યાદિ શુભભાવો જાગે જ કેવી રીતે? અને એ ભાવો ન જાગે તો આત્માની અનાદિકાલીન મલીનતા ટળે જ કેવી રીતે? એ મલીનતા કર્મના સંબંધમાં આવવાની યોગ્યતારૂપ વિષયાસક્તિ છે. તે વિષયાસક્તિને જેર કરવા માટે તેનાથી વિપરીત એવી ચૈતન્યભક્તિ એ જ ઉપાય છે. એ ભક્તિ પૂરી પાડવાની શક્તિ જે ચૈતન્યતત્ત્વમાં રહેલી છે, 'તે ચૈતન્યતત્ત્વ પરમ ઉપકારક છે' એવી ભાવના ન જાગે,

તો મુક્તિગમન યોગ્યતા પ્રગટે જ કેવી રીતે?

મુક્તિગમન યોગ્યતા પ્રગટાવવા માટે

ચૈતન્યની ભક્તિ અનિવાર્ય અને એ ભક્તિ પ્રગટવામાં

ચૈતન્યની ઉપકાર કરવાની શક્તિ માનવી અપરિહાર્ય છે.

આ વ્યવહારનયનો વિષય છે.

નિશ્ચયનય એનું પરિણામ અને ફળ છે.

વ્યવહારનય એ એનું સાધન છે.

નિશ્ચયનય વ્યવહારનયનું સાધ્ય છે.

વ્યવહારનય અને નિશ્ચયનયને સાધ્ય-સાધન સંબંધ છે.
સાધ્યની સિદ્ધિનો આધાર સાધનની સિદ્ધિ ઉપર છે, તેથી
'વ્યવહારનયના વિષયભૂત એવા ચૈતન્યતત્ત્વનો ઉપકાર
માનવારૂપ સાધનના અવલંબનથી નિશ્ચયનયના વિષયભૂત
સાધ્યની સિદ્ધિ સિદ્ધ કરી શકાય' એ સિદ્ધાંત સિદ્ધ થયો.

આત્મસમદર્શિત્વ, પરમાત્મસમદર્શિત્વ અને
સર્વાત્મસમદર્શિત્વ સાથે અને સાથે ચાલે છે.

પરમાત્મા તરફથી આપણને બળ મળે છે અને
આપણા તરફથી પરમાત્મપદને બળ મળે છે,
એથી પરસ્પરોપગ્રહનો સિદ્ધાંત ફલિત થાય છે.

ગુરુ તરફથી શિષ્યને અને શિષ્ય તરફથી ગુરુને
અનુગ્રહરૂપી ઉપગ્રહ પ્રાપ્ત થાય છે.
વિપરીત વર્તનથી નિગ્રહરૂપી ઉપગ્રહ પણ પ્રાપ્ત થાય છે.
આ નિયમ સર્વત્ર સનાતન અને સતત કાર્યકારી છે.

# અહં અને મમ

'હું અને મારું' મોહરાજાનો મંત્ર છે. અહીં 'હું'ને જાણવા માટે પરમાત્માની સાથે અભેદભાવ કે નમસ્કારભાવ આવશ્યક છે અને 'મારું' જાણવાને માટે સર્વ જીવાત્માઓની સાથે અભેદનું ભાવન કે સામાયિકભાવ આવશ્યક છે. 'જીવનું સુખ એ મારું સુખ, જીવનો ગુણ અને સુકૃત એ મારાં; જીવનાં દુઃખ તથા દોષ એ મારાં દોષ છે' એવી બુદ્ધિ મમત્વભાવમાંથી સમત્વભાવ પ્રગટાવે છે. વળી તેથી પરમાત્મા સાથે આત્માનું ઐક્ય અનુભવવાથી મિથ્યા અહં વિલીન થઈ જાય છે. પણ મૂળ પ્રશ્ન છે કે જીવનાં સુખ-દુઃખ કે સુકૃત-પાપને પોતાનાં કેમ મનાય? એ માનવાનો એક ઉપાય છે કે 'સુખ-દુઃખ જીવનાં છે પણ તેનાથી મૈત્રી અને કરૂણાની લાગણી પોતામાં જન્મે છે. સુકૃત-પાપ જીવનાં છે, પણ તેના તરફ દૃષ્ટિ કરવાથી મુદિતા અને માધ્યસ્થ્ય પોતામાં જાગે છે' એવું વિચારવું. મૈત્રી આદિ ચાર પોતામાં જગાડનાર સુખ-દુઃખ, સુકૃત-પાપ જીવનાં હોવા છતાં પોતાને ગુણકારી થાય છે, તેથી તે પોતાનાં ગણવા જોઈએ. જીવનો ભાવ જીવને વહાલો છે, તેથી આપણને પણ વહાલો લાગવો જોઈએ,

કોઈકે અતિ ભવથી અને વર્તમાનકાળે જે સુખ મળે છે, તેથી વધુ એ જીવત્વ તરફ હિતચિંતાની નજરે જોનારને સુખ અને પુણ્ય મળે છે, એ જ ન્યાયે જીવોનાં દુઃખથી પોતાને જે કરુણાભાવ જાગે છે, તે મોટો લાભ પોતાને જીવોથી થશે અને એ જ ન્યાય પુણ્ય-પાપ માટે સમજવો. જીવોનું પુણ્ય અનુમોદન દ્વારા અને પાપ ઉપેક્ષા દ્વારા આપણા પણ આત્માને ગુણકારી ઘણું હોવાથી તે બન્ને કેવળ જીવોના નહિ પણ પોતાના પણ છે. જીવોનાં નાણાંથી પોતાને લાભ થતો હોય, તે નાણાં ઉપર જીવોને જેટલું મમત્વ છે, તેથી અધિક પ્રેમ અને મમત્વ પોતે પણ તે નાણાં ઉપર ધારણ કરવાં જોઈએ, બસ!

એ જ રીતે જગતમાં જેટલું પણ બધું
સુખ-દુઃખ તથા પુણ્ય-પાપાદિ છે,
તે બધું આપણને શુભવૃત્તિથી જગાડીને
આપણા કામમાં નિમિત્તભૂત થાય છે,
તેથી કેવળ જીવોનું ન રહ્યું પણ આપણું પણ થયું.
એ રીતે પોતાની વસ્તુ ઉપરના મમત્વનો

ભાવ સમત્વમાં પલટાવવા માટે જીવોની વસ્તુને પણ ઉપકારક પોતાની છે એ વૃત્તિ ઘણી મદદગાર થાય છે.

શ્રી આચારાંગસૂત્ર ૧૬૪માં કહ્યું છે કે:

'જેને તું હણવા માગે છે, તે તું જ છે.
જેને તું પરિતાપ ઉપજાવવા માગે છે, તે પણ તું જ છે.
જેને તું દબાવવા માગે છે, તે પણ તું જ છે.
જેને તું મારી નાંખવા માગે છે, તે પણ તું જ છે.
આમ જાણી સમજુ મનુષ્ય કોઈને હણતો કે હણાવતો નથી'.

આગળ જતાં સૂત્ર ૧૭૦માં કહે છે કે:

'મુક્ત પુરુષ જન્મ-મરણના માર્ગને ઓળંગી જાય છે. વાણી ત્યાંથી પાછી ફરે છે, તર્ક ત્યાં પહોંચતો નથી અને બુદ્ધિ ત્યાં પેસી શકતી નથી. તે મનુષ્ય ઓજસ્વી હોય છે.

જેની બીજી કોઈ પ્રતિષ્ઠા નથી,
એવા અપ્રતિષ્ઠ આત્માને તે જાણે છે.

તે લાંબો, ટૂંકો, ગોળ, ત્રાંસો, મંડળાકાર, કાળો, લીલો, રાતો, પીળો, ધોળો, સુગંધ કે દુર્ગંધ નથી. વળી સ્ત્રી, પુરુષ કે નપુંસક પણ નથી, કિન્તુ તે જ્ઞાતા અને વિજ્ઞાતા છે. તે કશા સત્તા નથી. તે શબ્દાતીત હોવાથી તેને કશી ઉપમા નથી'.
આમાં જીવની એકતા-અનેકતા, કૂટસ્થતા કે પરિણામિતા,
જગતનું સત્યત્વ કે મિથ્યાત્વ
એ બધા દાર્શનિક ભેદો વિલીન થઈ જતાં દેખાય છે.

૭-૯-૬૪, ભાદરવા સુદ ૨, સોમવાર

પ્રભુને આપણે પ્રાર્થના કરીએ છીએ કે:

तित्थयरा मे पसीयंतु । समाहिवरमुत्तमं दिंतु ।
सिद्धा सिद्धिं मम दिसंतु ।

ઇત્યાકારક પ્રાર્થના વાક્યો સત્યભાષારૂપ છે કે અસત્યભાષારૂપ છે કે મિશ્રભાષારૂપ છે?

તેના ઉત્તરમાં શાસ્ત્રકાર ભગવંતો ત્રણે રૂપે નિષેધ કરે છે અને તેને ચોથી ભાષારૂપ કહે છે. ચોથી ભાષા સત્ય નથી, અસત્ય નથી, સત્યાસત્યના મિશ્રણરૂપ નથી છતાં તે કાર્યકરી છે, કાર્યસાધિકા છે, વ્યવહાર કરવા લાયક, નહિ કે છોડી દેવા લાયક કે વ્યવહાર ન કરવા લાયક કહે છે. વ્યવહાર કરવા લાયક તે જ હોય કે જેના વડે કાર્યસિદ્ધિ થતી હોય અને જેના અભાવમાં કાર્ય સિદ્ધ થતું ન હોય.

प्रयोजनं विना मन्दोऽपि न प्रवर्तते ।

જેનાથી પ્રયોજનની સિદ્ધિ ન થતી હોય, તેમાં મન્દબુદ્ધિવાળા પણ પ્રયત્ન કરે નહિ અને જેનાથી ફલપ્રાપ્તિ ન હોય તેને ઉત્તમ પુરુષો કદી સ્વીકારે નહિ. પ્રાર્થનાવાક્યોને સર્વ મહાપુરુષોએ સ્વીકાર્યાં છે, તેથી તે અવશ્ય પ્રયોજન અને ફલને સિદ્ધ કરી આપનારાં છે.

તીર્થ તિત્થયરા મે પસીયંતુ = તીર્થંકરોની પ્રસન્નતા =
'હે તીર્થંકરો! મારૂં આ કાર્ય આપના પ્રભાવે અવશ્ય
સિદ્ધ થશે જ એવો વિશ્વાસ મારામાં ઉત્પન્ન થયો છે.'
સમાહિવરમુત્તમં દિંતુ। એ પદનો અર્થ એ થયો કે:
'હે તીર્થંકરો! આપ મને ઉત્તમ કોટિની ભાવસમાધિ આપો.
મને ભાવસમાધિ મળશે એમાં પ્રભાવ આપનો જ હશે.'
સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ। એ પદનો અર્થ એ થયો કે:

'હે સિદ્ધ પરમાત્માઓ! આપ મને સિદ્ધિને આપો.
મને સિદ્ધિ મળશે તેમાં તમારો જ અનુગ્રહ હશે.'

'પરમાત્માના અનુગ્રહ વિના, તેમની અચિન્ત્યશક્તિની સહાય લીધા વિના કે તેમની પ્રસન્નતા જેમાં છે, તેમાં પ્રવર્તન કર્યા વિના કાર્યની સિદ્ધિ અશક્ય છે' એવા સિદ્ધાંતનો સ્વીકાર ચતુર્થ ભાષાના પ્રયોગ વડે કરવામાં આવે છે. તે ભાષા નહિ પણ એક પ્રકારનો ભાવ છે. 'મને પ્રાપ્ત થતાં સુખનો આધાર હું નહિ પણ તમે છો.' એ વ્યવહારનયના સિદ્ધાંતની વફાદારી એ ભક્તિ અને પ્રાર્થનાના વાક્યોથી પ્રગટ કરાય છે. જો એ પ્રમાણે કરવામાં ન આવે તો વ્યવહારનયનો વિલોપ થાય છે અને વ્યવહારનયના વિલોપથી ધર્મમાત્રનો વિલોપ થાય છે.

## દેવીનું દૈવત શેમાં?

'માતા' એ બે અક્ષરોમાં સ્મૃતિ અને શ્રુતિ ભરેલાં છે.
એ બે અક્ષરોમાં મહાકાવ્ય ભરેલું છે.
એ બે જ અક્ષરોમાં માધુર્યનો સાગર છે. ફૂલોની કોમળતા,
ગંગાની નિર્મળતા, ચંદ્રની રમણીયતા, સાગરની અનંતતા
અને પૃથ્વીની ક્ષમતા એ બધું માતામાં પ્રત્યક્ષ થાય છે
તથા દેવીનું દૈવત પણ એ માતામાં જ છે.

## આત્મનિરીક્ષણ

આત્મનિરીક્ષણ એ બુદ્ધિ નહિ પણ હૃદયનો વિષય છે.
એમાં પોતાની જાતનો જ ન્યાય તોળવાનો હોય છે.
જેનામાં હૃદય - સહૃદયતા - હાર્દિકતાનો વિકાસ થયો હોય,
તે જ આત્મનિરીક્ષણ કરવા પ્રેરાય છે.
જીવન છે ત્યાં સુધી પ્રવૃત્તિ છે, પછી તે સારી કે નરસી
અને ત્યાં સુધી અન્ય જીવો સાથે સંપર્ક અનિવાર્ય છે,
પછી તે ઘર્ષણરૂપ હો યા સ્નેહપૂર્ણ હોય.
જાત તપાસની આ ક્રિયાને 'પ્રતિક્રમણ' પણ કહેવાય છે.

## કાયોત્સર્ગ

वासी-चंदणकप्पो जो मरणे जीविए य सम सण्णो ।
देहे य अपडिबद्धो काउस्सग्गो हवइ तस्स ॥१॥
-આવશ્યક નિર્યુક્તિ ગા-૧૫૪૮ (પરિશિષ્ટ-૬)

# પ્રતિક્રમણ

જ્યાં સુધી પ્રવૃત્તિ છે, ત્યાં સુધી પ્રતિક્રમણ જરૂરી છે,
કેમકે પ્રવૃત્તિ કરતાં જે ભૂલ થાય, તે કોણ ટાળી શકાય?
આવું જાત તપાસરૂપ પ્રતિક્રમણ જીવનની એક નિત્ય-
ક્રિયા બની જવી જોઈએ. પ્રતિક્રમણની આ જ પવિત્ર
ક્રિયાને વ્યાપક બનાવવા પર્યુષણ પર્વની મહાન યોજના છે.
એનો પ્રધાનસૂર પ્રભુની નિમ્નવાણીમાં અંકિત થયું છે:

ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે ।
મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ ॥

આ જિનભક્તિ એ જીવમૈત્રીની માતા છે.
કૃતજ્ઞતા, વિનીતતા અને નમ્રતા એ ત્રણે એકાર્થક છે.
મન ઉપર મોહનીય કર્મની અસર છે.
તેનાથી મુક્ત થવું, એનું નામ 'પ્રસન્નતા' છે.
મોહ લશ્કરનું બખતર આર્થિક ધોરણે વિચારાય, તેમ
સમ્યગ્દર્શનનું બખતર સુરુચિ-સદ્વર્તનના આધારે રહેલું છે.
સકલ દ્વાદશાંગીના સારરૂપ નમસ્કાર મહામંત્રના
સ્મરણાદિનું બખતર અશુભ પરિણતિનો હ્રાસ છે.
'અશુભ પરિણતિ' એટલે આશ્રવની ઉપાદેયતા
અને સંવરની હેયતાબુદ્ધિ.

o ગીતાના અધ્યાય ૧૦, શ્લોક ૪માં કહ્યા મુજબ:
જ્ઞાનની સ્ફુર કરાવતી બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહ છે.

હરિભદ્ર અષ્ટક ૯માં કહ્યા મુજબ:
'બુદ્ધિ' એટલે વિષય પ્રતિભાસ,
'જ્ઞાન' એટલે આત્મપરિણતિમત્,
'અસંમોહ' એટલે તત્ત્વસંવેદન.

વિશુદ્ધિમગ્ગ ૧૪-૪ પૃષ્ઠ ૩૦૪ ઉપર કહ્યા મુજબ:
શ્રુત = સંજ્ઞા, ચિન્તા = વિજ્ઞાન, ભાવના = પ્રજ્ઞા.

o સરણં ભએ ઉવાઓ રોગે કિરિયા વિસમ્મિ મંતોત્તિ ।
એએ વિ પાવકમ્મોવક્કમભેયા ઉ તત્તેણ ॥૪૭॥
-યોગશતક (પરિશિષ્ટ-૭)

o શસ્ત્ર કરતાં સૂત્ર બળવાન છે અને
એટમ બોમ્બ કરતાં અક્ષર બોમ્બ બળવાન છે.

o

A kind word, a cheerful smile,
a friendly glance, a show of intrest,
touch of sympathy or a helping hand,
any of these can pull the
cord and save a soul from
disaster and death through.

## ૧૨ વિચારકણિકા

(૧) જો મટી એક થવાય, ત્યારે ભક્તિયોગ સિદ્ધ થાય.

(૨) સુરજમુખી ફુલ એ પ્રભુમુખી આરાધનાનું પ્રતીક છે.

(૩) વિચારની વિશાળતાથી જ અંતરની ગ્રન્થિઓ તૂટે છે.

(૪) વિવિધ સંપ્રદાયો એ ધર્મરૂપી યુનિવર્સિટીની શાખાઓ છે.

(૫) ક્ષમાપનામાં દિલ પરોવવાનું કાર્ય એ સોયમાં દોરો પરોવવા જેવું નાજુક છે. દોરો પરોવવામાં આંખ સારી જોઈએ તથા દિલ પરોવવામાં ઉપયોગ સારો જોઈએ. જેમ ગાંઠવાળો દોરો સોયમાં ન પરોવી શકાય, તે રીતે દિલમાં રાગ-દ્વેષની ગાંઠો રાખીને ક્ષમાપના ન થઈ શકે.

સોય - દોરાના સંયોગે વસ્ત્ર સીવાય છે.

રાગ-દ્વેષની ગાંઠરહિત ક્ષમાયાચના એ ભવ ભવ સાથીના સ્નેહ સદ્ભાવને વધારે અને વૈરવિરોધને ઘટાડે છે.

(૬) ક્ષમાયાચના સમયે યાચકભાવ જાગવો જોઈએ. યાચક આંગણે આવીને જે ભાવપૂર્વક અન્ન-વસ્ત્રની ભીખ માંગે છે, તેવા જ ભાવથી સર્વજીવો પાસે ક્ષમાની યાચના કરવી.

(૭) ક્ષમાયાચના સમયે પોતાના અપકાર અને પોતા સિવાય સર્વના ઉપકાર દિલમાં લાવવા જોઈએ. ક્ષમાયાચનાનો સાચો ઉલ્લાસ તો જ જાગે અને ક્ષમાયાચનાનું કાર્ય પ્રાણવાન બને.

(૮) આપણા કરેલા અપરાધોની અને તેમણે કરેલા ઉપકારોની યાદ ક્ષમાપનાનો સાચો લાભ અપાવે છે.

અહંના કારણે ક્ષમાયાચનામાં સંકોચ થાય છે.

તે અહં ભવમાં ભમાવનાર છે.

(૯) ખમવું એટલે સાચું નમવું અને નમવું એટલે સાચું ખમવું. એ રીતે ખમવું અને નમવું પર્યાયવાચક છે. ઉપકારીઓને નમવું અને પોતાના અપરાધના કારણે ખમવું, એ ક્રિયા જ્યારે સર્વજીવોને અનુલક્ષીને થાય છે, ત્યારે ક્ષમાપના ધર્મની આરાધના પૂર્ણ બને છે.

(૧૦) જે ખમે અને નમે તે ભવમાં ન ભમે. જે ન નમે કે ખમે તે ભવમાં ભમે. સાચો સાધક ૧ તણખલાના ઉપકારને પણ યાદ કરી તેને નમતો રહે છે, તેને ભૂલતો નથી.

(૧૧) જીવનો ક્ષમાયાચનાના ભાવપૂર્વકનો નમસ્કાર

તે જિનાજ્ઞાનો નમસ્કાર છે અને

જીવનો આંતર-બાહ્ય તિરસ્કાર તે જિનાજ્ઞાનો તિરસ્કાર છે. ક્ષમાપના ધર્મના અભ્યાસથી તિરસ્કારની વૃત્તિ શમે છે અને નમસ્કારની વૃત્તિ વિકસે છે, જે સાચો મૈત્રીભાવ છે.

મૈત્રીભાવ એ સ્વપરની સાચી હિતચિંતા છે.

ક્ષમાપનાના સેવનથી તે સુદૃઢ બને અને પરિપક્વ થાય છે.

(૯૨) મૈત્રીભાવ પરિપક્વ થવાથી નિર્વૈર દશા નિર્માણ થાય છે.
પર્વાધિરાજની આરાધના વૈર-વિરોધની ગાંઠો ખોલી નાંખવામાં
પરમ સહાયક થાય છે.
જેમણે પવિત્ર થવાના પર્વાધિરાજ નિર્માણ કર્યા તેઓ ધન્ય છે.
તેમના પવિત્ર પાદારવિંદમાં કોટિ કોટિ વંદન.
મૈત્ર્યાદિભાવયોગેન શુભધ્યાનપ્રભાવતઃ ।
સુખં સુખેન પ્રાપ્નોતિ જીવો મોક્ષં ન સંશયઃ ॥૧॥
(પરિશિષ્ટ-૮)

નમસ્કારભાવ આત્મસમભાવરૂપી અદ્વૈતનું સાધન છે.
સ્વાપરાધનો સ્વીકાર અને
પરના ઉપકારનો અંગીકાર એ નમસ્કારપદાર્થ છે અને
તે શરણ ભવભયત્રાણનો વ્યાપક પથ છે.
રાગોનન્યનિષ્ઠતા બુદ્ધેઃ = પ્રભુમાં બુદ્ધિની એકનિષ્ઠતા તે રાગ.
વિરક્તિરહિત અનુરક્તિ અપૂર્ણ છે અને
અનુરક્તિરહિત વિરક્તિ નિઃસાર છે.
૦ મધુર પરિણામ - તિર્યગ્ સામાન્ય યોગે મળે.
તુલ્ય પરિણામ - ઊર્ધ્વતા સામાન્યના વિચારે મળે.
ખીરખંડયુક્ત પરિણામ - ગુણોની પરસ્પર એકતાના યોગે મળે.
અથવા ત્રણે કરણ - ત્રણે યોગના યોગે મળે.

મંત્રની પાંચ ભૂમિકાઓનો અભેદ મંત્રસિદ્ધિને કરે છે.

શબ્દ ઉપરથી અર્થ
અર્થ ઉપરથી વૃત્તિ — મુખ્ય -
વૃત્તિ ઉપરથી ભાવ — ગૌણ -
ભાવ ઉપરથી સત્તા — પૃચ્છા -
સત્તા ઉપરથી સ્વેદ

o अथ योऽन्यां देवतामुपास्तेऽन्योऽसावन्योऽहमस्मीति, न स वेद यथा पशुः । શ્રુતિ: એવો જે સ્વઇષ્ટદેવને

'આ દેવ જુદો છે અને હું જુદો છું'

એમ જુદો માની ભેદદૃષ્ટિથી ઉપાસે છે, તે સ્વઇષ્ટદેવનું અને પોતાનું સત્યસ્વરૂપ પશુની પેઠે સમજતો નથી.

o મધુરરસ એ રસરાજ છે. એ દિવ્ય અથવા અપ્રાકૃત શૃંગાર છે. મધુરરસ કાન્તાભાવરૂપ છે, તેમાં શાન્ત, દાસ્ય, સખ્ય, વાત્સલ્ય આદિ ભાવોનો આનંદ મળી જાય છે. એલચી, કેસર, બદામ, સાકર, મરી, પાણી અને દૂધના ભિન્ન સ્વાદ મળ્યા બાદ વિલીન થઈ એક નવા સ્વાદને સર્જે છે, તેમ રસરાજનું પણ બને છે. ચિત્ત એ લાખની જેમ દ્રવે અને કઠિન બને છે. योषा जारमिव प्रियम् । શ્રુતિ: યુવતીને જેમ જાર અને પતિ પ્રત્યે જુદો જુદો ભાવ હોય છે, તેમ ચિત્તની જુદી જુદી અવસ્થાઓ હોય છે.

○ 'ભક્તિ એ મુક્તિની સાધક છે.'
એનો અર્થ એ છે કે ભગવાનનું કર્તૃત્વ સ્વીકાર્યા પછી
સાધકને અહીં જ મુક્તિ થઈ જાય છે.
એ મુક્તિ કર્મમુક્તિનું પ્રધાનકારણ છે, કારણકે એમાં
अहं करोमि ઈત્યાકારક અહંકારનો વિલય થઈ જાય છે.
મુક્તિનું કારણ ભક્તિ છે,
તેથી કાર્યના અર્થીએ કારણમાં અધિક પ્રયત્ન કરવો જોઈએ,
તો જ કાર્યની નિષ્પત્તિ શીઘ્ર થઈ શકે છે. એ અર્થમાં:
'પ્રત્યેક સત્કર્મ પાછળ પ્રેરણા ભગવાનની છે'
એ સિદ્ધાંત સ્થિર થવો જોઈએ.
'ભગવાનની પ્રેરણા'નો અર્થ એટલો જ કે
સત્કર્મ કરવાની ઈચ્છા ઉત્પન્ન થવામાં હેતુ સમસ્ત
સત્કર્મના ફલસ્વરૂપ ભગવાન પોતે જ હોય છે તે.
સૌને ભગવાનનું અસ્તિત્વ જ સત્કર્મનું પ્રેરક બને છે,
તેથી તે કર્મનું વાસ્તવિક કર્તૃત્વ પોતાને ફાળે જતું નથી
પણ જેમાંથી તેને પ્રેરણા મળે છે તેને ફાળે જાય છે
એ જ 'ભક્તિ મુક્તિની સાધક છે' એ વાક્યનું રહસ્ય છે.
○ ક્રિયાયોગ એટલે તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન
પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય ધ્યાન, કાયોત્સર્ગ.

o મન અને હૃદય મહાસાગરને ગરીબ સાગર તવંગર, દુઃખી સાગર સુખી બનાવે છે, કારણકે એ બન્ને વસ્તુઓ ટંકશાળ લાખ કરતાં પણ વધુ શક્તિશાળી છે. મન અને હૃદયને ઉચ્ચ પ્રકારે કેળવવાનું મહાસાધન તીર્થંકર પરમાત્માએ ફરમાવેલ સામાયિકની પ્રતિજ્ઞા છે. તેમાં 3 યોગ એ મનની, 3 કરણ એ હૃદયની કેળવણી છે.

એકમાં મન કેળવાય છે, બીજામાં હૃદય કેળવાય છે.

o વિચારોને અંતે સિદ્ધાંતો નક્કી થાય છે અને સિદ્ધાંતોના રક્ષણાર્થે આચારસંહિતાની રચના થાય છે. એ આચાર પ્રણાલિકાથી જેટલે અંશે દૂર જવાય, તેટલે અંશે ધર્મથી ભ્રષ્ટ થવાય છે. સિદ્ધાંતોનો નિષ્કર્ષ અને આચારના નિયમો - એ બન્ને વડે આચારો રચાયેલાં છે.

## પરોપકારનો નિયમ

પરના કાર્યમાં તત્પર સજ્જનો સ્વના કાર્યની પરવા ન કરે. જેમ ચંદ્ર પોતાના પ્રકાશથી વિશ્વને શ્વેત બનાવે છે... પણ પોતાના કલંકને દૂર કરતો નથી, તેમ મહાપુરુષો પણ જેને જેને દુઃખી જુએ છે, તેની ચિંતા સેવે છે. જ્યાં સુધી તેને દૂર ન કરે, ત્યાં સુધી તેમને સુખ થતું નથી. કપાસ પણ અન્યને ઢાંકવા માટે કેટલું દુઃખ વેઠે છે ને?

પ્રથમ કપાસના કાલાંમાંથી ફોલીને રૂ કઢાય, પછી પીંજાય,
પછી રેંટીયા દ્વારા કંતાય અને પછી ભાતકીથી વણાટ કરાય.

પરોપકાર માટે જ વૃક્ષો સૂર્યનો તાપ સહે છે,
સૂર્ય જળનું ઉલ્લંઘન કરી ખેદ પામે છે,
નાવ દરિયાના તોફાન સહે છે અને
કાચબો પૃથ્વીના ભારને ઉપાડે છે.

નદીઓ પોતે પાણી પીતી નથી, વૃક્ષો ફળ ખાતા નથી,
વાદળા પોતે ધાન્યનું ભક્ષણ કરતાં નથી,
તેઓનો પ્રયાસ તો માત્ર પરોપકારને માટે જ હોય છે.

0 ખંતો દંતો સંતો મંતસ્સારાહગો નરો હોઇ ।
જો પુણ વિવરીઅગુણો મંતસ્સ વિરાહગો હોઇ ॥

અર્થ: ક્ષમાવાન, ઇન્દ્રીયદમી, શાંત ગુણવાળો પુરૂષ
આ મંત્રજાપ કરે તો આરાધક થાય છે અને
આનાથી વિપરીત ગુણવાળો હોય તો વિરાધક થાય છે.

સમિતિપ્રગુત: સમ્યગ્; ગુપ્તિત્રયપવિત્રિત: ।
અમું પરમનમસ્કારં; ય: સ્મરત્યુપયોગવાન્ ॥

પ્રશ્ન: આત્મા જ પંચ પરમેષ્ઠિ સ્વરૂપ કેમ?
ઉત્તર: આત્મા જ માર્ગદેશક, અવિનાશી, આચારમય,
વિનયમય અને સહાયમય છે.

## પરમાત્માના પાંચ સ્વરૂપ

(૧) એક જ પરમાત્માના પાંચ સ્વરૂપ છે:
અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ.

नमस्कारणीयता चैषां भीमभवगहनभ्रमण-
भीतभूतानामनुपमानन्दरूप - परमपदपुर -
पथप्रदर्शकत्वेन परमोपकारित्वादिति । (પરિશિષ્ટ-૯)

એમાં જ્યારે અરિહંત સ્વરૂપની ઉપાસના કરીએ ત્યારે એમ વિચારવું કે: 'તેઓ સર્વ વિશ્વ ઉપર ઉપકાર કરનારા છે.' આમ તેમના ઉપકારક સ્વરૂપને ચિંતવવું.

(૨) સિદ્ધની ઉપાસના વખતે એ દૃષ્ટિ સામે રાખવી કે તેઓને સર્વ ગુણ પ્રકટ્યા સર્વ શક્તિઓ સિદ્ધ થયેલ છે.

नमस्करणीयता चैषामविप्रणाशि - ज्ञान - दर्शन - सुख -
वीर्यादिगुण युक्ततया स्वविषयप्रमोदप्रकर्षोत्पादनेन
भव्यानामतीवोपकारहेतुत्वादिति । (પરિશિષ્ટ-૧૦)

(૩) આચાર્યની ઉપાસના વખતે પંચાચાર આચારનું ચિંતન કરવું. આચાર્યોએ બતાવેલા દરેક શુભ આચારો practical છે. તેઓનું જીવન practical હતું અને તે આપણા જીવનને પણ practical બનાવે છે.

नमस्यता चैषामाचारोपदेशकतयोपकारित्वात् ।
(પરિશિષ્ટ-૧૧)

(૪) ઉપાધ્યાયની આરાધના વખતે એ રીતે ચિંતવવું કે
તેઓ સન્માર્ગનું શિક્ષણ આપનારા ગુરૂઓ છે.
नमस्यता चैषां सुसंप्रदायातजिनवचनाध्यापनतो
विनयेन भव्यानामुपकारित्वात् । (परिशिष्ट-१२)

(૫) સાધુપદની ઉપાસના કરતી વખતે એમ ચિંતવવું કે
તેઓ આપણને પ્રતિપદ સહાય કરનારા છે.
एषां नमनीयता मोक्षमार्गसाहाय्यकरणेनोपकारित्वात् ।
(परिशिष्ट-१३)

(૬) આવી રીતે પાંચ સ્વરૂપે રહેલા પરમાત્માને કરાતો નમસ્કાર સર્વ પાપકર્મોનો, પાપી વિચારોનો અને સૂક્ષ્મ વાસનાઓનો ક્ષય કરે છે. તે સર્વ મંગળોમાં શ્રેષ્ઠ મંગળ છે.

(૭) આવા પરમાત્માને નમસ્કાર કરતી વખતે
હું તેમની સાથે ઓતપ્રોત થઈ જાઉં છું,
હું પોતાપણું કશું જ રાખતો નથી, બધું જ સમર્પણ કરું છું,
એટલે હું પરમાત્માની સાથે એકમેક થઈ જાઉં છું,
પરમાત્મા અને મારામાં હવે કોઈ દ્વૈતભાવ નથી.

० जयो वैरं प्रसूते च, दुःखं शेते पराजितः ।
उपशान्तः सुखं शेते, हित्वा जयपराजयौ ॥ (परिशिष्ट-१४)

आनन्दं ब्रह्मणो विद्वान्बिभेति कदाचन । અર્થાત્:
આત્માના આનંદને જાણનાર ક્યારેય ભય પામતો નથી.

o 'तज्जीवस्योपकाराद् तद्देहस्यापकारकम् ।
तद्देहस्योपकाराद् तज्जीवस्यापकारकम् ॥१॥'
-इष्टोपदेश-१९ पूज्यपादकृत पृ-१०७ (પરિશિષ્ટ-૧૫)

o मोक्ष आत्मा सुखं नित्यः शुभः शरणमन्यथा ।
भवेऽस्मिन् वसतो मेऽन्यत् किं स्यादित्यापदि स्मरेत् ॥१॥

ભાવાર્થ: આત્મા અરિહંતસ્વરૂપ, સિદ્ધસ્વરૂપ, સાધુસ્વરૂપ, ધર્મસ્વરૂપ, મોક્ષસ્વરૂપ, સુખસ્વરૂપ, નિત્યસ્વરૂપ તથા મંગળ, શરણ અને લોકોત્તમ સ્વરૂપ છે.

સંસારની આપત્તિ સમયે એમ વિચારવું કે:
તે સિવાય મને બીજું શરણ કોણ છે?

આત્મા એ જ મંગળ, લોકમાં ઉત્તમ, પરમ શરણ છે.
સંસારમાં આત્માને છોડી બીજું કોણ મંગળ, શરણ કે ઉત્તમ છે?

o લોકને ઉપદેશ દેતી વખતે આત્મા અરિહંતસ્વરૂપ, સ્વરૂપરમણ વખતે સિદ્ધસ્વરૂપ, આચારપાલન વખતે આચાર્યરૂપ, પઠન-પાઠન વખતે ઉપાધ્યાયસ્વરૂપ અને પરને સહાય કરતી વખતે આ આત્મા સાધુસ્વરૂપ છે.
એમ પાંચ પરમેષ્ઠિ આત્માના જ પંચકૃત્યરૂપ છે.

o निर्धनत्वं धनं येषां मृत्युरेव हि जीवितम् ।
किं करोति विधिस्तेषां सतां ज्ञानैकचक्षुषाम् ॥१॥
(પરિશિષ્ટ-૧૬)

## મહામંત્રનો મહિમા

યશઃ કીર્તિઃ બલં લક્ષ્મીઃ સિદ્ધિં ચ મહોત્સવમ્ ।
નવં નવં પ્રમોદં ચ લભતે નાઽત્ર સંશયઃ ॥ (પરિશિષ્ટ-૧૭)

## નમસ્કારનો પ્રભાવ

નમસ્કારનો પ્રભાવ એ સમ્યગ્ પરિણામ,
તેનો પ્રભાવ સકલસત્ત્વહિતાશયરૂપ સર્વવિરતિ પરિણામ, તેનો પ્રભાવ અપ્રમત્તભાવ, તેનો પ્રભાવ શુક્લધ્યાન અને ક્ષપકશ્રેણી આરોહણ છે, તેનો પ્રભાવ ઘાતિકર્મનો ક્ષય અને કેવળજ્ઞાન, તેનો પ્રભાવ શૈલેશીકરણ અને અઘાતિકર્મનો ક્ષય તથા એ બંનેનો પ્રભાવ સકલ કર્મ નિર્મોક્ષ અને શાશ્વત અવ્યાબાધ પરમપદની પ્રાપ્તિ.
નમસ્કારથી થાય મોક્ષસુખનો લાભ, સ્વસ્વરૂપની પ્રાપ્તિ,
આત્મસાક્ષાત્કાર, સર્વજીવોને ઉપકાર,
અનંતકાળ માટે અપકારથી નિવૃત્તિ અને ઉપકારમાં પ્રવૃત્તિ.

નમો = તપ = પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ.
લોગ = સ્વાધ્યાય = ત્રિવિધ જપ
મંગલં = ઈશ્વરપ્રણિધાન = કાયોત્સર્ગ અને ધ્યાન.

o પ્રેમ અને પરોપકાર એ તો
સ્વર્ગના અમૃતથી પણ ચઢિયાતું માનવભવનું અમૃત છે.

## અમારી પ્રવર્તન

પર્યુષણના પાંચ કર્તવ્યોમાં પ્રથમ અમારી ઉદ્‌ઘોષણા અને બીજા સાધર્મિક વાત્સલ્ય કર્તવ્યનું માહાત્મ્ય ઘણું છે. જૈનોની સમગ્ર આરાધનાનું લક્ષ્ય અહિંસક વૃત્તિ છે, તેથી તેની સિદ્ધિ માટે પ્રથમ અને દ્વિતીય કર્તવ્ય છે. અમારી એ પ્રારંભનું કર્તવ્ય છે અને વિશ્વમાં અહિંસક ભાવ પ્રગટાવવાની જવાબદારી શ્રી જૈનસંઘને સોંપી છે. ચતુર્વિધ સંઘના સહયોગથી એ કાર્યની સિદ્ધિ શક્ય હોવાથી પરસ્પર વાત્સલ્ય એ પણ પરમ કર્તવ્ય છે.

એમાં મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય અંતર્ગત આવી જાય, કેમકે તે ૪ ભાવ હોય તો જ વાત્સલ્ય શક્ય બને. એ ભાવમાં કૃતજ્ઞતા અને પરોપકાર ગુણનું મહત્ત્વ તથા અનિવાર્યતા પણ આવી જાય છે.

षड्जीवनिकायहितं परमात्मस्वरूपं परमध्येयं...
ध्याता, ध्येयं तथा ध्यानं, त्रयमेकात्मतां गतं ।
– શ્રી વીતરાગ સ્તોત્ર, ૧૩/૮ (परिशिष्ट-१८)

o રક્તવર્ણ પ્રાણવાયુ હૃદયમાં, નીલવર્ણ અપાનવાયુ ગુદામાં, શ્વેતવર્ણ સમાનવાયુ નાભિમાં, પાંડુર ઉદાનવાયુ કંઠમાં અને જ્વાળા સમાન વ્યાનવાયુ સર્વ શરીરમાં રહે છે.

તા. 19-9-64

સહજમળનો હ્રાસ અસદ્આલંબનોનો ત્યાગ માંગે છે. ભવ્યત્વનો વિકાસ સદ્આલંબનોનો સ્વીકાર માંગે છે. અસદ્આલંબનોના ત્યાગ સિવાય સદ્આલંબનોનું સેવન કોઈ રીતે ગુણસ્થાનકની વૃદ્ધિ કરાવી શકતાં નથી. એ પ્રમાણે સદ્આલંબનોના સ્વીકાર વિના જ કેવળ અસદ્આલંબનોનો ત્યાગ પણ સ્વકાર્યકારી થઈ શકતો નથી. અભ્યાસ અને વૈરાગ્ય કે જ્ઞાન અને ક્રિયા ઉભયનો યોગ અસત્નો ત્યાગ અને સત્નો સ્વીકાર સાથે જ જરૂરી છે.

## ધ્યાનાદિ સમાધિના ૯ સોપાન

(૧) નૂપુરત્રય = વૃત્તત્રય = જાગ્રત (૨) ષોડશદલ = સ્વપ્ન
(૩) અષ્ટદલ = સુષુપ્તિ (૪) ચતુર્દશાર = ઈશ્વર વિચાર
(૫) દ્વાદશાર = ગુરુ ઉપાસના (૬) અંતર્દશાર = શ્રવણ
(૭) અષ્ટાર = ચિન્તન મનન (૮) ત્રિકોણ = નિદિધ્યાસન
(૯) બિંદુ = સવિકલ્પ અને સાપેક્ષ નિર્વિકલ્પ સમાધિ.

તુર્ય + તુર્યાતીત

જ્ઞાની સ્થિતિને પામેલાનો દ્વેષ ક્રિયમાણ નામના પાપોને ગ્રહણ કરે અને સેવા ક્રિયમાણ નામના પુણ્યને લઈ લે છે. પાપ-પુણ્ય ઉભયથી રહિત થયેલા તેઓ મુક્તિને પામે છે.

## ક્રૂરતા અને વીરતા

ક્રૂર તે છે જે પોતાના સ્વાર્થ માટે બીજાનો સંહાર કરે છે.
વીર તે છે કે ન્યાય અને માનવતા માટે મરી ફીટે છે.
વીરતામાં ક્રૂરતા, કરપીણતા અને કાયરતા નથી,
ક્રૂરતામાં વીરતા અને નિર્ભયતા નથી,

## Total surrender

પરમાત્માના શરણ વિના ઇષ્ટસિદ્ધિ નથી એમ બધા ધર્મો કહે છે. પરમાત્માનું શરણ લેવું એટલે પોતાનું સમગ્ર જીવન પરમાત્માના કાર્યને સોંપી દેવાનો પાકો નિશ્ચય. આ પાકો નિશ્ચય થયા પછી પોતે જેવો છે તેવો સ્વીકારી લેવા પરમાત્માને પ્રાર્થના અને પાકા નિશ્ચયને મધ્યમાં રાખી મન, પ્રાણ, શરીરની દરેક પ્રવૃત્તિ કરવી જોઈએ અને ત્યારે જે અર્પણતા અશેષ થાય, એને જ બીજાઓ surrender, self-offering, consecration કહે છે.

દૈવતનને ઈંધન કહેવાય છે નથી

મૃત્યુને પણ બીવાવનાર મરણને 'અમરપદ' કહેવાય છે.

o आत्मार्थं जीवलोकेऽस्मिन् को न जीवति मानव !
परं परोपकारार्थं यो जीवति स जीवति ॥१॥ સદુક્તિ:

હે માનવ! આ દુનિયામાં પોતાની માટે કોણ જીવતું નથી? પણ બીજાના ઉપકાર માટે જે જીવે છે, તે જ ખરેખર જીવે છે.

## આત્મકલ્યાણ

આત્મા તરફ દૃષ્ટિ કરવાથી થતું કલ્યાણ
એવો 'આત્મકલ્યાણ' શબ્દનો અર્થ છે.
દેહ, મન અને ઇંદ્રિયોની શુદ્ધિ માટે અનુક્રમે
અહિંસા, સંયમ અને તપનું વિધાન છે.
મનોનિગ્રહ માટે તપ, ઇંદ્રિયનિગ્રહ માટે સંયમ અને
દેહ-પ્રાણ આદિના નિગ્રહ માટે અહિંસા સાધન છે.
વળી અહિંસાનું સાધન મૈત્ર્યાદિ પણ છે,
સંયમનું સાધન વૈરાગ્ય આદિ પણ છે અને
તપનું સાધન જ્ઞાન આદિ પણ છે.
જ્ઞાનાદિ માટે સાધુસેવા, વૈરાગ્યાદિ માટે તપ-ત્યાગ અને
મૈત્ર્યાદિ ભાવ લાભ માટે આત્મૌપમ્યભાવ છે, જ્યારે
આત્મૌપમ્યભાવ માટે 'પરસ્પરોપગ્રહ'નો સિદ્ધાંત છે.

## વિચાર-આચાર

વિ + ચર = વિશેષે ચરવું, આચરવું તે વિચાર.
એ અર્થમાં 'વિચાર' એ આચારનો અભાવ નહિ,
પણ વિશિષ્ટ પ્રકારનો આચાર સમજવો.

o

*only that thing is safe,*
*which is given to the divine.*

## ક્રિયાયોગ

તપ:સ્વાધ્યાયેશ્વરપ્રણિધાનાનિ ક્રિયાયોગઃ । અર્થાત્ઃ
તપ-સ્વાધ્યાય-ઈશ્વરપ્રણિધાનઃ એ ત્રણ ક્રિયાયોગ છે.

નમો = અભ્યંતર તપ(પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચાદિ)
તથા બાહ્યતપ (અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપાદિ)

અરિહં = સ્વાધ્યાય (આત્મચિંતન, આત્મભાવ, રસત્યાગ,
મોક્ષશાસ્ત્ર અધ્યયન અને મંત્રજાપ ઈત્યાદિ)

તાણં = પ્રણિધાન(ધ્યાન, કાયોત્સર્ગ, કાયક્લેશ, સંલીનતા)

પ્રાયશ્ચિત = અનશન, વિનય = ઉણોદરી,
વૈયાવચ્ચ = વૃત્તિસંક્ષેપ, સ્વાધ્યાય = રસત્યાગ,
ધ્યાન = કાયક્લેશ, કાયોત્સર્ગ = સંલીનતા.

પંચ નમસ્કારથી મનસાતીત ભૂમિમાં પ્રવેશ કરીને પછી આત્માનાથી ભયમુક્ત બનાય છે. આંખોને મન સાથે, મનને દિલ અને દિલને દેહાધિદેવ સાથે જોડી ચરમ ભયમુક્ત અવસ્થા આવે, ભવિતાથી ભય નાશ પામે છે.

पंच वि अरहन्ताइं परमेट्ठी झाह झाअह किमण्णं ।
होऊण निव्विकप्पा परमरमा होऊण तह ॥ અર્થાત્ઃ
સમતારક્ત તથા નિર્વિકલ્પ થઈ સદા પંચપરમેષ્ઠિનું ધ્યાન કરો.

-પ્રાકૃતદ્વ્યાશ્રય - સર્ગ-૭ શ્લો -૬૮

ધર્મ એટલે દાન - શીલ - તપ - ભાવ.

દાન એ પરપદાર્થભાવનો ત્યાગ છે.

શીલ એ મન અને ઈંદ્રિયોને સ્વમાં લીન કરવાનો પ્રયોગ છે.

તપ એ પરપદાર્થની ઈચ્છાનો ત્યાગ છે.

ભાવ એ સ્વની સાથે મળી જવાનો પ્રયોગ છે.

માયા એટલે વિકારી.

વિકારવશ વિચારને 'વિકલ્પ' કહેવાય છે.

વિકારયુક્ત કર્મને 'વિકર્મ' કહેવાય છે.

વિકલ્પમાં આ વિકારી ફક્ત મનમાં રહે છે અને વિકર્મની અંદર આ વિકારી વચન અથવા કૃતિમાં આવે છે.

० क्रूरकर्मसु निःशंकं देवतागुरुनिन्दिषु ।
आत्मशंसिषु योपेक्षा तन्माध्यस्थ्यमुदीरितम् ॥ અર્થાત્:

ક્રૂરકર્મની નિન્દા એટલે દુષ્કૃતગર્હા, દેવતા-ગુરુની સ્તુતિ એટલે સુકૃતાનુમોદના, અનાત્મશંસિતા એટલે શરણાગમન. મહાપુરુષોની મૈત્રીના, પ્રમોદના અને કરુણાના પાત્ર બનવું હોય પણ ઉપેક્ષાના પાત્ર ન બનવું હોય, તેણે દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને શરણાગમન સ્વીકારવા.

જો તે ત્રણે વાનાં ન હોય,

તો તે મહાપુરુષોની ઉપેક્ષાનાં પાત્ર બની જાય છે, કેમકે

જો દુષ્કૃતગર્હા નહિ હોય તો ક્રૂર કર્મોમાં નિઃશંકતા ઉત્પન્ન થશે; સુકૃતાનુમોદન નહિ હોય તો સુકૃતના ભંડારરૂપ દેવગુરુ અને ગુણીના નિંદક બનાશે અને અરિહંતાદિતત્ત્વોનું શરણાગમન નહિ હોય, તો તેમના સ્થાને પોતાના આત્માને મૂકવાથી સ્વાત્મશ્લાઘારૂપી પરમ દોષના ભાગીદાર બનાશે. માટે ઉત્તમ પુરુષોએ નિરંતર દુષ્કૃતગર્હાદિ ત્રણેનું સેવન કરવું જ જોઇએ.

કેટલાક લોકો નબળાઈને નમ્રતા, અશક્તિને અહિંસા, પ્રવૃત્તિને પ્રગતિ, પરિવર્તનને વિકાસ માને છે, તે યુક્ત નથી. જેનાથી ઉપકાર થાય તેને નમવું, એ તો માનવ મનનું અંતિમ ફળ છે. સૌથી અધિક ઉપકાર પ્રભુના નામથી થાય છે, માટે પ્રભુને નમવું એ મહદ્ અને પ્રધાન કર્તવ્ય છે.

## ધર્મના લક્ષણ શું ?

સ્નેહમય વિચાર, સ્નેહમય વાણી અને સ્નેહમય વર્તન - એ ધર્મ પામ્યાના અંતિમ લક્ષણો છે.

देहीति वाक्यं वचनेषु नेष्टं नास्तीति वाक्यं ततः कनिष्ठं ।
गृहाण वाक्यं वचनेषु राजा नेच्छामि वाक्यं राजाधिराजः ॥

અર્થાત્: 'આપો' એમ કહેવું ગમતું નથી, 'નથી' એમ કહેવું એનાથી પણ ખરાબ છે. 'ગ્રહણ કરો = લાભ આપો' એમ કહેવું તે રાજા સમાન છે. 'ખપ નથી' એમ કહે તે રાજાધિરાજ છે.

धर्मस्यादिपदं दानं, दानं दारिद्र्यनाशनं ।
जनप्रियकरं दानं, दानं कीर्त्यादिवर्द्धनम् ॥ (परिशिष्ट-१९)

સ્વભાવ અને આત્મરૂપમાં કંઈક ફેરફાર જ કરવો છે,
માટે આંતરૂં પાડ્યા વિના અભ્યાસ નિત્ય ચાલુ રાખો.

પ્રેમ આપશો તો સો ગુણો પ્રેમ મેળવશો.

કુદરતનો નિયમ છે કે એક દાણો વાવો - સો દાણા મેળવો.
દાન દેવાય છે તે ફેંકી દેવાતું નથી પણ વાવણી થાય છે.

ક્યા ત્રણ ગુણવાળો ધર્મનો આરાધક થાય છે?
અક્રોધ, અકામ તથા અલોભ ગુણવાળો ધર્મ પામે છે.
ક્ષાન્તતા = વચનથી દુઃખને ખમવું કે સ્વીકારવું તે.
દાન્તતા = કાયાથી સુખને દમવું કે પરિત્યાગવું તે.
શાન્તતા = મનથી સુખલાભ કે દુઃખનાશની ઇચ્છા રોકવી તે.

ઇચ્છાના બે પ્રકારો: સુખલાભ અને દુઃખનાશ.
એ બે વસ્તુઓની ઇચ્છા શમે તે શાન્તતા છે.

कर्तुः स्वयं कारयितुः परेण तुष्टेन चित्तेन तथाऽनुमन्तुः ।
साहाय्यकर्तुश्च शुभाशुभेषु तुल्यं फलं तत्त्वविदो वदन्ति ॥
(परिशिष्ट-२०)

निर्विकल्पाः एते धीरा नवेति संशयरहिता भूत्वा
तथा उपशमपरा भूत्वा पश्चादपि अर्हदादीन् ध्यायत ।
(परिशिष्ट-२१)

## ૭ વિચારરત્નો

(૧) કેવલિ શ્રુત સંઘ ધર્મ દેવાર્ણવાદો દર્શન મોહસ્ય ।
કેવલી, શ્રુત, સંઘ અને દેવના અવર્ણવાદ દર્શનમોહ છે.
તેનો પ્રતિપક્ષ છે શ્રી અરિહંત દેવનો નમસ્કાર.
તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે: ભવનું બીજ કર્મ, કર્મનું બીજ મોહ, મોહનું બીજ મિથ્યાત્વ તથા મિથ્યાત્વનું બીજ છે.
અરિહંતોની સ્તુતિથી તેમનાં શાસન, તેમનો સંઘ, તેમના સેવક સમ્યગ્દૃષ્ટિ દેવ આદિની સ્તુતિ આપોઆપ થઈ જાય છે, તેથી મિથ્યાત્વમોહના ક્ષય દ્વારા અષ્ટકર્મ અને ભવદુઃખનો પણ ક્ષય થતાં મોક્ષ સમીપે આવે છે.

(૨) આ દેવે દેવતા બુદ્ધિ...

પંચ પરમેષ્ઠિ નમસ્કાર વડે
દેવમાં દેવબુદ્ધિ, ગુરુમાં ગુરુબુદ્ધિ અને ધર્મમાં ધર્મબુદ્ધિ
દૃઢ થવાથી સમ્યક્ત્વ નિર્મળ બને છે.

(3) રુચિર્જિનોક્ત તત્ત્વેષુ...

જિનેશ્વરોને નમવાથી
'તેમણે કહેલાં તત્ત્વો મને પ્રમાણ છે'
એવી રુચિ દૃઢ થાય છે અને એ તત્ત્વોને કહેનાર પ્રત્યે
કૃતજ્ઞતાભાવ આવિર્ભાવ પામે છે.

(૪) શમ સંવેગ નિર્વેદાનુકમ્પા...

અરિહંતના નમસ્કાર વડે આસ્તિક્યાદિ ૫ લક્ષણો પ્રગટ થાય. આસ્તિક્યને સૂચવતાં ૬ સ્થાનો, આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, કર્મનું કર્તૃત્વ, કર્મફળનું ભોક્તૃત્વ, કર્મબંધનું નાશિત્વ અને તે માટેના ઉપાયોનું આસ્તિક્ય પ્રકટીને અનુક્રમે અનુકંપા, નિર્વેદ, સંવેગ અને ઉપશમ ગુણ આવિર્ભાવ પામે છે.

(૫) ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતસેવન વડે આપણા આત્મપરિણામની શુદ્ધિ અને સ્થિરતા થાય છે.

નમસ્કાર એ જેમ શરણાત્મક છે, તેમ દુષ્કૃતગર્હાત્મક અને સુકૃતાનુમોદનાત્મક પણ છે.

નમસ્કાર વડે નમસ્કાર્યની અર્હત્તા, શરણ્યતા તથા ઉપાસ્યતાનો સ્વીકાર થાય છે. એ ત્રણેય પરિણામની શુદ્ધિ અને સ્થિરતાથી નિશ્ચયનયના અવલંબનની અને આત્મદર્શનની યોગ્યતા પ્રગટે છે.

'આત્મા એ દેહ, મન, વચન અને કર્મથી ભિન્ન તથા અવિનાશી, અકલંક, જ્ઞાન અને આનંદથી પરિપૂર્ણ છે.'

એવી ભાવના કરવાથી આત્મા જ અરિહંતાદિ સ્વરૂપ બને છે. પછી પરમેષ્ઠિને નમસ્કાર એ પોતાના આત્માને જ નમસ્કારરૂપ બને છે.

એ નમસ્કારથી પોતાના આત્મામાં રહેલ અનંત ચતુષ્ટયીનું

જ્ઞાન, ભક્તિ અને શ્રદ્ધાન થાય છે,

તેથી મિથ્યાત્વ ટળાય અને સમ્યક્ત્વ નિર્મળ બને છે

શુદ્ધાત્મદ્રવ્યમેવાહં શુદ્ધજ્ઞાનં ગુણો મમ ।

નાન્યોઽહં ન મમાન્યે ચેત્યદો મોહાસ્ત્રમુત્તમમ્ ॥ (પરિશિષ્ટ-૨૨)

એ પ્રકારે શુદ્ધનયની ભાવના મોહ ટાળવાનું ઉત્તમ શસ્ત્ર છે.

(૬) પરમેષ્ઠિ નમસ્કાર વડે પોતે પણ તેમના જેવો જ છે,
તેમની જાતિનો જ છે, તેવું પુનઃ પુનઃ સ્મરણ થાય છે.

અનાદિકાળથી પોતાની વિસ્મૃતિ થઈ છે,

પોતે પોતાને જ ભૂલી ગયો છે,

તેથી પુનઃ પુનઃ સ્વસ્વરૂપનું સ્મરણ કરવાની જરૂર છે.

પોતે કેવો છે તેનું ભાન કરાવવા,

પોતાના અસલ સ્વરૂપનું સ્મરણ કરાવનારા

પરમેષ્ઠિઓનું સ્મરણ અતિઆવશ્યક છે.

નમસ્કાર વડે અરિહંતનું પ્રણિધાન અને સ્વસ્વરૂપનું
ભાન એક સાથે થાય છે. એક બાજુ ભક્તિ વડે પુણ્યબંધ
અને બીજી બાજુ આત્મભાન વડે કર્મક્ષય સધાય છે.

(૭) અજકુલગત કેસરી લહે રે, નિજપદ સિંહ નિહાળ,
તિમ પ્રભુ ભક્તે ભવિ લહે રે, આતમશક્તિ સંભાળ.

## નમસ્કારમાં થતો રસાનુભવ

આ નમસ્કાર એ આંતરિક ધન છે,

તેથી ધનના રસની જેમ તેમાં પણ સર્વ રસો સમાયેલાં છે.

૧૦ રસઃ શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્ભુત, શાંત અને વાત્સલ્યરૂપ સર્વ પ્રકારના રસોનો અનુભવ ધનના અર્થી - અભિલાષી જીવોમાં અનુભવાય છે:

(૧) નિર્ધનની દુર્દશા પ્રતિ કરુણા છે.

(૨) ધનથી થનારી તૃપ્તિનો સંતોષ છે.

(૩) ધનપ્રાપ્તિની અપૂર્વતાનું વિસ્મય છે.

(૪) નિર્ધનની અનાવડત ઉપર હાસ્ય છે.

(૫) અધિક અધિક ધન મેળવવાનો ઉત્સાહ છે.

(૬) ધન રખેને ચાલ્યું ન જાય, તેનો ભય છે.

(૭) સ્વધનનું અપહરણ કરનાર ઉપર ક્રોધ છે.

(૮) ધનરહિત અવસ્થા ઉપર ઘૃણા કે લજ્જા છે.

(૯) ધનવાનને ધન ઉપર રતિ - પ્રેમ (શૃંગાર) છે.

(૧૦) પોતાના સંતાનોએ ધનવાન બને તેવી અભિલાષા છે.

આ નવકારમંત્ર પણ આપણું આંતરિક ધન હોવાથી

તેના અર્થી - અભિલાષી જીવોમાં પણ

એ બધા રસો અનુભવાય છે, તે પાછળ લખ્યા મુજબ:

## નમસ્કારમાં નવરસ

(૧) ધર્મપ્રાપ્તિ થતા જાગતો ભય.
(૨) ધર્મની પ્રાપ્તિથી નિરંતર તૃપ્તિ.
(૩) ધર્મની અપૂર્વ પ્રાપ્તિનું વિસ્મય.
(૪) અંતરાત્માને પરમાત્મા ઉપર પ્રીતિ.
(૫) ધર્મમાં વિઘ્નના હેતુઓ તરફ રોષ.
(૬) ધર્મના ભાવશૂન્ય અવસ્થા પ્રત્યે ઘૃણા.
(૭) અંતરાત્માને બહિરાત્મભાવ ઉપર હાસ્ય.
(૮) બહિરાત્મભાવવાળાની દીન-હીન સ્થિતિ ઉપર કરુણા.
(૯) ધર્મમાં આવતાં વિઘ્નોનો વિજય કરવાનો ઉત્સાહ.
(૧૦) 'આવી તૃપ્તિ સર્વને મળો' એવી યાચના - અભિલાષા.

આમ ૯ કે ૧૦ રસયુક્ત ધર્મના મૂળભૂત નમસ્કારનું સ્મરણ એ લૌકિક અમરણરૂપ અમૃત અવસ્થાને સાધનાર થાય છે.
ઇંદ્રિયોનો નાથ મન, મનનો નાથ મારુત, મારુતનો નાથ લય.
લય એ નાદને આશ્રિત છે અને નાદ એ મંત્રને આધીન છે.
મન, પવન અને મંત્રની એકતાથી મંત્રચૈતન્ય પ્રગટે છે.
ઇંદ્રિયોને વશ કરવા મનને, મનને વશ કરવા પવનને, પવનને વશ કરવા મંત્રને, મંત્રને સિદ્ધ કરવા લયને સાધવો.
તે લય અનાહતનાદને અને તે નાદ મંત્રચૈતન્યને આધીન છે.

## વિચાર - વિવેક - વૈરાગ્ય

અધ્યાત્મવિદ્યા એ કેવળ ગુરુગમ્ય હોઈ
અહીં ગુરુશરણ એ અધિકારિતા, ગુરુવચન એ શાસ્ત્ર
અને ગુરુઆજ્ઞા એ સાધના ગણાય છે.

ધર્મજ્ઞાનનો અભાવ એટલે ધર્મપ્રીતિનો અભાવ નહિ.
માનવ એ કોઈ માત્ર રાસાયણિક ક્રિયાનું પરિણામ નથી,
એના જીવનપ્રસંગોમાં ઊર્મિ - સ્નેહ જેવાં તત્ત્વો વસેલાં છે
અને તે ધર્મનું માહાત્મ્ય વહાલપૂર્વક સમજાવે પણ છે.
ધર્મ એક જીવનતત્ત્વ છે, રાજકારણ એક પરિસ્થિતિ છે.
જીવનતત્ત્વના અભાવમાં કોઈ પરિસ્થિતિ હોતી નથી.
ધર્મની સમજ અને સન્માન વિનાનું રાજકારણ એ
નર્યું પોલાણ છે, મોડું વહેલું તે જમીનદોસ્ત થવાનું છે.
સર્વધર્મ સમભાવ અને સર્વધર્મ સન્માનની ભાવનાની
પાછળ ઊંડે ઊંડે પણ સર્વધર્મ ઉપેક્ષા વસી હશે, તો તેવું
રાજકારણ શીઘ્ર વિનાશ પામશે. પ્રત્યેક ધર્મની યથાયોગ્ય
નોંધ લઈ તેના કાર્યોમાં સહૃદય અનાસક્ત ફાળો આપવો.
એથી આ રાજકારણ પણ સ્વધર્મપરાયણ બની શકશે.
સર્વધર્મ પ્રત્યેના સમભાવનું સૂત્ર જેટલું પવિત્ર છે,
તેટલું જ સર્વધર્મ ઉપેક્ષાનું વલણ ખતરનાક છે.

ધર્મ જ પ્રજાને ધારણ કરે છે.

વિચારથી જ વિવેક અને વિવેકથી જ વૈરાગ્ય ટકે છે.

જૈન તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત એ વૈચારિક ક્ષેત્રે અહિંસાનો સિદ્ધાંત છે. જેમ સમ્યક્ચારિત્રવાળો મહાત્મા દરેક જીવના જીવનને સન્માને છે, તેમ સમ્યગ્ રીતે વિચારનારો મહાત્મા પણ બધાં નિવેદનોમાં રહેલ તથ્યોનો સ્વીકાર કરે છે.

દુઃખથી તો જીવન ઘડાય છે, સુખથી સ્વચ્છંદી બનાય છે. મનનું દુઃખ જ માનવીને અકાળે વૃદ્ધ બનાવે છે અને જિંદગીને ટૂંકી કરે છે. યોગશતક ગાથા ૮૫માં કહ્યું છે કે:

જેટલા પ્રમાણમાં કષાય અને સંક્લેશજન્ય વિકૃતિઓથી મુક્ત થઈને અધ્યવસાય શુદ્ધિ પામતો જાય છે, તેટલા પ્રમાણમાં જીવનો ઈતર જીવો સાથે આત્મૌપમ્યભાવ વધારે સ્પષ્ટ થતો જઈ જીવનમાં ઉતરતો જાય છે.

ધર્મ એ રથ, ધર્મધારકો તુરંગ તથા જિનેશ્વર સારથિ છે.

ધમ્મસ્સ હોઇ મૂલં સમ્મત્તં સવ્વદોસપરિમુક્કં |
તં પુણ વિસુદ્ધ-દેવાઇ સવ્વ-સદ્દહણપરિણામો ||૧||

અર્થાત્: ધર્મનું મૂળ સર્વદોષથી રહિત સમ્યક્ત્વ છે અને તે વિશુદ્ધ દેવાદિ પ્રત્યે સર્વ શ્રદ્ધાના પરિણામરૂપ છે.

o I would better die than think-

આમ વિચારવું તે જડતા તથા મતિમૂઢતાની અવધિ છે.

## વેદોનો પ્રભાવ

આત્મજ્ઞાનમૂલકઃ ભક્તિપ્રધાનઃ નિષ્કામ કર્મયોગો હિ હાર્દમ્ । તતઃ શબ્દ-નિવૃત્તિ-શ્રુતેઃ । - ભગવદ્ ગીતા

અર્થાત્ઃ આત્મજ્ઞાનસ્વરૂપ, ભક્તિપ્રધાન અને ઇચ્છા વગરનો કર્મયોગ જ તત્ત્વ છે. તેનાથી (શ્રોતા મનમાં રહેલા) શબ્દની નિવૃત્તિ થાય છે, એમ સાંભળેલું છે.

મૂળનાદઃ સ્ફોટ છે, એમાંથી જ સ્ફુટ થઈને જ્ઞાન નીકળ્યું છે. અ થી ઠ સુધી જેટલા વર્ણ છે, તે સર્વમાં સ્ફોટરૂપી મૂળનાદના અપાર અને અસંખ્ય ગુણોની થોડી - ઘણી ઝલક છે. એ કલ્પિત વર્ણોના સંયોગથી બનેલા રામ, કૃષ્ણ, શિવ વગેરે નામોનો પણ કલ્યાણપ્રદ પ્રભાવ છે, પરન્તુ તે બધા સહસ્ત્રાક્ષરા વાણીની તુલનામાં આવી શકે નહિ. વેદોક્ત વિધિથી વેદોક્ત ભગવન્નામનો જપ કરવાથી જ

ઐહિકામુષ્મિક સિદ્ધિ થાય છે તથા

પરમ શ્રેય અર્થાત્ મોક્ષમાં સ્થિતિ મેળવી શકાય છે.

યાવદ્ બ્રહ્મ તિષ્ઠતિ વાક્ ।

અર્થાત્ઃ જ્યાં સુધી બ્રહ્મ છે, ત્યાં સુધી વાણી છે.

વાચ્ય અને વાચક એકબીજાથી અભિન્ન છે.

ઈશ્વરવાચક પરાવાક્ ઈશ્વરથી અભિન્ન છે અથવા

વાક્ સમસ્ત વેદોમાં વ્યાપ્ત છે.

સર્વત્ર પરાવાક્, પ્રણવ અને ભગવન્નામ વ્યાપ્ત જ છે.

પરાવાક્ કે પરમનાદને સાક્ષાત્ પણ જાણવાથી

સ્વરૂપસ્થિતિ અર્થાત્ મોક્ષને મેળવી શકાય છે.

પ્રણવ ધ્વન્યાત્મક છે, વર્ણાત્મક નહિ.

વર્ણાત્મક પ્રણવ પરમનાદની બહુ ઝીણી-અધૂરી છાયામાત્ર છે.

પરમનાદ અનુચ્ચાર્ય છે, તેથી તેનો અનુભવ થઈ શકે છે, વર્ણન નહિ. અનુચ્ચાર્ય અર્ધમાત્રા એ જ ભગવન્નામ છે.

## ધર્મ અને વિજ્ઞાન

વિજ્ઞાન સગવડ આપે છે, ધર્મ શાંતિ આપે છે. વિજ્ઞાન શરીર છે, ધર્મ આત્મા છે. વિજ્ઞાન પરિધિ છે, ધર્મ કેન્દ્ર છે.

સ્મરણ એ ધ્યાન નહિ પણ એક ધારણા છે.

ધ્યાનનો અર્થ સ્મરણને મિટાવી દેવું તે છે.

તેના માધ્યમથી શરીર સ્થિતિ વિલીન થઈ માત્ર ચેતના રહે છે.

૭ ચક્રો એ ધ્યાનમાં પ્રવેશ કરવા માટેના સાધનો છે.

ધર્મનાં ૩ સાધનો- શરીરશુદ્ધિ, વિચારશુદ્ધિ, ભાવનાશુદ્ધિ દ્વારા શરીરશૂન્યતા, વિચારશૂન્યતા અને ભાવશૂન્યતા સધાય છે.

ધ્યાનમાં પ્રાપ્ત થયેલ શાંતિને સંભાળી રાખવા ભાવના છે.

પગથિયા ચડ્યા પછી સીડીને સંભાળવાની વધારે જરૂર છે.

સ્વર્ગ કે નરક ભૌગોલિક તો ખરી, માનસિક સ્થિતિ પણ છે.

○ આત્માનું સતત સાન્નિધ્ય તે જ ખરો 'ઉપવાસ' છે.
તેને 'આત્માનુભૂતિ' પણ કહી શકાય.

દરેક બીજમાં વૃક્ષ થવાની સંભવ છે; ન બને તે જુદી વાત છે.
પાણી, હવા, પ્રકાશ ન મળે તો બીજ વૃક્ષ ન પણ બને
પણ મળે તો અવશ્ય બને.

○ દુઃખપ્રદ વાતોને યાદ કરવાને બદલે
વિધાયક વાતો, સુંદર અનુભૂતિઓને યાદ કરો.

○ મનુષ્ય નથી પૂરો બંધાયેલો કે નથી પૂરો મુક્ત.
ભૂતકાળના કર્મોથી આત્માનો એક હિસ્સો બંધાયેલો છે,
બાકી મુક્ત છે. એક જ પગ ઉઠાવી શકાય, બન્ને નહિ.
કર્મ એ બંધન છે પણ તેનાથી મુક્ત થઈ શકાય છે.
ભૂતકાળે બાંધ્યા છે, ભવિષ્ય માટે તમે મુક્ત છો.
જ્યાં બંને પગ બંધાય, ત્યાં નર્ક - છુટી જાય, ત્યાં મુક્તિ છે.
અનુભવ અખંડિત છે, રસ્તો ક્રમિક છે.
સત્યનું દાન શબ્દથી શકાતું નથી પણ
ઈશારો બતાવીને ઉપલબ્ધ કરાવી શકાય છે.
આપણામાં કેટલી ભૂલો છે તે બુદ્ધિથી જાણી શકાય છે પણ
કેવળ બુદ્ધિ વડે તેને સુધારી શકાતી નથી;
ભૂલોને સુધારવા માટે તો વ્યક્તિત્વને બદલવું જોઈએ.

વ્યક્તિત્વના 3 સ્તર: ભાવના, વિચાર અને આચરણ.

ભાવનાને સંયમથી, વિચારને ધ્યાનથી અને
આચરણને સંયમ તથા ધ્યાન એમ બંનેથી બદલી શકાય છે.
ભાવને સંયમિત કરી તથા વિચારને શૂન્ય કરી
આચરણને શુદ્ધ કરી શકાય છે.

ભાવજગતમાં સંયમ લાવવા નિરીક્ષણનો પ્રયોગ આવશ્યક છે. ભાવનાં નિરીક્ષણથી ભાવ તુર્ત સંયમમાં પલટાઈ જાય છે. વિચારોનું તટસ્થ નિરીક્ષણ કરવાથી વિચારશૂન્ય થઈને ધ્યાનમાં બદલાઈ જાય છે. ઘરમાં દીવો હોય તો ચોર નહિ આવે, અંદરની ચેતના જાગ્રત હોય તો વિચાર પ્રવેશ નહિ કરી શકે. આચરણ ભાવ અને વિચારની સંયુક્ત ક્રિયા છે.

જે આચરણ ભાવનાં સંયમને તોડે અને
વિચારોના વેગને વધારે તે અશુદ્ધ આચરણ છે.

આચરણને શુદ્ધ કરવા વ્યક્તિત્વના મૂળ સુધી જવું પડશે; તથા વિચાર અને ભાવોના મૂળને પણ ઓળખવું પડશે. ઊંડાણમાં પરિવર્તન થશે તો જ આચરણ સુધરી શકશે.

વાસ્તવિક જીવન પ્રાપ્ત કરવા માટે

ભાવશૂન્યતા, વિચારશૂન્યતા અને દેહશૂન્યતા સાધવા પડશે. એવા તરંગશૂન્ય સ્થિતિમાં જ સ્વયંનો અનુભવ થઈ શકે અને ત્યારથી જ વાસ્તવિક જીવનની શરૂઆત થાય છે.

એની પહેલાંનું જીવન એ ખરું જીવન નહિ,
કેમકે મૃત્યુ તેને નષ્ટ કરી શકે છે.
જીવન તે છે જે અમૃત, શાશ્વત અને અવિનશ્વર છે.
જીવન તે છે જેની આદિ કે અંત નહિ,
જેને પામી વ્યક્તિ સાર્થકતા - કૃતાર્થતા અનુભવ કરે છે.
જેને 'માનવ' કહેવાય તેનો સંબંધ સ્વની સાથે નહિ પણ
સ્વના ઢાંકણ એવા દેહ, મન અને ઇંદ્રિયો સાથે છે.
સમસ્ત વિજ્ઞાન સ્વના જ્ઞાનને છોડી મસ્તિષ્કની ઉપજ છે.
વિશ્વમાં અસંખ્ય પુસ્તકો છે છતાં મનુષ્ય અજ્ઞાની કેમ?
સ્વની ઉપલબ્ધિ પુસ્તકીય જ્ઞાનથી થતી નથી.
પરમનું જ્ઞાન પોતાથી જ થાય, દેહ, મન, ઇંદ્રિયોથી નહિ.
સ્વજ્ઞાનમાં તેઓ અંતરાયરૂપ હોવાથી તે સૌની ઉપર ઉઠવું.
મોક્ષ એ ચેતનાની સ્થિતિ છે કે જ્યાં જાણના પ્રભાવે નહિ
પણ સ્વપ્રભાવથી પ્રકાશિત થવાનું છે.
ભોગથી રાગ, ત્યાગથી વિરાગ, બંધનથી રાગ-વિરાગ વિભક્ત
અથવા વીતરાગતા આવે છે.
વિચાર બહારથી અંદર અને જ્ઞાન અંદરથી બહાર આવે છે.
જ્યાં સુધી વિચારો બહારથી અંદર આવે,
ત્યાં સુધી જ્ઞાનને અંદરથી બહાર આવવાનો રસ્તો બંધ રહે.

o અંધકાર અને પ્રકાશની લડાઈમાં પ્રકાશ જ જીતે છે.
સંતો એ પ્રકાશ છે. સંત બનવાનો, સત્યને પ્રાપ્ત કરવાનો
સૌ કોઈનો જન્મસિદ્ધ અધિકાર છે.
બીકેલો ચાલી જુએ તો ખબર પડે કે ચાલી શકે છે કે નહિ?
સત્યને અંશતઃ પામી શકાતું નહિ, સમગ્રપણે પમાય છે.

જેમણે સત્યને મેળવ્યું છે,
તેમણે ભાષાથી નહિ પણ મૌનથી મેળવ્યું છે.

સત્યપ્રાપ્તિની એક વિશિષ્ટ પદ્ધતિ છે, પરિભાષા નહિ.

સત્ય જાણી શકાય છે, જણાવી શકાતું નહિ.

માયા ભગવાન નહિ, સત્ય ભગવાન છે.

જન્મથી જે જીવન પ્રાપ્ત થાય છે, તે વાસ્તવિક નહિ પણ
માત્ર એક સંભાવના છે. તે સમયે આપણે પથભ્રષ્ટ થઈએ.
વાસ્તવિક પથ ઉપર પહોંચવાને માટે
સંભાવનાને વાસ્તવિક જીવનમાં બદલવી પડશે.
વાસ્તવિક જીવન પામવા ભાવશુદ્ધિ,
વિચારશુદ્ધિ અને દેહશુદ્ધિની સાથે ભાવશૂન્યતા,
વિચારશૂન્યતા અને દેહશૂન્યતા પણ અનુભવવી પડશે.

મુક્તિ = મનની ક્રિયા રોકવાથી જે સક્રિયતા વધી જાય છે તે.

અહિંસા = પ્રેમ, સ્વયં અને સમસ્ત વચ્ચેનો એકાત્મભાવ.

જે સ્વયંને જાણી લે છે, તે એ પણ જાણી લે છે કે
'જે આત્મા પોતામાં છે, એ જ સમસ્ત જીવોમાં છે'
આથી સ્વાભાવિક રીતે જ પોતામાંથી
સર્વ તરફ પ્રેમ અને કરુણાનો પ્રવાહ વહેવા લાગે છે.
આ સ્થિતિએ જીવન પોતા માટે નહિ, સૌ માટે બની જાય
તથા વ્યક્તિ સ્વયંને જાણીને સ્વયં મુક્ત બની જાય છે.
'હું છું' એ સિદ્ધ જ છે. 'હું કોણ છું' એ સિદ્ધ કરવાનું છે.
એ જાણવા માટે ૩ મિથ્યા તાદાત્મ્ય તોડવાના છે:
પહેલું તાદાત્મ્ય શરીર સાથે છે,
બીજું વિચારની સાથે અને ત્રીજું ભાવની સાથે છે.
આ ત્રણેને તોડવા એ જ ખરી તપશ્ચર્યા છે.
એ જેમ જેમ તૂટે છે, તેમ ચિત્તની અચેતન કક્ષા ચેતનમય
બનીને અંધકારની જગ્યાએ અંદર પ્રકાશનો જન્મ થાય છે.
શરીરની પ્રત્યેક ક્રિયા અને સ્થિતિમાં
એ યાદ રાખવું કે 'હું શરીર નથી.'
આ સ્મરણ જ ચેતનાને શરીરથી ક્રમશઃ મુક્ત કરે છે.
વિચારના સતત પ્રવાહમાં
'હું વિચાર નથી' તથા ભાવોના સૂક્ષ્મ તરંગો વચ્ચે
'હું ભાવ નથી' એમ યાદ રાખવું.

શરીર, મન અને ચિત્તનું તટસ્થ નિરીક્ષણ અને જાણકારી
ધ્યાનને મનના ઉપરના વિભાગમાં સ્થૂળ બનાવે છે.
ધ્યાન જ્યારે મનાતીત મુક્ત બને ત્યારે જ આ અવસ્થા
સ્વયંમાં પ્રતિષ્ઠિત થાય છે, જેને 'સમાધિ' કહેવાય છે.

સમાધિમાં સત્યનું દર્શન થાય છે.
સત્ય સંપૂર્ણ જીવનને જ બદલી નાંખે છે અને
વ્યક્તિનો બીજો જ જન્મ થાય છે.
એ જ ભાગવત જન્મની શરૂઆત છે.

વાસનામુક્તિ અને કરૂણામાં પ્રતિષ્ઠા એ જ સત્યાનુભવ છે.
એને જ બીજા શબ્દોમાં 'અહિંસા' કહે છે.
ત્યારે અહં ઓગળે છે અને નિરહંકારિતા ફલિત થાય છે.
આ પ્રકારની ચર્યા એ જ બ્રહ્મચર્ય છે.
ભાગવત ચેતનાનો અનુભવ થાય ત્યારે
આત્મા જ પરમાત્મારૂપ બની જાય છે.

પરમાત્મા બનવું એ પ્રત્યેકની અંતર્નિહિત સંભાવના છે.
અહિંસા, અનેકાંત, અચૌર્ય, અપરિગ્રહ, અકામતા અને
વીતરાગતા - એ છ સમાધિના સહજ પરિણામો છે.

o ધર્મરૂપ સુવર્ણની પરીક્ષા શ્રુતરૂપી કષ, શીલરૂપી છેદ,
તપરૂપી તાપ અને દયારૂપી તાડના વડે થઈ શકે છે.

## આશા એ મોટું ઔષધ

ઘણાવાર ઈચ્છા હોય છે પણ આશા હોતી નથી.

નિરાશા સદૈવ વધુ દુઃખકર છે.

જેમને પ્રાપ્ત થયું છે, તેમના તરફ જુઓ.

જે નથી પામ્યા, તેમને ન જુઓ.

જે જીવનનું વૃક્ષ ન થયું, તેના તરફ નજર ન કરો.

જે ફાલીફુલી વિશાળ વૃક્ષ બન્યું છે, તે તરફ જ દૃષ્ટિ રાખો.

રોજ એમ વિચારો કે:

કદી એ કોઈને પણ શાંતિ મળી છે, તો મને કેમ નહિ મળે?

સુંદરનું જીવન - હૃદયના ધબકારા આશાથી ભરપૂર જોઈએ.

આ જગતમાં અશુભ વિચારોની આંધી સાથે દીવડાઓ

પણ ટમટમે છે. શુભ વિચારોના દીવડાઓ પાસે જાઓ.

તેની જ્યોતથી પ્રકાશિત બનશો.

શુભ વિચારોની તથા સત્પુરુષોની નજીક પહોંચો.

જેવા ભાવોનું સ્મરણ કરો છો, તેવા જીવન બાંધો છો.

વિચાર કરતાં પણ ભાવની બળવત્તરતા અધિક છે.

વિચાર વસ્તુતંત્ર છે, ભાવ પુરુષતંત્ર છે.

વિધિ, વિશ્વાસ, ઈચ્છા અને પ્રયત્ન વિના

કેવળ સારા વિચારમાત્રથી જ કાર્યની સિદ્ધિ થતી નથી.

શુભભાવની નજરમાં મૈત્રી, મુદિતા, કરુણા અને કૃતજ્ઞતા
આદિ સાત્ત્વિક રંગોનો સુમેળ જોઈએ.
એનાથી વિપરીત સ્થિતિ તે અશુભભાવ છે.
મૈત્રીથી વિપરીત વેર, કરુણાથી વિપરીત ક્રૂરતા, મુદિતાથી
વિપરીત વિષાદ અને કૃતજ્ઞતાથી વિપરીત કૃતઘ્નતા છે.
શુદ્ધ ભાવ ચિત્તની સ્થિતિ છે. અશુદ્ધ ભાવ ચિત્તની વિકૃતિ છે.
શત્રુતા અને ઘૃણા બહારથી આવે છે.
મિત્રતા અને પ્રેમ અંદરથી જન્મે છે.
મિત્તી મે સવ્વ ભૂએસુ । એ વિચાર નહિ પણ ભાવ છે.
દુઃખભરી દુનિયામાં દુઃખ ન ઉમેરો, બનતું સુખ વધારો.
સમગ્ર ભીડ વિષાદથી ભરેલી છે - ઉદાસ અને ઉદ્વિગ્ન છે.
માત્ર પરમાત્માની નજીક પહોંચેલાં જ પ્રસન્ન છે.
સારું જોવાની આદત જ સદૈવ પ્રસન્નતા આપશે.
જેટલા ઊંચે ચઢવું હોય, તેટલા હળવા બનવું જ જોઈએ,
ઉદાસીનતાનો બોજ નીચે મૂકી દેવો જોઈએ.
આ નાનું શરીર અજાયબ ઘર છે. મોટામોટા કારખાનાઓમાં
પણ રોટલી કે ભાતનું લોહી-માંસ બનાવવાની તાકાત નથી.
આવડા નાના શરીરમાં તે ચમત્કાર થાય છે,
તેને ચલાવવા માટે બળની જરૂર નથી.

બે દેહની ક્રિયાઓ પ્રતિ સમ્યક્ નિરીક્ષણ ઘણું જ રહે,
તો તુરંત જ શરીરશૂન્યતા આવે.

ભૂખ લાગે, પીડા-સુખ-દુઃખ આવે, ત્યારે તટસ્થ બની દેખો. ફિલ્મ કે નાટક જુઓ, ત્યારે તેના પાત્રોના સુખ-દુઃખ જોઈ હસો-રડો છો પણ 'એ પાત્ર તમે નહિ' એમ ચોક્કસપણે જાણો છો, તમે તેની સાથે તદાકારતા નહિ જ અનુભવતા. નિદ્રા કે સ્વપ્નાવસ્થામાં દેહનું સમરણ રહેતું નહિ, તેમ જાગતા હો, ત્યારે થતી પ્રત્યેક ક્રિયામાં દેહને જુદો ગણો તો દેહનું તાદાત્મ્ય તૂટશે. દિવસમાં એક બે વખત શરીરને શિથિલ છોડી, શવાસન કરો યા મૃત્યુનો વિચાર કરો.

મૃત્યુ પાછળ થનારી ક્રિયાઓનું ધ્યાન કરવાથી
શરીર સાથેનો તાદાત્મ્ય ભાવ છૂટી જશે.

જેમ શરીરશૂન્યતા એટલે દેહની ક્રિયાઓ સાથેનો તાદાત્મ્ય ભાવ છૂટી તેના નિરીક્ષક થવું, તેમ વિચારશૂન્યતા એટલે અંદર ચાલતા વિચારોનું તટસ્થભાવે સમ્યક્ નિરીક્ષણ; વિચારનાં તરતાં વાદળો કે વિચારોની વહેતી સરિતાનું તટસ્થ બની નિરીક્ષણ કરવું કે વિચારો અલગ-હું અલગ છું. સમસ્યાઓ કે વિચારોની વચ્ચે ઘેરાયેલા તમે હોઈ શકો છો પણ સમસ્યાઓ કે વિચારો તે તમે પોતે નહિ.

જ્યારે તમે દર્શક બનશો, ત્યારે કર્તા આપોઆપ બની જશે.

વિચારની ધારા જુદી છે, દર્શનની ધારા જુદી છે.

સાધકમાં તે બંને હોય છે.

સિદ્ધમાં એક દર્શનની તથા જે સાધક કે સિદ્ધ એક પણ નહિ,

તેમાં એક વિચારની જ ધારા હોય છે.

આપણે વિવેકપૂર્વક વિચારોના દર્શક જ બનવાનું છે.

એ જ રીતે ભાવની ધારા પ્રતિ પણ દ્રષ્ટા જ થવાનું છે.

મનમાં ઉઠતા ભાવો પ્રતિ પણ અલગ બનીને નિરાકુળની દ્રષ્ટિએ જુઓ. ચેતનાની નાવ શરીરથી, વિચારોથી અને ભાવોથી બંધાયેલી છે - અનંત જન્મોથી બંધાયેલી છે. જો આ નાવનું લંગર છુટે તો દિગંત સુધી, પરમાત્મતત્ત્વની દિવ્યતા સુધી પહોંચી શકાય છે. આત્મા, પરમાત્મા કે નિર્વાણના અનુભવમાં લીન થવું તેને સમાધિભાવ કહે છે. ત્યાં શબ્દ કે આકાર નહિ. વિશ્વ વિલીન થઈ જાય છે,

માત્ર હું છું, સત્ છું, પરિપૂર્ણ ચેતન છું, એવા

શુદ્ધ ચેતના જ ફક્ત બાકી રહી જાય છે.

સત્‌નો, ચિત્‌નો અને આનંદનો જ માત્ર બોધ રહે છે.

એક વખત પણ આ બોધ પેદા થાય પછી જતો નહિ.

આત્માના એ સંસ્કાર કાયમ રહે છે.

## સમાધિથી પ્રગટે દીવો

સમાધિ જાણી કે જોઈ શકાતી નથી પણ સમગ્ર જીવનને તે
પરિવર્તિત કરી દે છે. વ્યક્તિ પોતે તેનો અનુભવ કરે છે.

સમાધિ પછી આચરણમાં મોટો ફેર પડી જાય છે.

સમાધિ પછી ભીતર હિંસાને સ્થાને અહિંસા, અસત્યને
સ્થાને સત્ય, રાગને સ્થાને વિરાગ અને વિષાદને સ્થાને
આનંદ અનુભવાય છે અને તેથી જાણી શકાય છે કે
આપણી અંદર સમાધિરૂપી દીવો પ્રગટી જ ચૂક્યો છે.

જેને અંદર સમાધિ પ્રાપ્ત થઈ ગઈ છે,
તેનાથી પછી કોઈપણ પાપ થઈ શકતું જ નથી.

સમાધિપ્રાપ્ત પુરુષ વર્તમાન ક્ષણ સુંદર રીતે જીવે છે,
આવનારી બીજી પળની ચિંતા તે કરતો નથી.

સમાધિવાનની વૃત્તિમાં તથા પ્રવૃત્તિમાં
સદ્ભાવ, કરુણા, પ્રેમ અને શુભેચ્છા ભરેલા રહે છે.
મહાપુરુષ કહે છે કે: સત્ય મારું નથી પણ હું સત્યનો છું.
સમાધિનું દ્વાર ખુલે છે ત્યારે 'હું' વિલીન થઈ જાય છે.
સંગીત, નૃત્ય, પાના, પિક્ચર તથા ખાન-પાન, મોજ-શોખ,
વાડી-બંગલા, ગાડી-મોટર આદિ દુઃખ ભૂલવાના સાધનો છે.
સમાધિ જેવું દુઃખને મિટાવવાનું સાધન બીજું કોઈ નથી.

અધાર્મિક મનુષ્ય એકાંતમાં ગાંડો બની જાય છે.
ધાર્મિક વ્યક્તિ તે છે કે જે એકાંતમાં સુખાનુભવ કરે છે.
કોઈ મળવા આવે તો તેને વિક્ષેપ લાગે છે.
પ્રભુના સંગમાંથી છૂટવું તેને ગમતું નથી.
પ્રભુનો સંગ એકાંતમાં અથવા સમાધિમાં જ શક્ય છે.
ભૌતિક સિદ્ધિઓ હોય કે આધ્યાત્મિક સિદ્ધિઓ હોય,
જો ને એક થવું હોય તો તે એકાંત વિના શક્ય નથી.
ધ્યાન અને સમાધિ એકલાપણામાં જવાની ક્રિયા છે.
સમુદ્રની ઉપરની લહેરો નીચે અનંત ઊંડાણ છે. અંદર જેટલા
જશો, તેટલા બહારથી છૂટશો. સમાધિ અંતિમ ઊંડાણ છે.
ધર્મ સંસાર કે પરિવારનો વિરોધી નથી,
કિન્તુ મનઃસ્થિતિના પરિવર્તનનો વિષય છે.
જગા બદલવાની જરૂર નથી, પોતાને બદલવાની જરૂર છે.
પ્રતિકૂળ પરિસ્થિતિમાં જો માનસિક શાંતિ જળવાઈ રહે,
તો જરૂર જાણવું કે ધર્મ સમજાયો - વર્તનમાં વણાયો છે.
માત્ર કપડાં બદલવા એ નહિ પણ હૃદય બદલવું એ સંન્યાસ છે.
વૃત્તિઓને શુદ્ધ કરો, શૂન્ય કરો તો સંસાર મટી જશે.
પિતા-પુત્ર આદિ સંસારી નથી બનાવી શકતાં, પરન્તુ
તેમના પ્રત્યેના લગાવ કે આસક્તિ સંસારી બનાવે છે.

ચાલો છોડવા ગૌણ છે, લાભ છોડવા જરૂરી છે. એક એક કદમ આગળ વધાય. સંકલ્પ હોય તો સિદ્ધિ સાંપડે છે. સત્કર્મની યોજનામાં કોઈ વિરોધી નહિ; સૌ ઉપકારક છે.

## નમસ્કાર અને ધ્યાન

નમસ્કાર દુષ્કૃતમાં હેયબુદ્ધિ પેદા કરી તેના અનુબંધનો વિચ્છેદ કરે છે, સુકૃતમાં ઉપાદેયબુદ્ધિ ઉત્પન્ન કરી તેનો અનુબંધ પાડે છે, ગુણાધિકોનું સ્મરણ કરાવી ક્લિષ્ટ કર્મનો વિનાશ કરે છે અને તે દ્વારા સૌના મનની શાંતિ તથા શરીરના સ્વાસ્થ્યનું કારણ પણ બને છે. ગુણાધિકોનું ધ્યાન સ્વભાવથી જ રક્ષા કરનારું બને છે. નમસ્કાર ગુણાધિકના સ્મરણ સ્વરૂપ હોઈ રક્ષાનો હેતુ છે, દુષ્કૃતમાં હેયબુદ્ધિ અને સુકૃતમાં મંગળબુદ્ધિરૂપ હોઈ અકુશલ અનુબંધનો છેદકારી અને કુશલાનુબંધનો ઉત્પાદકારી છે, તેથી નમસ્કાર અચિંત્ય ચિંતામણિતુલ્ય ભાવધર્મનું સાધન છે.

પદસ્થં મંત્રવાક્યસ્થં પિંડસ્થં ચાત્મચિન્તનમ્ ।
રૂપસ્થં સર્વચિદ્રૂપં રૂપાતીતં નિરંજનમ્ ॥૧॥

અર્થ: મંત્ર અને વાક્યમાં રહેલું હોય તે પદસ્થ ધ્યાન, આત્મામાં ચિંતન કરવું તે પિંડસ્થ, સર્વ પ્રકારે ચિદ્રૂપ તે રૂપસ્થ ધ્યાન અને નિરંજન-નિરાકાર તે રૂપાતીત ધ્યાન.

## ધર્મનું આદિસ્થાન - દાન

સહાનુભૂતિનું દાન વસ્તુઓના દાન કરતાં ચઢી જાય છે.
જીવોના દુઃખમાં એ જ પ્રકારના કષ્ટનો અનુભવ કરવો,
એ શુભવૃત્તિનું દાન છે. જીવોની પરિસ્થિતિઓ અને
દૃષ્ટિકોણને સમજવા એ પણ સહાનુભૂતિનું દાન છે.
તન, મન, વચન અને ધન વડે સહાનુભૂતિનું દાન થઈ શકે.
એ દાન લેવાનાં પાત્રો સંસારમાં સર્વત્ર મળી આવશે.
પ્રાયઃ સર્વ જીવો આદર, માન, દયા અને સહાનુભૂતિના
યાચક જ મળશે, સંસારમાં તેના દાતાર મળવા વિરલ છે.

ધર્મનું પ્રથમ સ્થાન દાન છે.

તત્કાલ ફળ આપે, તેવું દાન એક સન્માનનું જ દાન છે.
પછી તે સન્માન મનથી આપો, વચનથી આપો કે કાયાથી
આપો અને જેની પાસે ધન હોય, તેણે ધનથી આપો.
ધનથી સન્માન આપવાના સાધન, અન્ન, જળ, વસ્ત્ર,
આસન અને શયનાદિ તથા ઔષધાદિ છે. સન્માનપૂર્વક
અપાતાં તે તુરત આ જન્મમાં જ ફળને આપનારા થાય છે.

૯ પ્રકારના દાનમાં

નમસ્કારનું દાન જ સર્વશ્રેષ્ઠ મનાયું છે,
પંચ પરમેષ્ઠિ નમસ્કારથી ઉત્કૃષ્ટ પુણ્ય બંધાય છે.

તત્ત્વવિચાર કે આધ્યાત્મિક
ચર્ચા કોઈ કાળે ધર્મનું સ્થાન લઈ શકે નહિ.
સમાજને એકત્ર રાખતી શ્રદ્ધાની એકતા જ મુખ્યત્વે ધર્મ છે.

મંત્રની વ્યુત્પત્તિ

(१) मन्यते ज्ञायते आत्मादेशोऽनेन इति मन्त्रः ।
અર્થાત્: આત્માનો આદેશ જેના વડે જણાય તે મંત્ર.
આત્માનો આદેશ = નિજનો અનુભવ.

(२) मन्यते विचार्यते आत्मादेशो येन स मन्त्रः ।
અર્થાત્: આત્માનો આદેશ જેના વડે વિચારાય તે મંત્ર.

(3) मन्यन्ते सत्क्रियन्ते परमपदे स्थिताः आत्मानः
वा यक्षादिशासनदेवता अनेन इति मन्त्रः ।
અર્થાત્: પરમપદે રહેલા આત્માઓ અથવા યક્ષાદિ શાસન
દેવતા જેના વડે મનાય એટલે સત્કાર કરાય તે મંત્ર.

મંત્રની ઉચ્ચારિત ધ્વનિઓથી આત્માનાં
ધન અને ઋણાત્મક બંને પ્રકારની વિદ્યુત શક્તિઓ
ઉત્પન્ન થાય છે, જેથી કર્મકલંક ભસ્મ થઈ જાય છે.

अकारादिक्षकारान्ता वर्णाः प्रोक्तास्तु मातृकाः ।
सृष्टिन्यास-स्थितिन्यास-संहृतिन्यासतस्त्रिधा ॥१॥
-प्रतिष्ठापाठ (परिशिष्ट-२३)

## ૩ પ્રકારના યોગ

(૧) ઇચ્છાયોગ = પ્રબળ ઇચ્છાથી કરાતી ખામીવાળી ક્રિયા, ઇચ્છા છતાં પ્રમાદ નડે.

(૨) શાસ્ત્રયોગ = પ્રબળ શ્રદ્ધાથી શાસ્ત્રોક્ત વિધિ, મર્યાદા સહિત કરાતી ખામી વિનાની ક્રિયા

(૩) સામર્થ્યયોગ = અપૂર્વકોટિના સામર્થ્યથી થતી ધર્મ-ક્રિયા, તેમાં પાંચ કરણ અપૂર્વ હોય છે:

(a) સ્થિતિઘાત અપૂર્વ (b) રસઘાત અપૂર્વ

(c) પુણ્યબંધ અપૂર્વ (d) સંક્રમ (e) ગુણશ્રેણી.

મુક્તાશુક્તિમુદ્રા = મોતીની છીપ જેવા મુદ્રા કરવી તે.

યોગમુદ્રા = જોડેલા હાથ. જિનમુદ્રા = કાયોત્સર્ગની મુદ્રા.

o અરિહંતના આલંબનથી શુભભાવ ટકે છે અને પરંપરાએ તે ભાવ પરાકાષ્ઠાએ પહોંચે છે.

પૈસા પુણ્યથી મળે, પુણ્ય ધર્મથી મળે અને ધર્મ અરિહંતોની પ્રેરણાથી કે આલંબનથી મળે.

પૈસા મેળવવા દેશાવર જાય, તેમાં આલંબન દેશાવર છે, ગતિ અને ક્રિયા દેશાવરના પ્રભાવે છે.

ધર્મમાં આલંબન અરિહંતનું છે, ધર્મ કરનારની ક્રિયાનું નહિ, ક્રિયા અરિહંતના આલંબને થાય છે માટે અરિહંત મુખ્ય છે.

કૃતજ્ઞભાવ હોય ત્યાં અરિહંત યાદ આવે જ.
કઠોરભાવ હોય ત્યાં અરિહંત યાદ ન આવે.
સાચી વાત કરે તે હિતૈષી.

અરિહંત ભગવાન પંચાસ્તિકાયનું યથાર્થ સ્વરૂપ બતાવે છે, માટે હિતૈષી છે. બાકી કોઈ પૂર્ણપણે પંચાસ્તિકાયની યથાર્થ ઓળખાણ કરાવી શકતા નથી, કેમકે તેમને ખબર જ નથી માટે સાચા હિતૈષી અરિહંત પરમાત્મા છે.

અરિહંતો ચક્ષુ એટલે કે ધર્મ પ્રત્યેની રુચિને આપનાર છે.
અરિહંતો રત્નત્રયીના સરળ માર્ગને આપનાર હોય છે.
અરિહંતો અભય એટલે કે ચિત્તસ્થિરતાને આપનાર છે.
ચિત્ત સ્વસ્થતાનું ફળ ધર્મરુચિ, તેનું ફળ સરળતા, તેનું ફળ જિજ્ઞાસા અને જિજ્ઞાસાનું ફળ બોધ રૂપે મળે છે.
તત્ત્વજિજ્ઞાસા વડે શરણ તથા તત્ત્વબોધ વડે બોધિ મળે.
ધર્મગાન = ધર્મની પ્રશંસા = વાહ ધર્મ વાહ ઈત્યાદિ રૂપે.

## સાશ્રવ તથા અનાશ્રવ ધર્મ

સાશ્રવ ધર્મ એટલે જિનપૂજા, સાધર્મિક વાત્સલ્ય,
તીર્થયાત્રા આદિ આરંભવાળો ધર્મ તથા
અનાશ્રવ ધર્મ એટલે સામાયિક,
સ્વાધ્યાયાદિ નિરારંભ એટલે આરંભવિહીન ધર્મ.

## અ સિ આ ઉ સા એટલે પંચપરમેષ્ઠિ

(a) સિદ્ધો ધર્મના દાતા છે.

(b) અરિહંતો ધર્મના ઉપદેશક છે.

(c) આચાર્યો ધર્મના નાયક, જિનાગમનો ઊંડો સ્વાધ્યાય કરનારા, શ્રુત-ચારિત્રધર્મ પાળવા સર્વવિરતિધર હોય છે.

(d) ઉપાધ્યાયો ધર્મસારથિ-પ્રવર્તક, પ્રાયશ્ચિતાદિ વડે શુદ્ધિ કરનારા, દમન (અંકુશ) દ્વારા સમિતિ-ગુપ્તિના પાલક.

(e) સાધુઓ ધર્મચક્રને પ્રવર્તાવનાર, ધર્મવરચક્રવર્તી તથા દાન-શીલ-તપ-ભાવથી ૪ ગતિનો અંત કરનાર હોય છે.

## પ્રણિધાનત્રિક એટલે શું?

પ્રણિધાનત્રિક = તીર્થ, ચૈત્ય, સાધુ. તેઓને વિષે ચિત્ત સ્થાપિત કરવું તે પ્રણિધાન અથવા પ્રાર્થના કહેવાય. જે કાયોત્સર્ગમાં હોય, પરિષહાદિ સહતા હોય, દેશના દેતા હોય, સ્વાધ્યાય આદિ કરતા હોય, ત્રિદંડથી એટલે કે મન-વચન-કાયાથી અસત્ પ્રવૃત્તિથી વિરામ પામેલા, ઈંદ્રિયાદિની અશુભ પ્રવૃત્તિથી ત્રિકરણ યોગે વિરામ પામેલા બે હજાર ક્રોડ સાધુ ઉત્કૃષ્ટ કાળે અઢીદ્વિપમાં હોય તેમના પ્રત્યે, ઊર્ધ્વ-અધો-તિર્યક લોકમાં રહેલા સઘળાં ચૈત્યો તથા સર્વ જિનોને વિષે ચિત્તને સ્થાપવું, તે પ્રણિધાનત્રિક છે.

## પ્રાર્થના કોને કહેવામાં આવે છે ?

પ્રણિધાનસૂત્રમાં પ્રભુ પાસે પ્રાર્થના કે માંગણી કરવાનો અર્થ આપણી ઇચ્છા અથવા આશંસા પ્રગટ કરવાની છે. પ્રભુના પ્રભાવથી આપણી ભાવના, આશંસા પૂર્ણ થાય છે,

એને જ પ્રાર્થના કહેવામાં આવે છે.

પ્રાર્થના = તીવ્ર અભિલાષા - આશંસા - માંગણી - ભાવના.
પ્રભુની દ્રવ્યપૂજા = અષ્ટપ્રકારી, ભાવપૂજા = સ્તવનાદિ.
પ્રાર્થનાનું ફળ મેળવવા જય વીયરાય - પ્રણિધાન સૂત્ર છે.
તેમાં પ્રભુ માટે વીતરાગ, જગદ્ગુરુ, ભગવંત ૩ સંબોધન છે.
લોક વિરુદ્ધ કાર્યો = ઉભય લોકને બગાડે તેવા કાર્યો.
અવંચકયોગ - સદ્ગુરુયોગ, વચન સેવા, વચનનો અમલ.
જય વીયરાયની છેલ્લી ગાથામાં જૈનધર્મની પ્રશંસા છે, કેમકે બધી સામગ્રી તે ધર્મના પ્રભાવે જ મળી છે, માટે કૃતજ્ઞતાદર્શક છેલ્લી ગાથા અવશ્ય બોલવામાં આવે છે.

## ઉવસગ્ગહરં સ્તોત્રમાં શું શું છે ?

૧. પાર્શ્વનાથને પ્રણામ ૨. ફુલ્લિંગ મંત્ર ૩. પ્રણામનો પ્રભાવ ૪. સમ્યક્ત્વનો પ્રભાવ ૫. ભક્તિભર્યા હૃદયે પ્રાર્થના.
સ્તોત્રમાં ભવોભવ જૈન ધર્મ મળે તેવી માંગણી છે.
આ સ્તોત્ર ભણવાથી સર્વ ઉપસર્ગો નાશ પામે છે.
હાલમાં સ્તોત્રની ૭ ગાથામાંથી બે ગાથા ભંડારી દીધી છે.

o નામ અરિહંત = અરિહંતનું નામ.
સ્થાપના અરિહંત = અરિહંતની આકૃતિ.
દ્રવ્ય અરિહંત = જન્મથી માંડી કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી.
ભાવ અરિહંત = કેવળજ્ઞાન પામી મોક્ષે જાય ત્યાં સુધી.
શ્રી નમસ્કાર મંત્રની ચૂલિકામાં સુકૃતની અનુમોદના છે.
અનુમોદનાથી સુકૃતનું ફળ અનેકગણું વધે છે.
પરમેષ્ઠિઓને નમસ્કાર એ પરમ સુકૃત છે.
o પંચિંદિય સૂત્રમાં પ્રવૃત્તિ ધર્મ અને નિવૃત્તિ ધર્મ એમ
બે પ્રકારના ધર્મનું વર્ણન છે. તે ઉપરાંત તેમાં છે:
(૧) પાંચ ઇંદ્રિયોનો સંવર (૨) નવ બ્રહ્મચર્યની વાડ
(૩) ચાર કષાયનો ત્યાગ (૪) પાંચ આચારનું પાલન
(૫) પાંચ મહાવ્રતો (૬) ૩ ગુપ્તિ (૭) ૫ સમિતિનું પાલન.
૫ ઇંદ્રિય, ૪ કષાયનો ત્યાગ, ૫ મહાવ્રત, ૫ આચાર,
૮ પ્રવચન માતા અને ૯ બ્રહ્મ ગુપ્તિ એમ કુલ ૩૬.
o ઇચ્છકાર સૂત્ર શરીર શાતા અને નૈષેધિકી દોષ નિવૃત્તિ.
(૧) શરીર સંયમની શાતા પૃચ્છા (૨) દોષોથી પાછા ફરવું.
સુખે રાત્રિ, સુખે દિવસ, સુખે તપ, સુખે શરીર અને
સુખે સંયમ ધારવા દોષોથી પાછા ફરવું.
સંયમમાં ભાત - પાણી તો ફક્ત શરીરની શાતા માટે છે.

## કાયોત્સર્ગનાં ચાર સાધન

ઉત્તરીકરણ - પ્રાયશ્ચિતકરણ - વિશોધીકરણ - વિશલ્યીકરણ.
૧૬ આગાર + ૧૨ ઉચ્છ્વાસાદિ + ૪ અગ્નિ, સર્પ, ચોર, રાજા.
૦ પ્રતિક્રમણ સૂત્ર - પાપનું પાછા ફરવું એટલે જે ભાવનું પાપ કર્યું, તે ભાવને વોસિરાવાને ત્યાગ કરવો. પાપની પશ્ચાત્તાપ, સંતાપ, નિંદા, ગર્હા ઈત્યાદિ કરવા. પાંચ પ્રકારના જીવોની દશ પ્રકારે વિરાધનાનું પાછા ફરવું. દુષ્કૃતગર્હા - એ દુષ્કૃતમાં હેયબુદ્ધિ પેદા કરીને તેના સૌ અનુબંધનો વિચ્છેદ કરે છે. સુકૃતાનુમોદના - સુકૃતમાં ઉપાદેય બુદ્ધિ ઉત્પન્ન કરીને તેનો અનુબંધ પાડે છે. શરણાગમન ગુણાઢ્યોનું સ્મરણ કરાવી ક્લિષ્ટ કર્મનો વિનાશ કરે છે. ગુણાઢ્યોનું ધ્યાન તેના સ્વભાવનું જ રક્ષણ કરનારું, શાંતિ અને સ્વાસ્થ્યને અર્પનારું થાય છે. ચતુઃશરણાગમનાદિનું અને તેના સાધનભૂત નમસ્કારાદિના સ્મરણાદિનું દુષ્કૃતનો અનુબંધ તોડવાનો છે, સુકૃતનો અનુબંધ પાડવાનો છે અને પોતાની નિઃસહાય તથા અશરણ અવસ્થામાં સહાય અને રક્ષણ માગવાના છે.

એટલે જ કહ્યું છે કે:

દીવો તાણં સરણં ગઈ પઇટ્ઠા ।

૧. દ્વિપઃ - સમુદ્રે મજ્જતાં દ્વિપ ઇવ સંસારસમુદ્રાધારઃ।
૨. ત્રાણં - અનર્થપ્રતિઘાતહેતુઃ ।
૩. સરણં - કર્મોપદ્રવેભ્યો ભીતાનાં શરણં ।
૪. ગઈ - ગમ્યતે સૌસ્થ્યાર્થં દુઃસ્થૈરાશ્રીયતે ઇતિ ગતિઃ।
૫. પઇટ્ઠા - ભવકૂપપતત્પ્રાણિનાં અવલંબનં ।

સંસારસમુદ્રમાં ડૂબતા અને ભવકૂપમાં પડતા પ્રાણીઓને અવલંબન - આધાર છે.

ત્રાણ, શરણ, ગતિ, આધાર અને અવલંબન.

ડૂબતાને આધાર, પડતાને અવલંબન, અનર્થનો પ્રતિઘાત, ભયભીતને શરણ અને દીન - દરિદ્ર - દુઃખીને સુખ, સમૃદ્ધિશાળી અને સમર્થનો આશ્રય.

સામાયિક દંડક સૂત્રમાં સમભાવનો લાભ લેવાની ક્રિયા છે.

સમ + આય + ઇક = સમભાવના આવકની ક્રિયા કે જગતના સર્વ જીવોને અભયદાન દેવાની ક્રિયા કે જેમાં સમસ્ત જીવોની હિંસા ન કરવા, ન કરાવવા, ન અનુમોદવાની મન - વચન - કાયાથી પ્રતિજ્ઞા હોય છે.

અધ્યાત્મ ક્રિયા = આત્માને ઉદ્દેશીને જે વિશુદ્ધ અથવા વિવેકવાળી ક્રિયા કરાય તે. આત્મા ઉપરથી પ્રકૃતિનો, મોહનો અધિકાર ચાલ્યો ગયો હોય, ત્યારે તે આવે છે.

## ધર્મ અને વિજ્ઞાન

આત્મા અને પુદ્ગલમાં જેટલો ભેદ છે,
તેટલો ભેદ ધર્મ અને વિજ્ઞાન વચ્ચે છે.
ધર્મ આત્મા માટે છે, જ્યારે
વિજ્ઞાન ભૌતિક પદાર્થોને ઉદ્દેશીને છે.
ધર્મમાં નક્કી શાશ્વત સિદ્ધાંતો છે, જ્યારે
વિજ્ઞાનમાં નિત્ય નવું સંશોધન છે.

વિજ્ઞાનની જેમ શોધો થાય છે, તેમ ધર્મમાં નહિ, કેમકે તે સિદ્ધ શાશ્વત છે. જ્ઞાનની સૂક્ષ્મતાને 'વિજ્ઞાન' કહેવાય છે.

વિજ્ઞાન બુદ્ધિનો વિષય છે, જ્યારે
ધર્મ બુદ્ધિથી પર એવા સત્ શ્રદ્ધાનો વિષય છે.

બુદ્ધિ જ્યાં અટકે છે, ત્યાંથી શ્રદ્ધાની શરૂઆત થાય છે.
વિજ્ઞાન જ્યાં પૂરું થાય, ત્યાં ધર્મની શરૂઆત થાય છે.
જીવન એ પ્રશ્ન છે, ધર્મ એનો ઉત્તર છે.

ઇચ્છામાત્રથી ધર્મ થતો નથી. ઇચ્છાને ક્રિયામાં ઉતારવાથી ધર્મ થાય છે. વિજ્ઞાન કરતાં વધુ જરૂર ધર્મમાં શિસ્તની છે, કેમકે તેનું ફળ મોટું છે. મોટું ફળ પ્રયત્નની અધિકતા માંગે. જે કામ કરો તે નિષ્ઠાપૂર્વક કરો. ધર્મ કરવો એટલે પ્રભુની સેવા કરવી. તે તલવારની ધાર પર ચાલવા જેવું દુષ્કર છે.

દુઃખીના દુઃખ જોઈને હૃદય ન દ્રવે તો
તે મહામિથ્યાદૃષ્ટિ, બહુલકર્મી અને અનંત સંસારી જાણવો.
ગુણવાન પ્રત્યે દ્વેષ થવો અને ઔચિત્યનો ભંગ કરવો,
તે પણ તેટલા જ મોટા દોષને પાત્ર છે.

સદ્ભાવ ન હોવો એના જેવું બીજું કોઈ દારિદ્ર્ય નથી.
કૃતજ્ઞતા અને પરાર્થકારિતા એ બે માનવતાનાં મૂળ છે.

ધર્મનું પાલન એટલે પ્રભુની સેવા.
પ્રભુની સેવા એટલે...
દુઃખીની દયા, ગુણીની સેવા અને ઔચિત્યનું પાલન.
ઔચિત્યપાલન એટલે માતા-પિતાદિ ગુરુજનોની સેવા.
દુઃખી, ગુણી અને ઉપકારીની સેવામાં પ્રભુની સેવા તથા
પ્રભુના આત્મહિતકારી વચનોની જ આરાધના છે. એના
અભાવમાં પ્રભુ, પ્રભુવચન, પ્રભુના ધર્મની વિરાધના છે.

અપુનર્બંધકપણાની નીશાની = તીવ્ર ભાવે પાપ ન કરે, ઘોર
સંસાર પર બહુમાન ન કરે, ઉચિત સ્થિતિનું સેવન કરે.
સ્થિતિ એટલે વર્તાવ.

ઉચિત વર્તન એ અપૂર્વકરણ અને ક્ષપકશ્રેણિનું કારણ છે.
મિથ્યાત્વ મંદ પડ્યું હોય અને મોક્ષના રાજમાર્ગ ઉપર
ચાલવાને લાયક બન્યો હોય તે જ ઉચિત વર્તાવ કરી શકે.

## સજ્જનતા ધરવાનાં 3 લક્ષણો

દુઃખિતેષુ દયાઽત્યન્તં અદ્વેષો ગુણવત્સુ ચ ।
ઔચિત્યાસેવનં ચૈવ સર્વત્રૈવાઽવિશેષતઃ ॥ અર્થાત્:
દુઃખી જીવો પ્રત્યે અત્યંત દયા, ગુણવાન પ્રત્યે અદ્વેષ અને સર્વ જીવો પ્રત્યે સમાનપણે ઔચિત્યનું સેવન કરવું.

## ૪ સદ્દહણા

(૧) પરમાર્થ સંસ્તવ. તત્ત્વભૂત પદાર્થોનો તાત્ત્વિક પરિચય ચિન્તન, મનન, શ્રવણ આદિથી થાય તે.

(૨) પરમાર્થના જ્ઞાતા ગુરુજનોની સેવા કરવી તે.

(3) વ્યાપન્ન દર્શનીનો ત્યાગ. (૪) કુદૃષ્ટિના સંસર્ગનો ત્યાગ.

મોક્ષની અભિલાષા એ સંવેગ - મોક્ષનો ઉપાય એ શમ છે. શમ એટલે આક્રોશ - ક્ષમા. અપરાધીનું પણ પ્રતિકૂળ ન ચિંતવવું તેની પરાકાષ્ઠા જ મોક્ષ છે. ભાવદયામાં વ્રત-નિયમ, પચ્ચક્ખાણ આવી જાય, કેમકે પાપના દ્વાર બંધ થઈ જાય છે.

o રાજાનો, લોકોનો, બળવાનનો, ચોરોનો, દેવોનો, વડીલજનોનો અને અસહ્ય ક્ષુધા-તૃષાદિ કષ્ટનો અભિયોગ, આગ્રહ કે બળાત્કાર હોય છે.

o ઉચ્ચકોટિના દેવલોકના અધિકારી કોણ? જેની પાસે તપ અને સંયમ હોય તે.

કિંમતીમાં કિંમતી વસ્તુ આત્મા છે, તેથી તેનું રક્ષણ કરનાર પ્રભુ અને તેમની આજ્ઞા કે ઉપદેશ પરમ આલંબનભૂત છે.

સતી સ્ત્રી પતિની આજ્ઞા પાળે, તેથી ય અધિક આજ્ઞાપાલન કરો.

ખરા સાત્ત્વિક બનવા માટે ખડતલ બનવું ય જરૂરી છે.

પાપથી બચવા કઠોર તથા દયા કરવા કોમળ બનવું જોઈએ.

પોતાના દુઃખને સહવા માટે કઠોર બનવું અને બીજાના દુઃખ નિવારવા માટે કોમળ બનવું. દુઃખ પ્રત્યે કોમળ અને પાપ પ્રત્યે કઠોર બનવું એ ખડતલપણાની નિશાની છે.

અભિગ્રહધારણ સતત કર્મક્ષયનું અસાધારણ કારણ બને છે.

ધર્મે સૌ માટે બહુ કર્યું, હવે આપણે ધર્મ માટે બહુ કરીએ.

પાપનો પથારો વિસ્તારવો તે દુર્ગતિ માટે થાય છે.

પાપનો પથારો સંકેલવો તે સૌની સદ્ગતિ માટે થાય છે.

ભૂલને સુધારવા માટે ભૂલની સજા આવશ્યક જ છે.

સુકૃતની ચાવી કમ ખાના અને ગમ ખાના છે.

અશુભ કર્મના ઉદયનું સામર્થ્ય સામાયિકમાં છે, માટે તેને વારંવાર કરજો. ધર્મ પુરુષાર્થના પ્રભાવે આત્મા સુખે ભવ - સુખે મરી શકે છે. સાધનાથી શક્તિ આવે છે.

નવકાર જાપથી પાપનાશ એ ફળ છે, જે પહેલું મંગળ છે.

પહેલાં ૫ - છેલ્લા ૪ પદોને ફૂલ - સુગંધ જેવો સંબંધ છે.

નવકારના ૫ પદ ફૂલના તો ૪ પદ સુગંધના સ્થાને છે.

શિખરને મંદિરથી છૂટા ન પાડી શકાય.

ધર્મ કરવા સાથે કરેલા ધર્મનો આનંદ પણ માણવો જોઈએ.

અલ્પકાળના આનંદ માટે અનંતકાળનું દુઃખ ખરીદાય નહિ.

વિષયાનંદ અલ્પ છે - આત્માનંદ ભૂમા છે.

नमः इति प्रणिपातेन निवृत्तिः। - ३, १, २२

અનુવૃત્તિ: 'નમઃ' એટલે પ્રણિપાતપૂર્વક નિવૃત્તિ.

प्रणिपातो नमस्कारः समज्ञस्य परिक्रमा।
शक्तिनाभिं समुद्दिश्य वैराजश्च स वामनः ॥१॥

ટીકા: વસ્તુમાત્રની શક્તિ નાભિમાં રહેલ છે (નાભિ-બિંદુ-કેન્દ્ર-fulcrum). તે નાભિસ્થાનને ઉદ્દેશીને સુસંગત પ્રદક્ષિણા આપવા, તેને 'પ્રણિપાત' કહે છે. તેમાં કાયિક સ્થૂલ નમસ્કારને 'વૈરાજ' (macroscopic) કહે છે (જેમ ગ્રહો સૂર્યની આસપાસ ફરે છે) અને સૂક્ષ્મ એટલે પ્રાણ-મન દ્વારા થતા નમસ્કારને 'વામન' (microscopic) કહે છે (જેમ ઈલેક્ટ્રોન ન્યુક્લીયસની આજુબાજુ ફરે છે).

સૂક્ષ્મ નમસ્કારમાં જેમ નાદ એ કલાયુક્ત બિંદુની આસપાસ પરિક્રમા કરે છે, તેમ પ્રાણ અને મન બન્ને આપણા નાભિસ્થાનની આસપાસ પરિક્રમા કરે છે.

## દયા પદાર્થની સ્પષ્ટતા

દુઃખીના દુઃખ દૂર કરવાની સમ્યક્ બુદ્ધિ એ 'દયા' છે.
એ દયા દેવ, ગુરુ અને ધર્મમાં પરિપૂર્ણપણે રહેલી છે,
તેથી તેમનો આશ્રય લેવાથી, તેમને પ્રણામ કરવાથી તથા
તેમના પ્રત્યે ભક્તિ કે બહુમાન કેળવવાથી આપણા સર્વે
દુઃખ અને તેનાં મૂળભૂત અશુભ કર્મો દૂર થાય છે.
સદ્ગુરુ અને સદ્દેવની કરુણા વિના ધર્મ, અર્થ, કામ કે
મોક્ષ, એક પણ પુરુષાર્થ સિદ્ધ થતો નથી. આપણાથી હીન
પ્રત્યે આપણને સ્વાભાવિક જ દયાની લાગણી હોય છે,
તેથી આપણી શક્તિ અનુસાર આપણે સહુ યથાયોગ્ય
દુઃખીના દુઃખને દૂર કરવા, અજ્ઞાનીના અજ્ઞાનને અને
પાપીના પાપને ટાળવા પ્રયાસ કરીએ છીએ.
વળી આપણાથી ગુણાધિક અને સર્વોત્કૃષ્ટ ગુણના હૃદયમાં
આપણા દુઃખ, પાપ અને અજ્ઞાન પ્રત્યે
દયાદૃષ્ટિ હોય જ છે,
તેથી તેમનો આશ્રય લેવાથી, વિધિપૂર્વક તેમનું સેવન
કરવાથી આપણા પાપ, દુઃખ, અજ્ઞાનાદિ ઉપદ્રવો શમે જ છે,
એવી શ્રદ્ધા ભક્તિને અને આંતરબહુમાનને પેદા કરે છે.
એ બહુમાનમાં પાપ નાશ કરવાની અચિંત્ય શક્તિ છે.

એ અનુમાન જેમના પ્રભાવથી થાય છે તે ગુહ્યાગ્નિ, દેવાદિ સ્થૂલ તત્ત્વોમાં ઉત્પાદનને જગાવનારી નિમિત્તભૂત શક્તિ રહેલી હોય છે. ઉત્પાદનમાં વિશિષ્ટનું આધાન કરવાની શક્તિ નિમિત્તમાં રહેલી છે. - ગરુડતત્ત્વ વિમર્શ

कादम्बाणमणीभिर्दि सौष्ठवबिन्दुवस्कृता ।
नमो मन्त्रेण साध्या सा विप्रतीपं मनो नमः ॥२॥

ભાવાર્થ: ભવમાત્રમાં કાયા, પ્રાણ અને મન નાભિને વશ હોય છે અર્થાત્ કાયા સરળ આકાર, પ્રાણ સરળ ગતિ અને મન સરળ છંદોબદ્ધ વ્યવસ્થિત દશા, નાભિ સરળ બિન્દુને વશ સરળ બિંદુ નિયત હોય છે, પરંતુ તે નિયતદશા કે ચોક્કસતામાં અભાવ, પાછળ કે તિર્યક્ દિશામાં જે કંઈ ન્યૂનાધિકતા હોય કે અલ્પાધિકતા થાય, તે બધામાં સૌષ્ઠવ અર્થાત્ સુસ્થિતતા કે વ્યવસ્થિતતા 'નમો' મંત્રથી લાવી શકાય છે. 'નમો' મંત્રથી મન જે બહિર્મુખ થયું હોય, તે અંતર્મુખ-આત્મસન્મુખ કરી શકાય છે. વિપ્રતીપ મન અર્થાત્ જ 'નમો' અર્થાત્ 'નમો' મનની વિપરીત ગતિને સીધી ગતિમાં લાવે છે. મનમાં અને નમોમાં જે 'મ' વર્ણ રહેલો છે, તેનો અર્થ આત્મા છે. 'મ'ને (આત્માને) નિષેધવાચક 'ન' સાથે જોડવાથી આપણો બહિર્મુખ આત્મા અંતર્મુખ દશા પામે છે.

મનના વર્ણોને પલટવાથી 'નમ' આવે - અંતર્મુખ દશા થાય.

એ રીતે મનની વિપરીત અવસ્થાને
'નમઃ' મંત્રથી સાધ્ય અવસ્થામાં બદલાય છે.

એકાક્ષરી કોષ પ્રમાણે : 'ન' = સૂર્ય તથા 'મ' = ચંદ્ર.

'મન'માં ચંદ્રને આચ્છન્ન સૂર્ય છે,
તે 'નમઃ'માં સૂર્યને આચ્છન્ન ચંદ્ર બને છે.
સૂર્ય એટલે આત્મા અને ચંદ્ર એટલે મન.
'મન' શબ્દમાં મનને આચ્છન્ન જે આત્મા છે,
તે 'નમઃ' પદથી આત્માને આચ્છન્ન 'મન' બને છે,

તેથી 'નમઃ' = મહામંત્ર, મોક્ષ - સર્વ પ્રકારની સંપત્તિનું બીજ.

વષટ્ વૌષટ્ શરીરાણિ પ્રાણાન્ સ્વાહા તથા સ્વધા ।
હું ફડિતિ તયોઃ સંધીન્ નિવૃત્તૌ પ્રણિપાતયેત્ ॥૩॥

ભાવાર્થ: નમઃ મંત્ર પછી વષટ્ - વૌષટ્નો પ્રયોગ શરીરને નિવૃત્તિમાં પ્રણિપાત કરે, સ્વાહા અને સ્વધા એ પ્રાણોને નિવૃત્તિમાં મૂકે અને હું ફટ્ એ શરીર અને પ્રાણોને સાંધનાર સંધિસ્થાન (મન)ને નિવૃત્તિમાં મૂકે છે. શરીર સંઘાત માત્રમાં શરીર, પ્રાણ અને સંધિ એ ત્રણે રહેલ છે.

તેને ક્રમમાં body principle, motor principle and link principle કહે છે.

એ ત્રણેની નિયમપૂર્વકની (પ્ર) વૃત્તિને 'નિવૃત્તિ' કહે છે.

નિયમપૂર્વક - નિશ્ચયપૂર્વક - નિષેધપૂર્વકની વૃત્તિ
એટલે નિવૃત્તિ, નિર્વાણ અથવા શાંતિ.
જ્યાં શાંતિ અને સ્થિરતા પ્રગટ હોય,
ત્યાં અનંતગુણા શક્તિ પ્રકટે છે.

વિજ્ઞાન પણ કહે છે કે પદાર્થ જેમ વધુ ઘનિષ્ઠ અથવા તો ઘનીભૂત હોય, તેમ પદાર્થના અણુના કેન્દ્રને તોડતા મહા-મહત્તર શક્તિઓનો વિસ્ફોટ થાય છે.

યુરેનિયમ સર્વ ધાતુઓમાં ઘનિષ્ઠ છે.

સર્વ પાષાણોમાં હીરા, માણેક આદિ ઘનિષ્ઠ છે, તેથી તેના અણુઓમાં અને ભસ્માદિમાં વિશેષ શક્તિઓ રહેલી છે.

હું = *nuclear fusion* (સંગઠન શક્તિ).

ફટ્ = *nuclear fission* (સ્ફોટક શક્તિ).

ભૂતાપસારણાદિમાં ફટ્ અને કુંડલિની જાગરણમાં હું ઘણી ઉપયોગી છે, એમ બંગાળી જપસૂત્રમ્, ૫/૩૦૭માં કહ્યું છે.

માનવદેહમાં સર્વ નાડીઓ અથવા તો શક્તિઓનું ઉદ્‌ગમસ્થાન કે મિલનસ્થાન નાભિને માન્યું છે.

શરીરમાં તે નાભિ જો સ્વસ્થાને, મૂળસ્થાને હોય, તો તે યંત્ર સુવ્યવસ્થિત અને સંપૂર્ણ શક્તિપૂર્વક કાર્ય કરે.

તેમાં જેટલો ફેરફાર કે અવ્યવસ્થાદિ હોય,
તેટલા શરીર - મન - પ્રાણના કાર્યોમાં અવ્યવસ્થાદિ થાય.
આહાર આદિના ફેરફારથી જેમ શરીરાદિની શુદ્ધિ થાય છે,
તેમ આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, જપ, તપ, ધારણા,
ધ્યાન, સમાધિથી પણ થાય છે, તેમાં જપ મુખ્ય છે.
જપથી ઓછુંઝાઝું આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર સધાય છે,
તેમ વધુઝાઝું ધારણા, ધ્યાન, સમાધિ આદિ સધાય છે.
વૈદ્યક દૃષ્ટિએ જોતાં માનવશરીરમાં નાભિસ્થાને પેચોટીની
ગતિ અને સ્થિતિનું ઘણું જ મહત્વ છે. પેચોટીને મૂળ
નાભિસ્થાને લાવવા ઘણા પ્રયોગો કરવામાં આવે છે.
પેચોટી નાભિસ્થાને આવી જવાથી પેટની પીડા, ગોળો
વગેરે શમી જાય છે અને દરદી સાજો થઈ જાય છે.

વિનય વેરીને વશ કરે, નમે તે સૌને ગમે.
લઘુતા સે પ્રભુતા મિલે, પ્રભુતા સે પ્રભુ દૂર.
સન્તો હિ નત વત્સલાઃ।

o

Do not pray for easy lives.
Pray to be stronger men.
Do not pray for tasks equal to powers.
Pray for powers equal to your tasks.

## ધર્મ - અધર્મ

પ્રત્યેક જીવો પ્રત્યે જે સમભાવ રાખી શકે અને શાશ્વત સુખના માર્ગે જીવને લઈ જઈ શકે, એનું નામ 'ધર્મ'. જીવો પ્રત્યે જે દ્વેષ, હિંસા કે ઈર્ષાને ઉત્પન્ન કરાવે તથા ક્ષણિક સુખો પાછળ તૃષ્ણાની લાલસા જગાડે, એનું નામ 'અધર્મ'.

## જ્યાં ધર્મ ત્યાં જયકાર

ધર્મ = જે જે ઉપાયોથી મન-વચન-કાયાની શુદ્ધિ થાય તે.
શુદ્ધિ = નિર્મળતા, રાગ-દ્વેષરહિતતા, કષાય-ક્લેશનિર્મુક્તતા.
અશુદ્ધિ = રાગ-દ્વેષ અભિનિવેશયુક્તતા, ક્લેશયુક્તતા.
પ્રણિધાન = પ્રકૃતિમાં પરિણામની વિશુદ્ધિ તે, નમસ્કાર.
નિવૃત્તિ = નિયમિત, સુસંગત, નિયમબદ્ધ વર્તન, નિર્મળવૃત્તિ.

પ્રકૃતિ નમસ્કારથી સાધ્ય થાય છે.

વિશુદ્ધિ એ ધર્મ છે અને સંક્લેશ એ અધર્મ છે.

ધર્મો ભલે ઘણા હોય, પણ જીવની અંદરની ધાર્મિકતા તો એક જ છે. માનવની અંદર વસતા દિવ્ય આત્માના તત્ત્વની પ્રકૃતિનો સનાતન મહાનિયમ પણ એક જ છે. સિદ્ધિ માટે જ્ઞાનમાર્ગે ત્યાગ - વૈરાગ્ય અને ભક્તિમાર્ગમાં ભાવનાની જરૂર છે. યતો ધર્મસ્તતો જયઃ । અર્થાત્: જ્યાં ધર્મ છે ત્યાં જય છે. ધર્મ સત્યના પાયા ઉપર ઊભો છે.

નમવું = મન, વચન અને કાયાને નિયમમાં વર્તાવવા તે.
નિરાશંસભાવ = કેવળ આત્મહિતની બુદ્ધિ જ ભાવવી તે.
સારી-નરસી ક્રિયાનો અભ્યાસ સારા-નરસા ભાવને દૃઢ કરવાનો ઉપાય છે. હિંસાની ક્રિયા નિર્દયતાના ભાવને દૃઢ કરે છે, જ્યારે અહિંસાની ક્રિયા કોમળતાના ભાવને મજબૂત બનાવે છે. ભાવને અનુરૂપ ક્રિયાનો અભ્યાસ ભાવને વધુ દૃઢ કરનારો હોવાથી ક્રિયા નિરર્થક નથી.

મૂળ જે ભાવથી ક્રિયાનો આરંભ થાય છે,
તે ભાવ ક્રિયાથી જ દૃઢ થતો અનુભવાય છે.
પૂજા-પ્રતિષ્ઠાના ભાવથી દાનાદિ ક્રિયા
પણ પૂજા-પ્રતિષ્ઠા અને માનાકાંક્ષાના ભાવને દૃઢ કરે છે.
સારા કે નરસા કોઈ પણ કાર્યનો આરંભ
પહેલાં તો માનવના મનમાં જ થાય છે.

## બોધિલાભ

ધર્મ અને તેના સાધનની ઇચ્છાને પાપેચ્છારૂપ આશંસા કહેવાય નહિ. વિષયસુખના રાગના કે ભવ ઉપરના દ્વેષના કારણે કે ધર્મમાં આકર્ષણ અથવા પૂજા-પ્રતિષ્ઠાની ઇચ્છાથી થતો ધર્મ એ અવશ્ય આશંસાપૂર્વકનો ગણાય. વિષય-કષાયથી મુક્ત થવાની ઇચ્છા કે ગૃહસ્થાવાસમાં

આગળ વધવાની કામના એ આશંસા ન કહેવાય, કેમકે તેમાં પરિણામે ઇચ્છામાત્રના અભાવની જ કામના છે. અનિચ્છાની ઇચ્છા એ આશંસા નહિ, નિરાશંસા જ છે. સર્વ ઇચ્છાઓના ત્યાગની ઇચ્છાવાળા જીવને માટે તો ઇચ્છાઓનો આંશિક ત્યાગ પણ ઇષ્ટ મનાવો જોઇએ.

અંતે જેને વીતરાગ થવું છે,
તેને થોડા થોડા પણ રાગાદિ વિકારો જેમાં ઓછા થાય,
તેવા દરેકેદરેક અનુષ્ઠાનો ગમવા જ જોઇએ.
જો તેવા અનુષ્ઠાનો ન ગમે, તો

'સંપૂર્ણ ઇચ્છાના ત્યાગની ઇચ્છા છે' એમ કેમ કહેવાય? સર્વ કર્મનો ક્ષય જેને ઇષ્ટ છે, તેને થોડો થોડો કર્મક્ષય જેનાથી થતો હોય, તે અનુષ્ઠાનો કેમ ઇષ્ટ ન હોય? જન્માંતરે બોધિલાભની જે ઇચ્છા છે, તે આ જન્મમાં મળેલ બોધિને સફળ ન કરે તો કયા મુખે મળી શકે?

પુસ્તકો એટલે?

પુસ્તકો એ એક એવો સ્વચ્છ અરીસો છે કે જેમાં આપણે આપણું સ્વચ્છ પ્રતિબિંબ જોઈ શકીએ છીએ અને પોતાની જાતને સાચા અર્થમાં સમજી શકીએ છીએ. માણસ જ્યાં સુધી સારા થવાનો પ્રયાસ ન કરે, ત્યાં સુધી

પોતે કેટલો ખરાબ છે, એ તે માણસ જાણી શકતો નથી. સમજુ માણસ દરેક ક્ષણના જવાબની આશા પોતાની જાત પાસે જ રાખે છે. બેવકૂફ બીજાઓ તરફ જુએ છે.

કદી ય પતન થાય નહિ એમાં કાંઈ શાન નથી,
શાનની વાત તો એ છે કે
જ્યારે પતન થાય, ત્યારે આપણે એકદમ ઊભા થઈ જઈએ.

## પ્રભુનું નામ

નામમાં જેટલો પ્રભુ આવે, તેટલો વેદમાં પણ આવતો નથી.
ભગવન્નામ ભગવાનનું પૂર્ણ સ્તવન છે.
બાકીનાં બધાં ય વેદનાં સ્તવનો પણ
પ્રભુને પૂર્ણપણે વર્ણવી કે સ્તવી શકતાં નથી.
આખો ભગવાન નામે જ આવે.
ટેટામાં વડની જેમ ૐ નામમાં સમસ્ત પરમાત્મા સમાય છે.
આખો ભગવાન જેને ખપતો હોય,
તેને માટે નામ સિવાય કોઈ આરો જ નથી.
બાકી બધાં સહાયક હશે પણ
નામ તો એકમાત્ર સાધન છે.
નામ તો સાથે સાથે સાધ્ય પણ હોય છે.
નામમાં નામી આવી જાય છે.

## ૨૮ વિચારકણિકાઓ

(૧) પાપ જો સુલભ છે,
તો પાપનું પ્રાયશ્ચિત પણ વધારે સુલભ હોવું જોઈએ.

(૨) પાપ જો સૌને નડે છે, તો તેને ધોવાનો ઉપાય પણ સૌની પહોંચમાં આવે, એવો જ સરળ હોવો જોઈએ.

(૩) પાપ જો જબરું છે, તો તેને ધોનારો ઉપાય પણ તેના કરતાં કરોડો ગુણો વધારે જબરો હોવો જોઈએ.

(૪) પાપ જો પ્રતિપળ થતું હોય,
તો તે ઉપાય પણ એવો હોય કે જે પ્રતિપળ કામ આવે.

(૫) પાપની સજા હોય તો તેની દવા પણ હોય જ.
જો તે ન હોય તો જગતની વ્યવસ્થા અશાન્ત બને.

(૬) પાપપ્રક્ષાલનનો વિધિ કે નિષેધ વિનાનો ઉપાય પણ હોવો જોઈએ, જેને આજનો મનુષ્યો સરળતાથી આચરી શકે.

(૭) મૃત્યુ વખતે ભગવાનનું નામ જ ઉચ્ચારી શકાય છે, તેથી તેને જીવનભરનું મુખ્ય કર્તવ્ય સમજવું જોઈએ.

નામ શ્વાસોશ્વાસે લઈ શકાય.

(૮) મોત જો ગમે ત્યાં આવતું હોય તો મૃત્યુ સમયની મલિનતા ધોવાનો ઉપાય પણ ગમે ત્યાં, ગમે તે સંજોગમાં, ગમે તે પરિસ્થિતિમાં આચરી શકાય એવો હોવો જોઈએ.

(૯) જેમને નામ જપમાં શ્રદ્ધા કે પ્રીતિ ન જામતી હોય,
તે કોઈક ઠેકાણે સદોષ છે એમ જાણવું.

(૧૦) ૐને પરમાત્માનું નામ કહ્યું છે.
'છન્દસાં વૃષભઃ।' અને 'વિશ્વરૂપઃ' કહ્યું છે.

(૧૧) સૌ સાધનાનો જો કોઈ એકમાત્ર સત્ત્વશીલ સાર હોય,
તો તે પ્રભુનું નામ જ છે.

(૧૨) કરોડો માટે જે હોય અને કરોડો જેને ન પહોંચી વળતાં હોય તે ઉપાય છતાં અનુપાય જ કહેવાય માટે સર્વપ્રાપ્ય ઉપાયની શોધ થઈ છે અને તે છે પ્રભુનું નામ.

(૧૩) પ્રાણીમાત્રને પવિત્ર કરનાર એક જ સર્વગ્રાહ્ય અને સર્વસુલભ ઉપાય ભગવાનનું નામ છે એ વિષયમાં સર્વ શાસ્ત્રો એકમત છે. ઋષિ-મહર્ષિઓના જીવનભરની તપસ્યા અને મહાસમાધિઓમાંથી નીકળેલું એ નવનીત છે.

(૧૪) ભગવાનનો જપ જો સૌને હોય તો તેમને પામવાનો ઉપાય પણ સૌ કોઈ આચરી શકે એવો હોવો જોઈએ.

(૧૫) પ્રણવના જપથી સર્વ અંતરાયોની નિવૃત્તિપૂર્વક આત્મદર્શન થાય છે, એમ શ્રી પતંજલિ યોગ સૂત્રકાર કહે છે.

(૧૬) પ્રત્યેક વ્યક્તિમાં ભેદ છતાં આંતરિક અભેદ પણ રહેલો છે. અનંત સાધના સંબંધે બધે એકત્વ રહેલું છે.

(૯૭) એકત્વ આ બ્રહ્માંડનો મૂળભૂત નિયમ છે.
પ્રેમની જેમ સંગીત પણ વિશ્વની સનાતન ભાષા છે.

(૯૮) પ્રેમનું ગણિત સર્વત્ર સરખું છે.
પ્રેમ મૂળ છે, મૈત્રી એનો અંકુર છે, કરુણા એનું થડ છે.
વાત્સલ્ય એના પત્ર-પુષ્પો અને શાંતિ એનું ફળ છે.
દુઃખ દૂર કરવાનું ઔષધ તેની ચિંતા ન કરવી તે છે.

## મનની ભૂતાવળ

બાહ્યવસ્તુઓમાં કોઈ નુકસાનકારક તત્ત્વ હોતું જ નથી,
નુકસાનકારક તત્ત્વ તો વિકલ્પોમાં રહેલ છે.
ભૂતકાળના પ્રસંગો વિકલ્પરૂપે ભૂતપિશાચ થઈને
મનોરૂપ દર્પણમાં ઉપસ્થિત થયા કરે છે.

આત્મા એ ભૂતાવળને નિશ્ચયથી જો સાચી જ માની લે તો હેરાન થયા વિના રહે નહિ પણ એ ભૂતાવળનું સ્વરૂપ જો અભિસમન્વાગત કરે, તો એને એમાંથી હાસ્ય, આનંદ અને મોજ મળે, એના માટે એ મોટું હાસ્ય-નાટક બની રહે.

આત્મવત્ સર્વભૂતેષુ પરદ્રવ્યેષુ લોષ્ઠવત્ ।
માતૃવત્પરદારેષુ યઃ પશ્યતિ સ પશ્યતિ ॥૧॥ અર્થાત્:
સર્વ જીવોને બંધુ સમાન, સર્વ સ્ત્રીઓને માતા સમાન અને સર્વ પુદ્ગલ રાશિને ઢેફા સમાન જે જુએ છે, તે જુએ છે.

ભૂતકાળના પ્રસંગોને વ્યવહારથી સમુચિત સમજી એમાંથી શીખામણ લેવા પણ ભવિષ્યથી કે ભૂતાવળ સિવાય કશું જ નથી, તેથી ભૂતકાળના પ્રસંગોથી ખિન્ન ન થવું. ભૂતાવળને વશ થઈ કોઈની સાથે સંબંધ તોડવા અથવા જોડવામાં સાર નથી. તોડાણ કે જોડાણમાં મધ્યસ્થ કે પછી અલિપ્ત રહી જવામાં જ જીવનનું અમૃત રહેલું છે. સત્ત્વશાળીઓ માટે વિઘ્ન નહિ, પરાજય જીવંત પ્રેરણા છે.

अत्रैकनाम्नो या शक्तिः पातकानां निवर्तने ।
तन्निवर्त्यमघं कर्तुं नालं लोकाश्चतुर्दशः ॥१॥

- ब्रह्माण्ड पुराण (परिशिष्ट-२४)

हरेः संकीर्तनं पुण्यं सर्व-पातकनाशनम् ।
सर्व-कामप्रदं लोके अपवर्ग-फलप्रदं ॥१॥

- आदित्य पुराण (परिशिष्ट-२५)

सकृदुच्चारितं येन हरिरित्यक्षरद्वयम् ।
बद्धः परिकरस्तेन मोक्षाय गमनं प्रति ॥१॥

- ब्रह्माण्ड पुराण (परिशिष्ट-२६)

नामचिन्तामणिः कृष्णश्चैतन्य-रस-विग्रहः ।
पूर्णः शुद्धो नित्यमुक्तोऽभिन्नत्वान्नाम नामिनोः ॥

- पद्म पुराण (परिशिष्ट-२७)

## પંચાંગુલીનું મહત્વ

(૧) અંગુષ્ઠ - જીવ, પરમાત્મા (૨) તર્જની - શિવ, જીવાત્મા
(3) મધ્યમા - માયા, કારણશરીર (૪) અનામિકા - કામ, સૂક્ષ્મશરીર (૫) કનિષ્ઠિકા - અહં, અભિમાન કે સ્થૂલશરીર.
ચિન્મુદ્રા એટલે જ્ઞાનમુદ્રા = તર્જની + અંગુષ્ઠનો સંયોગ.

## Namaskar

નાભિ = centre, આરા = Process lines,
નેમિ = circle-circumferance, સેતુ = Bridge.

3 lines = That △ Thus (How)
This

માળારૂપી પ્રતિકમાં બિન્દુ એ મેરૂ, નાદ એ સેતુ કે દોરી
રેખા કલા કે સંધિ તે મણકા છે.

મંત્ર = શબ્દ (અક્ષર) = end
યંત્ર = અર્થ (ભાવ) = means
તંત્ર = પ્રત્યય (નિદિધ્યાસન) = method.

મંત્ર = Rule, Law, Formula or Equation.
યંત્ર = Ruler, code, Diagram or Design.
તંત્ર = Ruling, Procedure, mode or method or Function according to plan.

## વર્ણ - નાભિ - આરા - નેમિ - પ્રાણ - વાક્

Each varna is a triad શબ્દ, અર્થ, પ્રત્યય.

નાભિ - સ્પન્દનાં સ્થાને વર્ણ - પુરુષ છે.

આરા, નેમિ are its formulation.

Space, light & wind as inside a room.

પ્રાણ is power and

વાક્ is exponent of that power.

નાભિ - બિન્દુ - અ

નેમિ - નાદ - ઇ

આરા - kala - f

Generic - નાભિ

Specific - ઉદાહરણ

| | |
|---|---|
| ૧ Seed, cave, mine<br>૩ Ground | નાભિ |
| ૨ Light, heat | આરા |
| ૧ growing, evolution, limit<br>૩ grown, perfection, full | નેમિ |

વર્ણ = power, અર્થ = operation,

અક્ષર = formula.

End = બિન્દુ = બિંદુનાદ with ગોવs.
means = કળા = નાદનાદ with females.
method = નાદ = ભોકુનાદ with અગોવs.

Bindu is ધ્યાન = દર્શન

Nada is ઈક્રણાર્ = જ્ઞાન

Kala is કલ્યાણ = ચારિત્ર

Ardha is તપસ્ = તપ

Shakti as ૐ creates, sutains & reabsorbs.

સુષુમ્ણા is the mystic path.

It is creation's own homeline.

વિ + ઓમ = વ્યોમ

Om as the dynamic background and fulfilling repose of Cosmic harmony. ઇદં:।

<u>રુદ્ર</u> = બિન્દુ = Consciousness - સ્વતંત્ર શક્તિ
potential - અધિષ્ઠાન

<u>શુદ્ધ</u> = નાદ = સ્પન્દ સ્વભાવ દયતિ - ચેતન શક્તિ

<u>પરબિન્દુ</u> = કળા = Partial manifestation.

<u>સ્વરૂપ</u> પ્રકાશ = શુદ્ધ ચિત્ - આત્મા - being.

<u>રુદ્ર</u> વિમર્શ = Reflection - ભાવ - becoming.

મંત્રનું ચૈતન્ય પ્રગટાવવા માટે પુરશ્ચરણાદિની જરૂર છે.
નાદ એ પરાવાણીનું પ્રકટ સ્વરૂપ છે. પશ્યન્તી, મધ્યમા
અને વૈખરી એ નાદની જ ભિન્ન-ભિન્ન અવસ્થા છે.

જેણે પણ મંત્રને અનાહતયુક્ત કરવો હોય,
તેણે એકાગ્રતાપૂર્વક લયયોગની સાધના કરવી જોઈએ.

શું કર્મ છે? શું ધર્મ છે? ભક્તિ શું? શું જ્ઞાન છે?
બંધનાદિ અધ્યસ્ત જેમાં, જ્યોતિ સ્વયં પરમાત્મ છે.

અધિષ્ઠાનમાં ભાસે છે, મિથ્યા જ ભાસે પ્રત્યક્ષ.
ભાસક ભાસ્યે કોણ? 'તું' 'હું' 'તે' પરમ પ્રત્યક્ષ.

બિન્દુસહિત ઓંકારનો અર્થ શક્તિયુક્ત ઓંકાર છે.
શક્તિ means will to be, સંકલ્પયુક્ત અવસ્થા.

ગુણગુરુસેવા સમ્મં, વિણઓ તેસિં તદુત્થકરણં ચ ।
સાહૂણમણાહાણ ય સત્તાણુરૂવં નિઓગેણં ॥૧॥

(પરિશિષ્ટ-૨૮)

'પ્રભુ, તું જે કરે તે ખરું!' આ જ જીવનનો સાચો
મૂળ મંત્ર છે, તેથી દુઃખમાં પ્રભુ જે કરવા ઈચ્છે છે,
તે એને કરવા દઈએ, એમાં જ આપણું ભલું રહેલું છે
પણ પ્રભુને એનું કામ કરવા માટે અવકાશ મળવો જોઈએ!
તે અવકાશનું નામ છે: માણસના મનની શાંતિ.

અનંતતા શબ્દો નહિ વડે પણ જ્યારે શબ્દ જ ખોટું છે, જેનું જ અસ્તિત્વ નહિ હોય, ત્યારે જ અનંતતા એની પ્રભુ હોવા હશે. મન એ જ સમય છે અને તે તો વ્યર્થ લંબાણ કર્યા જ કરે છે. વિચાર કદી અનંત, અપાર એની અમાપને મેળવી શકશે નહિ. - જે. કૃષ્ણમૂર્તિ

સર્વ યુગોમાં સાધન તો એક જ છે:

મનને બને તેમ નિર્મળ કરીને ઈશ્વરમાં લગાડવું. ઈશ્વરમાં મન લગાડવાથી શાંતિ મળે છે અને મન જેટલું વધારે નિર્મળ થશે તેટલું ઈશ્વરમાં સહેલાઈથી લાગશે. એની સાથે જીવનના કર્તવ્ય-કર્મોમાં અપ્રમત્ત રહેવું. સદા યાદ રાખો કે: તમે કોઈના નથી અને કોઈ તમારું નથી. 'એક દિવસ એકાએક મારે આ સંસારની બધી વસ્તુઓ છોડીને ચાલવું પડશે' તે વિચારી ઈશ્વર સાથે સંબંધ બાંધો. ઈશ્વરની પાસે પહોંચવાનો પ્રયાસ કરીને મરણ પછીની મુસાફરી માટે તમારી જાતને તૈયાર કરો. અજ્ઞાનને લઈને હાડમાંસના માળખાને તમારું માનો છો, એ છે દુઃખનું કારણ. નિરંતર ધ્યાન કરી બધા દુઃખોથી મુક્ત થઈ અનંત આત્માનો સાક્ષાત્કાર કરો. સાધનાની મદદથી શરીરના કેદખાનામાંથી છુટીને આત્મામાં સ્થિતિ કરવાની ટેવ પાડો.

જે વાંચીને બેસી નહિ રહેતાં પણ સ્વાનુભવ કરે, તે જ ડાહ્યો છે, વિવેકી છે. જીવનનું કલ્યાણ પણ તે જ કરી શકે. ધર્મસાધનાનું મુખ્ય ફળ ભાવવિશુદ્ધિ - શુભભાવની કમાણી છે.

## સાક્ષાત્કાર = મુક્તિનો પરમમાર્ગ

આત્મસાક્ષાત્કાર = સર્વના સુખ-દુઃખનો સાક્ષાત્કાર.
પરમાત્મસાક્ષાત્કાર = યોગક્ષેમાર્થે પ્રભુ સદા હાજર છે એવો સાક્ષાત્કાર કરવો તે. આત્માનું અસ્તિત્વ સત્ય લાગતું હોય, તો તેના સુખ-દુઃખો પણ સત્ય લાગવા જોઈએ, તેના ઉપાય શોધવા સતત પ્રયત્નશીલ પણ રહેવું જોઈએ, નિર્ભયતા, નિશ્ચિંતતા અને સ્વસ્થતા અનુભવાવી જોઈએ. પરમાત્માનું અચિન્ત્ય સામર્થ્ય જીવાત્માના સર્વ પ્રકારના દુઃખો, અશુભવૃત્તિઓ અને અશુદ્ધિઓને દૂર કરવા શક્તિશાળી છે, એવો સાક્ષાત્કાર એ પરમાત્મ સાક્ષાત્કાર છે. ઉભય પ્રકારનો સાક્ષાત્કાર થવો એ મુક્તિનો પરમમાર્ગ છે.

o

ધર્મના અધિકારી થવા માટે નીચેની શરતો છે:
(1) Service to persons superior in merit.
(2) True obedience to such persons.
(3) Working according to one's ability for the good of monks & helpless man.

30/6/1965

આપણી વાત કે વસ્તુની કોઈ કદર ન કરે તો દુઃખ થાય,
તેમ આપણે પણ આભાર માન્યા વિના જ કોઈ પાસેથી
કાંઈ લઈએ, તો એને પણ ઊંડે ઊંડે એવું થાય ખરું.
જીવવું, શ્વાસ-લેવો મૂકવો, શીખવા માટે તત્પર મન હોવું,
ઇચ્છાશક્તિ હોવી, પ્રેમ-કૃપા-સમજણ માટે તત્પર હૃદય
હોવું, આનંદિત થવાના આ આશ્ચર્યકારક કારણો નથી શું?

આપણને એમ લાગવું જોઈએ કે જીવનના કોઈપણ
અનુભવ કે પરિસ્થિતિ કરતાં આપણે મહાન છીએ,
સંજોગો કરતાં આપણે વધારે શક્તિશાળી છીએ.

ક્રિયા તો પ્રાણીમાત્ર કરે છે, પરન્તુ જ્યારે તે કોઈ
વિશિષ્ટ ઉદ્દેશથી કરવામાં આવે, ત્યારે તે કર્મ બને તથા
વિશુદ્ધ ઉદ્દેશથી કરવામાં આવે, ત્યારે તે સત્કર્મ બને છે.
શુદ્ધિમાં શક્તિ છે, તેથી અધિક શક્તિ સંગઠનમાં છે.
સંગઠન સાથે મળેલી શુદ્ધિ મહાન શક્તિનું પ્રદર્શન કરાવે છે.

o સગુણ ઉપાસના કર્યા વગર
નિર્ગુણ ઉપાસના તરફ જઈ શકાતું નથી,
માટે મૂર્તિપૂજા એ તત્ત્વજ્ઞાનની શરૂઆત છે.
મૂર્તિપૂજા વિના તત્ત્વજ્ઞાન આવડવું સંભવિત નથી.

પ્રાણપતિના ચાર રૂપ - Blooming lotus

| | | | |
|---|---|---|---|
| Attention | ઈક્ષણ | નાદ | સૌર |
| Interest | કામ | બિંદુ | આગ્નેય |
| Desire | સંકલ્પ | કલા | ચાંદ્રમસ |
| Will | તપસ | અર્ધમાત્રા | વૈદ્યુતં |

પ્રાણેન ય: પ્રણીયતે સોઽર્થ: | ભર્તૃહરિ:

શબ્દ = વસ્તુ સાથે જે સારી રીતે જોડાય છે તે અર્થ છે.

છન્દો વ્યાકરણં પ્રાણાનાં |

ભર્તૃહરિ: છન્દ એ શબ્દ કે વસ્તુને પ્રકાશ કરનાર છે.

૫ મુખ્ય શબ્દ કારકરૂપ છે.

કારકરૂપ = a code of corporate agency.

૫ ગૌણ શબ્દ કૃતિરૂપ છે.

કૃતિરૂપ = a code of practical procedure.

મુખ્ય શબ્દના પાંચ ભેદ: શબ્દ, આખ્યાતાદિ.

ગૌણ શબ્દના પાંચ ભેદ: નામ, કૃદાદિ.

વર્ણના ૫૨ ભેદ: અ થી ક્ષ સુધીની માતૃકા.

o

માતૃકા is dynamic. સ્પંદ - counterpart or operational half of prana.

## ૫ પ્રકારના વાયુ

(1) પ્રાણવાયુ means to take in, store, conserve & build.

(2) અપાનવાયુ means to take out, spread, scatter, propagate.

(3) ઉદાનવાયુ levels up or down the given system of working energy so that emergence of new forms & situations may be possible.

(4) સમાનવાયુ means to normalize and equalize what tends to deviate from the required line of procession.

(5) વ્યાનવાયુ underlies, supports and connects them all.

ં

| અ | ઈ | ઉ | ƒ | ઁ |
|---|---|---|---|---|
| ↑ | ↑ | ↑ | ↑ | ↑ |
| અક્ષર | નાદ | બિંદુ | કલા | અર્ધમાત્રા (સૂક્ષ્મ) |

નભ, ગંભ, વેધ, બિંદુ (ઉ), નાદ (ઈ), અનુસ્વાર - વિસર્ગ.

ક - Kinetic - Potency.

ટ - Potential - latency.

ત - Energy scattered & radiated.

દંત - મૂર્ધા તાલુ

ઇદ : This actual as such. ← પાંચ વર્ગ / સ્પર્શ

તદ : That, the potential. ← શ ષ સ હ / મહાપ્રાણ

ઉભ : Neither this nor that passage of the one to other. ← યરલવ / અંતઃસ્થ

0 યંત્ર - apparatus

પાંચ વર્ગ = ક વર્ગ - કંઠ, ચ વર્ગ - તાલુ, ટ વર્ગ - મૂર્ધા, ત વર્ગ - દંત, પ વર્ગ - ઓષ્ઠ.

What evolves, operates & manifests as the universe? Prana, vital.

How? As vak, vocal.

ભાવ - પ્રકૃતિ, the principle of being.

ભાવ્ય - વિકૃતિ, the principle of becoming.

પ્રાણ - Component

વાક્ - Exponent

સ્પંદ - Basic principle.

o ભૂખ, મરણ, ભોજન અને ભજન -
એ ચારમાં અદલાબદલી ચાલતી નથી.

નામભક્તિ અને નાદભક્તિ એક થયે પરમભક્તિ મળે છે.
મરતાં પહેલાં મુક્તિ મળે તો જ મર્યા બાદ મુક્તિ મળે.
પ્રભુ કૃપા કરે તેને સંપત્તિ નહિ પણ વિપત્તિ આપે છે,
કેમકે વિપત્તિમાં સત્કર્મ કરવાની ઇચ્છા થાય છે.

<u>૩ પ્રકારની એષણા</u>

વિત્તૈષણા, પુત્ર - દારૈષણા અને લોકૈષણા.
એ ત્રણેનો નાશ દાસૈષણાથી થાય છે.

પ્રભુનો દાસ થવાની ઇચ્છા બધી એષણાનો નાશ કરે છે
અને સર્વ પ્રકારની એષણાઓ ઉપર વિજય અપાવે છે.
ત્યાગ કે ભોગથી નહિ પણ ભક્તિથી એષણા જીતાય છે.
ભક્તિ એ ડાળનું ફૂલ છે અને મુક્તિ એ એનું ફળ છે.
ફૂલ આવ્યા પછી જ ફળ આવે છે.
કોયલ - કાગડો બોલથી, બગલો - હંસલો મોતીના ચારાથી,
નગુરો - સગુરો વેણથી, વેશ્યા - પતિવ્રતા નેણથી ઓળખાય.
'ઈશ્વર અહીં પોતાની અંદર છે' એવી ભાવનામાં જે
મનુષ્ય સ્થિર છે, તે ત્યાં ખરેખર ઈશ્વરના ચરણોમાં જ છે.
જાણેલું નહિ પણ જીવનમાં ઉતારેલું કામ આવે છે.

## પંચ પરમેષ્ઠિ અને ૧૨ સ્વર

અ આ = અરિહંત, ઇ ઈ ઉ ઊ = સિદ્ધ, એ ઐ = આચાર્ય,

ઓ ઔ = ઉપાધ્યાય, અં અઃ = સાધુ.

નમઃ = પૂજા = દ્રવ્ય - ભાવસંકોચ

નમઃ પૂજા અર્થમાં છે. પૂજા દ્રવ્ય-ભાવસંકોચ અર્થમાં છે.
દ્રવ્યસંકોચ = દ્રવ્યસ્તવ તથા ભાવસંકોચ = ભાવસ્તવ.
અહીં સ્તવ કે સંકોચ એ સંવરસ્વરૂપ છે,
એટલે નમઃ એ દ્રવ્ય - ભાવસંવરરૂપ બને છે.
દ્રવ્યસંવર એ આવતાં કર્મને રોકવારૂપ છે.
ભાવસંવર એ કર્મના નિરોધરૂપ છે.
નમઃથી દ્રવ્યકર્મનો અને ભાવકર્મનો આશ્રવ રોકાય છે.

દ્રવ્યઆશ્રવ અશુભયોગ ક્રિયારૂપ છે.

ભાવઆશ્રવ અશુભ ઉપયોગ ક્રિયારૂપ છે.

મનની અશુભ પ્રવૃત્તિ આર્તરૌદ્રધ્યાનરૂપ છે.
વચનની અશુભ પ્રવૃત્તિ અસત્ય - અપ્રિય વચનરૂપ છે.
કાયાની અશુભ પ્રવૃત્તિ હિંસા - આરંભાદિની ચેષ્ટારૂપ છે.
અશુભ યોગ મન - વચન - કાયાની અશુભ પ્રવૃત્તિરૂપ છે.
અશુભ ઉપયોગ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને વિષય-
કષાયરૂપ છે. નમઃથી મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને

કષાયરૂપ અશુભ ઉપયોગ અને મન-વચન-કાયાના દુષ્ટ વ્યાપારરૂપ અશુભયોગ રોકાય છે તથા સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય અને નિર્વિષયતાવૃત્તિરૂપ શુભ ઉપયોગ અને મન-વચન-કાયાના શુભ વ્યાપારરૂપ શુભયોગ પ્રવર્તે છે. એટલા માટે નમઃ એ સંકોચ અર્થમાં સંવરરૂપ અને નિરોધ અર્થમાં નિર્જરારૂપ બને છે; પાપનું આવવું રોકાય છે - પુણ્યનું આવવું થાય છે. પૂર્ણ દ્રવ્યસંવર અને ભાવસંવર વીતરાગભાવમાં છે,

તેથી ત્યાં નમસ્કારની પૂર્ણતા છે.

નમસ્કારના પ્રારંભમાં વૈરાગ્યભાવ છે,

નમસ્કારની પૂર્ણતામાં વીતરાગભાવ છે અથવા

નમસ્કારના પ્રારંભમાં મિથ્યાત્વનો સંવર છે,

નમસ્કારની પૂર્ણતામાં શૈલેશીકરણયોગનો સર્વથા નિરોધ છે.

સર્વ સંવરભાવરૂપ નમસ્કાર એ પૂર્ણ નમસ્કાર છે.

તેનું સાધન દેશસંવરરૂપ દ્રવ્ય-ભાવસંકોચ છે.

સાચો ધર્મ વીતરાગની આજ્ઞાથી પ્રતિબદ્ધ છે.

આજ્ઞા આશ્રવની હેયતા-સંવરની ઉપાદેયતા સ્વરૂપ છે.

નમસ્કાર પણ તત્ત્વસ્વરૂપ હોવાથી

ધર્મ પણ નમસ્કારથી પ્રતિબદ્ધ છે.

નમસ્કાર આજ્ઞાકારક આજ્ઞાકર્તૃના બહુમાનરૂપ છે પણ આજ્ઞાપાલકના અભિમાનરૂપ નહિ. આજ્ઞાપાલક પણ જો પાલનનું અભિમાન કરે અને આજ્ઞા કરનારનું બહુમાન ધ્યાનમાં ન કરે, તો તે પાલન ધર્મસ્વરૂપ નહિ પણ અધર્મસ્વરૂપ બને, કેમકે તેમાં પાલનનો અંશ ધર્મ-સ્વરૂપ હોવા છતાં અભિમાનનો અંશ અધર્મસ્વરૂપ છે. આવું આજ્ઞાપાલન વિષમિશ્રિત અન્નની જેમ ત્યાજ્ય છે અથવા ઊંચે ચઢાવીને નીચે પટકવારૂપ રૌદ્રદુઃખના કારણનું જનક છે અથવા પાપાનુબંધી પુણ્યરૂપ હોઈ ત્યાજ્ય છે.

વિષયો પ્રત્યેના વૈરાગ્યના અને ત્યાગના અભાવમાં
અજ્ઞાન અને અવિરતિજન્ય આશ્રવ રહેલાં છે.

સકલ જીવો પ્રત્યે મૈત્રી અને કરુણાના અભાવમાં
અજ્ઞાન અને મિથ્યાત્વજન્ય આશ્રવ રહેલાં છે.

કરુણાભાવના અભાવમાં દુષ્કૃતની અનુમોદના અને
ભક્તિના અભાવમાં સુકૃતની ગર્હા છુપાયેલાં છે.

પ્રભુની ભક્તિનો અભાવ ગુણદ્વેષનો સૂચક છે અને જીવો માટેની કરુણાનો અભાવ પાપરાગનો સૂચક છે.

લોકસંજ્ઞા = 'લોકોનું કાર્ય હું કરું છું' એવી સંજ્ઞા.
ધર્મસંજ્ઞા = 'લોકોનું કાર્ય ધર્મ વડે થાય છે' એવું સંજ્ઞાન.

o भक्तिः परेशानुभवो विरक्तिः
अन्यत्र चैष त्रिक एककालः ।
प्रपद्यमानस्य यथाऽश्नतः स्युः
तुष्टिः पुष्टिः क्षुदपायोऽनुघासम् ॥१॥ (परिशिष्ट-२९)

'સામેવાળો મારા માટે જ છે' એવી ભાવના ભોગમાં છે.
'હું સામેવાળા માટે છું' એવી ભાવના ભક્તિમાં છે.
ભોગમાં માગણી છે, ભજનમાં લાગણી છે.
નમસ્કારથી એક જ કાળે ત્રણે વસ્તુ સિદ્ધ થાય છે:
ભક્તિ, વિરક્તિ અને આત્માનુભૂતિ.
ભક્તિ એ તુષ્ટિ છે,
આત્માનુભૂતિ એ પુષ્ટિ છે અને વિરક્તિ એ શાંતિ છે.
એ રીતે શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિ ત્રણે ક્રિયાઓ
નમસ્કાર વડે એક સાથે થાય છે.
નમસ્કારથી એક બાજુ આત્માનું ધ્યાન થાય છે,
તો બીજી બાજુ વિષયોની વિસ્મૃતિ થાય છે.
ભક્તિના આ સાક્ષાત્ બે ફળ છે.
જેમ ભોજનથી એક બાજુ ક્ષુધાનું નિવારણ અને
બીજી બાજુ શરીરને તુષ્ટિ-પુષ્ટિ થાય છે,
તેમ ઈશ્વર ભજનથી પણ એક બાજુ વિષયતૃષ્ણાની શાંતિ

અને ભાવ ભાવ આત્મત્વેન આત્માની સ્મૃતિરૂપી
તુષ્ટિ અને આત્મદર્શનરૂપી પુષ્ટિ થાય છે.

એ રીતે ભજન અને ભોજન

આત્મા તથા શરીરને સમાન રીતે ગુણકારક થાય છે.

कार्यायोजनं धृत्यादेः पदात् प्रत्ययतः श्रुतेः। અર્થાત્:
ધૃતિ વિગેરેથી, પદથી, અનુભવથી અને શ્રુતિ (પરંપરા)થી
કાર્યનું જોડાણ એટલે કે કાર્યનું પ્રવર્તન થયું હોય છે.

० गंभीरोदारचित्तवृत्तयः।

ગંભીર ચિત્ત સ્વઅનુષ્ઠાનની ગંભીરતા કે તત્ત્વજ્ઞતા
જુએ છે. ઉદાર ચિત્ત પરઅનુષ્ઠાનને ગૌરવથી જુએ છે.

રોગ નિવારણના ઉપાય

વૈદ્યનું બહુમાન, ઔષધનું સેવન અને પથ્યનું પાલન છે.
વૈદ્યના સ્થાને શરણ, ઔષધના સ્થાને સત્ક્રિયા અને
પથ્યપાલનના સ્થાને પરપીડાપરિહાર રોગના ઉપાય છે.
રામ એ રાજા, લક્ષ્મણ કર્મ અને સીતા ભક્તિના પ્રતીક છે.
રાજાપૂર્વક ભક્તિપ્રધાન નિષ્કામ કર્મયોગ મુક્તિદાયક છે,
સંક્ષેપમાં હિતોપદેશ છે; સર્વ શાસ્ત્રોનો સાર છે.

० परहित बसे जिन्ह के मनमांही।
तिन्ह कहुं जग दुर्लभ कछु नांही।

## રૂપ, ભેદ, તાપ અને તારણ

રૂપ = વિશિષ્ટ લક્ષણ, (સ્પષ્ટ પરિણામ), ભેદ = અસ્ફળતા,
તાપ = આપણાની પ્રત્યે અનુકંપા,
તારણ = આપત્તિમાં ચિત્તની નિશ્ચલતા.

o Our good actions can be channels of God's goodness and so too can our prayers. Giving up mine is bhakti, giving up I is gnana. The former gives up all his possessions, the latter gives up the very possessor of possessions. Bhakti is turning mind towards God. The path of gnana, self-enquiry, turns the mind to its own inner essence, which is the self. In self-enquiry, the subject sets out in search of himself. He who seeks must excist.

This excistence is itself the self.

In bhakti, one is disgusted with self & feels one's nothingness or unimportance and fixces one's mind on the higher power.

When the mind
at last becomes fully aware
of the higher power, it is absorbed into it.
This is total surrender of the ego.
The man no longer is, God alone is.
He may well be loved but not thought.
Love may reach God in this life
but not knowing So far is Bhakti.
He who does not know his own self,
cannot know and, much less, love God.
It is gnana to know that the master
is within you, but to commune with
him is bhakti. When the love of God or
self is manifested, it is bhakti. When it is
in secret, it is gnana. To know the self
as bliss is gnana; efforts to uncover
this natural bliss is known bhakti.
One-pointed thought of God is bhakti.
one-pointed experience of self is gnana.

When other arises, there is fear. There should be one alone, whether we call it god or self. The enemy is the ego or selfwill. To kill it, there is only one way, that is to say 'Thy will be done.' This is bhaktimarga.

o Instead of being absent minded,
I will think of thee.

Indifference, as always, is the worst sin.

o Blessed are those who are pure in heart.

o Laugh and the world will
laugh with you,
Weep and you will weep alone.

o God within me is mightier
than anything in the world.

o Gratitude is an enriching attitude,
a source of countless blessings.

Lead in this wave of anxieties and fears can bring the heaven on earth.

ગુણસ્થાનકો... અષાડ સુદ ૧૩

પ્રમત્ત ગુણસ્થાનક પર્યંત વ્યવહારનયની પ્રધાનતા અને નિશ્ચયનયની જે ગૌણતા કરી છે, તેનો અર્થ દયા, દાનાદિ વ્યવહારોની મુખ્યતા જીવનમાં રહેવી જોઈએ તે છે. કેવળ નિષેધાત્મક અહિંસાદિની મુખ્યતા ન રહેવી જોઈએ, કેમકે નહીંતર તે પ્રમાદપોષક બની જાય.

પ્રમાદને જીતવા દયા - દાનાદિ પ્રવૃત્તિધર્મો મુખ્ય બનવા જોઈએ અને નિવૃત્તિધર્મો આનુષંગિક બનવા જોઈએ. તેના બદલે વ્યવહારમાં નિષેધાત્મક ધર્મોની મુખ્યતા અને નિશ્ચયમાં વિધેયાત્મક ધર્મોની મુખ્યતા થવાથી આજના સમયમાં તો બન્ને બાજુ ગુમાવવાનું થાય છે. અપ્રમત્ત વગેરે ગુણસ્થાનકોએ નિષેધાત્મક ધર્મની મુખ્યતા અને વિધાનાત્મક ધર્મોની ગૌણતા બને છે. તેના બદલે વિધાનાત્મક ધર્મોને મુખ્ય બનાવવામાં આવે અને નિષેધાત્મક ધર્મોને ગૌણ બનાવવામાં આવે તો અપ્રમત્તતા ટકે જ કેવી રીતે? ધ્યાન - મૌન આદિ ધર્મોને મુખ્ય બનાવવાથી અપ્રમત્ત ગુણસ્થાનક ટકે. પ્રમાદને ટાળવા માટે દાન, દયા, પરોપકારાદિ પ્રવૃત્તિઓ જોઈએ. પ્રમાદ ટળ્યા પછી તે પ્રવૃત્તિઓની જરૂર રહેતી નથી એટલે

નિષેધાત્મક ધર્મ મુખ્ય બની જાય છે, કિન્તુ માનસિક વૃત્તિઓનું પ્રાધાન્ય રહેવું જોઇએ, કેમકે અપ્રમત્તતાના કારણે સંક્લેશાંશ ઘટે છે, તેનો સદુપયોગ કરી શકાય. પ્રમત્તાદિ ગુણસ્થાનકોએ સંક્લેશાંશ છે જ નહિ, તેથી મનોધર્મને મુખ્ય બનાવવાથી કોઈ કાર્યસિદ્ધિ થતી નથી. મનોધર્મને નિગ્રહમાં લાવવાને સંક્લેશાંશ વધારવા માટેનો ઉદ્દેશ પ્રમત્તાદિ ગુણસ્થાનકોએ પ્રધાન બનવો જોઇએ, તેના બદલે અહિંસાદિ નિષેધાત્મક ધર્મોને મુખ્ય બનાવવા માનસિક પ્રવૃત્તિઓના નિરોધને સાવ જ ગૌણ બનાવવો તે તો વિપરીત ક્રમ છે. આમ હવે ક્રમ નીચે મુજબ થશે: પ્રમત્ત ગુણસ્થાનક પર્યંત કાયિક-વાચિક વિધાનાત્મક અને માનસિક નિષેધાત્મક જ મુખ્ય બનવા જોઇએ. અપ્રમત્તાદિ ગુણસ્થાનકોએ કાયિક-વાચિક નિષેધાત્મક અને માનસિક વિધેયાત્મક ધર્મો મુખ્ય થવા જોઇએ.

o ગુસ્સે થવું એ બીજાની ભૂલ માટે
પોતાની જાત ઉપર વેર લેવા બરોબર છે.

નમઃ ઇતિ પ્રણિપાતેન નિવૃત્તિઃ । -જપસૂત્ર-આ-૫

અર્થાત્: નમસ્કાર એ પ્રણતિ પ્રણામ વડે
મોક્ષ (શાંતિ) પ્રાપ્ત થાય છે.

આ સૂત્રમાં 'પ્રણિપાત' અને 'નિવૃત્તિ' એ બે શબ્દો છે.

વૃત્તં નિપાત્ય વૃત્તિત્વં તન્નિવૃત્તત્વમ્ ।

<u>ભાવાર્થ</u>ઃ વૃત્તનું નિપાતન કરીને જે વૃત્તિમત્ત્વ રહે, તેને નિવૃત્તત્વ અથવા 'નિવૃત્તિ' કહે છે.

'વૃત્ત' એટલે કેવળ વર્તુળાકાર જ સમજવાનું નહિ, પણ જે કોઈ શરીરાદિની આકૃતિ હોય છે, તેના ક્રમશઃ નેમિ વિભાગ અને આરા વિભાગનો સંકોચ કરતાં કરતાં યાવત્ તેને શરીરના મૂળ નાભિસ્થાને બિંદુમાં લાવવું તે. તેને ક્રમશઃ વિનિપાતન, સંનિપાતન અને પ્રણિપાતન કહે છે.

<u>વૃત્ત 3 પ્રકારે છે</u>:

(૧) વસ્તુવૃત્ત - *Thing's sphere etc.* = વાક્ વૃત્ત.
(૨) ક્રિયાવૃત્ત - Action sphere etc. = મન વૃત્ત.
(3) શક્તિવૃત્ત - *Force sphere etc.* = પ્રાણ વૃત્ત.

<u>નિવૃત્તિની 3 ભૂમિકા</u>

જપકર્મ અંતર્ગત વાક્ એ <u>વસ્તુવૃત્ત</u>; મનમાં સંકલ્પાદિ એ <u>ક્રિયાવૃત્ત</u> અને પ્રાણ એ શક્તિવૃત્ત ઇત્યાદિ છે. પ્રથમ વૃત્તને સુષમ ભાવે *Symmetrically* નિવૃત્ત કે નિર્વૃત્ત કરવા તેની નેમિ-ઘેરાવાનો સંકોચ કરવો. જીવનમાં સાવધાનપણે કર્મ-ચિંતાજાળ શૃંખલાબદ્ધ ઘટાડતા

જવું, તે નિવૃત્તિની પ્રથમ ભૂમિકા '<u>વિનિપાતન</u>' કહેવાય છે. પછીની ભૂમિકા એટલે તે વૃત્તના અસરસમૂહ-વાસનાદિને ઘટાડતા જવું તે. આ ભૂમિકા '<u>સન્નિપાતન</u>' કહેવાય છે. સાધનામાં આત્મશુદ્ધિ અર્થે આ જો કર્મ કર્યા કરવા છતાં જ્યાં સુધી બિંદુ કેન્દ્રમાં સમાર્પિત ન થાય, ત્યાં સુધી વારંવાર પતન થાય. તે માટે સમર્પણયોગ દ્વારા જપ આદિની એમ બિંદુ પરિક્રમા (પ્રદક્ષિણા) કરવી, તેને '<u>પ્રણિપાતન</u>' કહે છે. અહીં બિંદુ એટલે ભાવ, બોધ, શક્તિ ઇત્યાદિની ઘનીભાવ પરિસીમા છે. 3 પ્રકારની વૃત્તવૃત્તિ - વ્યાપારો જો સુષમ-ભાવે - સૌષ્ઠવસહિત (without any residual untoward strains and stresses) સાધિત થાય, ત્યારે જ વૃત્તિનિપાતન અથવા તો નિવૃત્તિ થાય છે. આ પ્રક્રિયા જ રીતે જાણે છે એમ કર્માદિની નિવૃત્તિઓ આદિમાં કાર્ય કર્મસંકલ્પ, પછી કામનાસંકલ્પ અને અંતે તદેકકામ થવાથી તન્મયતા સમાપત્તિ અવશ્ય થાય જ છે. આ પ્રક્રિયા ગણિત, વિજ્ઞાનાદિ સર્વત્ર વ્યવહારમાં સંલગ્ન છે.

વૃત્ત = Effect, બિન્દુ = cause.

o

Every man is a volume,
if you know how to read him.

મૂળ બિંદુમાંથી વૃત્તની ઉત્પત્તિ થતાં પૂર્વે દંડ (ઋજુરેખા), ત્રિકોણ (cone), શંખાવર્ત (spiral) વગેરે જે અનેક પ્રકારની આકૃતિઓ (જીવના શરીરાદિ) ઉત્પન્ન થાય છે, તે બધાંનો સંપૂર્ણ વિનાશ કરીને જે નિત્ય વૃત્તિમત્વ (being) રહે છે, તેને 'નિર્વૃત્તિ' કે મુક્તાવસ્થિતિ કહે છે.

कल्कला-कालयोः साम्यं कलनमात्रताऽन्वयात् | २१२

ભાવાર્થ: કલા-કાલમાં કલ્ ધાતુનો, કલનમ્‌નો અન્વય છે. આ કલા અને કાલના કલનમાત્રમાં જ સામ્ય ભાવવાથી સૃષ્ટિની રચનામાં અને જીવનમાં મહત્ સાધના થાય છે. અણુમાં કેન્દ્ર (nucleus) સાથે જ મહાશક્તિ રહે છે, તેમ વસ્તુમાત્રમાં તેની નાભિ-કેન્દ્ર (fulcrum point) સ્થાને જ પ્રકૃતિશક્તિ રહે છે, તેને જ બિન્દુસ્થાને રાખી, જો તેની આજુબાજુ ગોળ પરિક્રમા કે પ્રદક્ષિણા કરાય, તો
તેમાં પણ પ્રકૃતિશક્તિ અર્થાત્
નિર્વૃત્તિ - વૃત્તિમત્વ (beingness) મળી શકાય છે.

कल्कला कालयोः साम्यं कलनमात्रताऽन्वयात् |
सौक्ष्म्येण हि संकोचो, गमः स्थाद्विनिपातनम् ||१||
सन्निपातोऽर संबंधो, प्रणिबिन्दु परिक्रमा |
त्रिदैवं वृत्तवृत्तीनां, सौष्ठवेन निपातनम् ||२||

## આંતરપૂજાના ૪ પ્રકાર

(૧) જપ (૨) ધ્યાન - હૃદયાદિસ્થાને ઇષ્ટમૂર્તિ - તેજોબિન્દુ
(3) નાદાનુસંધાન - મનોલયનું સાધન છે
(૪) કુંડલિની જાગરણ - સહસ્ત્રદલ સુધી લઈ જઈ ત્યાં શિવશક્તિનું સામરસ્ય થવા નીચેના ગુણો આવશ્યક છે:

(1) ભદ્રક પરિણતિ = Love - સ્નેહ - વિનય,
અક્ષુદ્રતા, મધ્યસ્થતા, પ્રકૃતિસૌમ્યતા, અક્રૂરતા,
દયાળુતા, દાક્ષિણ્યતા, વૃદ્ધાનુસારિતા, વિનીતતા.

(2) વિશેષ નિપુણમતિ = Wisdom - વિવેક
પંચેન્દ્રિયપૂર્ણતા, દીર્ઘદર્શિતા, વિશેષજ્ઞતા, કૃતજ્ઞતા,
પરહિતાર્થકારિતા, લબ્ધલક્ષ્યતા.

(3) ન્યાયમાર્ગરતિ = justice - વૈરાગ્ય,
અશઠતા, ભીરૂતા, લજ્જાળુતા, ગુણરાગિતા, સત્કથતા.

(4) દૃઢનિજવચન સ્થિતિ = penance - દમન,
સુપક્ષયુક્તતા, જનપ્રિયતા.

### ષડ્ગુણૈશ્વર્યસંપન્ન શિવ

(૧) સર્વજ્ઞતા - માયા (૨) નિત્યતૃપ્તિ - રાગ
(3) અનાદિબોધ - અવિદ્યા (૪) સ્વતંત્રતા - નિયતિ
(૫) અલુપ્તશક્તિમત્વ - કલા (૬) અનંતશક્તિકત્વ - કાલ.

यत् काल कलयो: साम्यं कलनमात्रताऽन्वयात् ।
अन्तो मध्ये च आकारस्तेन तत्र विशिष्टता ॥२२२॥

ભાવાર્થ: કલાને અંતે તથા કાલની મધ્યમાં 'આકાર' છે, એટલી વિશેષતા છે. કાલ અને કલામાં બીજો કોઈ ભેદ નથી,
કેમકે કલનમાત્રનો અન્વય ઉભયમાં છે.

કલા કહે છે કે નિખિલ કલનના ઉપાદાન થઈને જુઓ,
જ્યારે કાલ કહે છે કે તમો નિમિત્ત થઈ
સકલને આકૃતિ આપનારા છો, તેને જુઓ.

કલા દ્વારા પરિચ્છેદ અને કાલ દ્વારા સંખ્યા બોધાય છે.
કલા દ્વારા પાદ - વ્યંજન પર્યાય, કાલ દ્વારા માત્રા - અર્થ પર્યાય.
કલા એ સ્વર અથવા સુર, કાલ એ છંદ કે આકૃતિ છે.

o ધ્યાતાનો ધ્યેયમાં દ્રવ્ય - ભાવસંકોચ નમ્રતા ભાવનારો છે.
તે નમ્રતાથી ધ્યાતા ધ્યેયાકાર બને છે.

પરમાત્માકાર વૃત્તિમાં મહત્વ વૃત્તિનું નથી, કિન્તુ આકારનું છે. વૃત્તિમાં પરમાત્માકારતા ભાવનાર પરમાત્માનું અસ્તિત્વ છે, તેથી તેમની દયાના કારણે, તેમના અસ્તિત્વના પ્રભાવે, તેમની અચિન્ત્ય શક્તિમત્તા તથા ગુરુની સમર્થતાના પ્રભાવે જ વૃત્તિમાં નિર્મલતા, ઉચ્ચતા, પવિત્રતા અને ઉદાત્તતા પ્રગટે છે અને તેથી સદા નિશ્ચય થાય છે કે
પરમાત્મામાં તારકતા રહેલી છે.

## આઠ વિચારરત્નો

(૧) પાપનો બાપ માન, પાપની મા માયા.

(૨) પુણ્યનો બાપ દાન, પુણ્યની મા દયા.

(૩) શાન્તિનો બાપ ન્યાય, શાન્તિની મા નીતિ.

(૪) ધર્મનો બાપ સત્ય, ધર્મની મા ભક્તિ - શ્રદ્ધા.

(૫) પૂર્વે અધિકારીઓ એ અધિકારરૂપ જ હતાં, જ્યારે આજે ઉપકારીઓ એ અધિકારીઓ બની રહ્યા છે.

(૬) પૂર્વે રાજાને જે ભોગસામગ્રી ન્હોતી, તે આજે ભિખારીને - પૂર્વે ભિખારીને જે અશાંતિ ન્હોતી, તે આજે રાજાને છે.

(૭) ધર્મ વસ્તુસ્વભાવ સ્વરૂપ છે. વસ્તુસ્વભાવ તર્કથી નહિ, પણ પોતાના જ સામર્થ્યથી ટકે છે (not by reason but by the thing in itself).

આમ સત્યથી અહિંસા બધા વસ્તુસ્વભાવમાં છે.

(૮) સૌના વિચારથી ધર્મનો પ્રારંભ - અંતના ધર્મથી સૌને લાભ.
ધર્મ is not just individual but universal.

°

The body is purified by water,
the mind by truth,
the soul by knowledge and
reason is purified by wisdom.

o પ્રારંભમાં દીક્ષાનો જ ઉપદેશ આપવાની જે પ્રચલિત માન્યતા છે, તે કેટલી અને કેટલી વિપરીત છે, એનું ખૂબ સુંદર સ્પષ્ટીકરણ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે 'યોગશતક વૃત્તિ'માં કર્યું છે. પણ ઉચ્ચરાવતી - આપતી વખતની એ વાત છે, બધા પ્રસંગે નહિ. આ એક નવો પ્રકાશ છે.

o જે શ્વાસોચ્છ્વાસની ક્રિયા ચાલે છે, તેને નિરંતર જોયા કરવાથી શ્વાસ ઊંડો થતો જાય છે, ઊંડોને ઊંડો થતો જાય છે. તે શ્વાસ ધીમો શરૂ થાય છે, તે જોયા કરવાથી ચિત્ત શાંત થાય છે અને આત્મતત્ત્વ સાક્ષાત થાય છે.

ગુણાધિક વિષે જ પ્રમોદ શા માટે?

આપણાથી ઉતરતો ગુણ હોય તો પણ તેના ઉપર પ્રમોદ ધારણ કરવો જ. 'ભગવતી'માં નમો લોએ સવ્વસાહૂણં। એનું જ સૂચક છે. માટે જ્યાં જેટલો પણ ગુણ દેખાય, તે જોઈને સૌ મહીં પ્રમોદ - ગુણાનુરાગ પ્રગટવો જોઈએ. ગુણાધિકેષુ પ્રમોદઃ। એ વાક્યનું પણ એ જ પ્રયોજન છે.

જીવ ચૈતન્યઅંશમાં અકર્તા, અભોક્તા અને વિભુ જ છે, કિન્તુ તે પ્રકૃતિઅંશમાં કર્તા, ભોક્તા અને પરિચ્છિન્ન છે. વિભુ સર્વવ્યાપી અને પરિચ્છિન્ન મર્યાદિત - ચૈતન્યઅંશથી unlimited and પ્રકૃતિઅંશથી limited છે.

ચૈતન્યઅંશથી મુક્ત છે, પ્રકૃતિઅંશથી બદ્ધ છે.

## વાસીચંદન કલ્પ એટલે શું ?

(૧) વાસીથી છેદ કરનાર અને ચંદનથી વિલેપન કરનાર

બંને ઉપર કલ્પ = સમાન ભાવ રાખવો.

(૨) વાસી છેદ કરે તો પણ ચંદન તેને સુવાસિત બનાવે છે, તેમ જે અપકારી ઉપર પણ ઉપકાર કરનાર છે, તે

એકાન્ત સત્ત્વહિતૈષી છે.

જે જે વ્યક્તિના હૃદયમાં બધાને માટે સ્નેહની ભાવના રહે છે, તે નાસ્તિક હોય તો પણ ભગવાનની નિકટ છે. તેનાથી ઉલ્ટું જે વ્યક્તિ આખો દિવસ ભગવાનના નામનો જાપ જપે છે, તો પણ પોતાના દિલમાં લોકો પ્રત્યે મૈત્રી ભાવનાઓ ન હોતાં તે એક પ્રકારનો નાસ્તિક જ છે.

યજ્ઞશિષ્ટાશિનઃ સન્તો મુચ્યન્તે સર્વ કિલ્બિષૈઃ।

યજ્ઞશેષ = યજ્ઞીય કાર્યથી મળતી પવિત્રતા. તેને ભોગવનારા સંતો બને છે અને સમસ્ત પાપોથી મુક્ત થાય છે.

તેઓને પાપ સ્વયં છોડી જાય છે.

તેમણે પાપ છોડવા પાપનું ચિન્તન પણ કરવું પડતું નથી.

એમની પવિત્રતા જ એવી અસીમ બને છે,

કે પાપપ્રેરક મતિ જ તેમનામાં પ્રવેશી શકતી નથી.

યજ્ઞીય જીવન ગાળે એટલે પવિત્રતાનો સંચય થાય જ.

પવિત્રતાને આરોગનાર સંત બને જ અને
અંતે પાપ-પુણ્ય ઉભયથી મુક્ત થાય જ.
પવિત્રતા, સમતા, ઈશ્વરાનુભૂતિ - એ સર્વ એકાર્થક છે.
પવિત્રતા એ પરમાત્માનું જ બીજું નામ છે.
જીવનમાં નિરંતર મંત્રજાપ કરવાથી પવિત્રતા ટકે છે.

अहमेव परो हंसः शिवः परम कारणम् ।
जपः प्राणसमः कार्यः । (પરિશિષ્ટ-૩૦)

प्राणमेव जयेत् पूर्वं जिते प्राणे जितं मनः ।
जिते मनसि शान्तस्य परं तत्त्वं प्रकाशते ॥१॥ (પરિશિષ્ટ-૩૧)

## મનને તત્ર રાખવા મંત્રજાપ

(૧) અક્ષરનો અનુભૂત મંત્ર: નમો લોએ મંગલં ।
(૫) અક્ષરનો અનુભૂત મંત્ર: ॐ नमः सिद्धं ।

### (૧૪) અક્ષરનો અનુભૂત મંત્ર:

નમો - નમસ્કાર
દીવો - अरिहंत - અરિહંતો દીપરૂપ છે.
તાણં - सिद्ध - સિદ્ધો ત્રાણરૂપ છે.
સરણ - आचार्य - આચાર્યો શરણરૂપ છે.
ગઈ - उपाध्याय - ઉપાધ્યાયો ગતિરૂપ છે.
પઈટ્ઠા - સાધુ - સાધુઓ પ્રતિષ્ઠારૂપ છે.

## તર્ક શાસ્ત્ર

તર્ક એ મનનાત્મક ઈશ્વરભક્તિ છે. આગમાનુસારી તર્ક
રાગ અને દ્વેષની પરિણતિ શમાવવા માટે ઉપકારક છે.

### આગમાનુસારી તર્કનો સદુપયોગ

દુઃખ વખતે સ્વકૃત પાપકર્મનો ઉદય વિચારવો અને
સુખ વખતે ઉપકારક સર્વ નિમિત્તોને આગળ કરવા,
એ શાસ્ત્રો અનુસાર તર્કનો સદુપયોગ છે.
જીવોની અંદર રહેલ તાત્ત્વિક સિદ્ધત્વને આગળ કરી
પ્રમોદના ભાવને વિકસાવવો અને
વ્યવહારનય સિદ્ધ અસિદ્ધત્વને આગળ કરી
કરુણાદિભાવ તથા સમત્વભાવને વિકસાવવો,
એ શાસ્ત્રાનુસારી તર્કનો ઉપયોગ છે.
શાસ્ત્રોમાં તર્કો યોગાંગમુત્તમમ્ ।
આવું કહી અપેક્ષાએ અષ્ટાંગ યોગ કરતાં પણ
શાસ્ત્રાનુસારી તર્કને ઉંચુ સ્થાન આપેલું છે.
ધ્યાન અને સમાધિથી માત્ર પોતાને લાભ થાય છે અને
સત્તર્કથી થતી સમજણ સ્વ-પર ઉભયને લાભદાયી થાય છે.
સ્વધર્મનું ગૌરવ જાળવવા માટે અને સ્વધર્મનું ખોટું
ખંડન થતું અટકાવવા પણ શાસ્ત્રાનુસારી તર્ક ઉપયોગી છે.

## 3 શરીર

કારણશરીર - આણવમળ - ભૌતિકકર્મ અથવા દ્રવ્યકર્મ
સૂક્ષ્મશરીર - માયિકમળ - ભાવકર્મ, મોહ - રાગ-દ્વેષાદિ
સ્થૂળ શરીર - કાર્મિકમળ - નોકર્મ, દેહ-મન-વાણીની ક્રિયા

°

## 3 મળ

આણવમળ - Ignorance (મૂળાવિદ્યા).
માયિકમળ - Emotional state.
કાર્મિકમળ - Action state.

From 3 mals, one attacks the freedom,
the other omnipresence and
the last omnipotence.
These 3 are limitations of the soul.

°

To be happy is to love everyone because
God is Love and Love is God.
What is best for all,
turns out best for you too.
man minus passions = God.
God plus passions = man.

## સમ્યગ્દર્શનના ૨ અંશ

મિથ્યાત્વ મોહની અને અનંતાનુબંધીનો ક્ષયોપશમ.
પ્રથમ અંશની સિદ્ધિ શુદ્ધ સ્વરૂપવાળાની ભક્તિથી થાય.
બીજા અંશની સિદ્ધિ જીવમાત્ર પ્રત્યેની મૈત્રીથી સિદ્ધ થાય.

## કયા ગુણથી કયા દોષને ટાળવા?

વિવેકથી મોહ, વૈરાગ્યથી રાગ, મૈત્રીથી દ્વેષ, ક્ષમાથી ક્રોધ, માર્દવથી માન, આર્જવથી માયા, સંતોષથી લોભ, ધૈર્યથી ભય, બ્રહ્મચર્યથી કામ, બુદ્ધિથી શોક તથા દમથી રતિ-અરતિ-હાસ્ય-જુગુપ્સા અને પાંચ ઈન્દ્રિયના દોષોને ટાળવા.
ક્રોધાદિ વૈભાવિક કુટુંબને ટાળવા માટે ક્ષાંત્યાદિ સ્વાભાવિક કુટુંબની અને સ્વજનાદિ ત્રીજા કુટુંબની સહાય લેવી.

## થોડા પ્રશ્નોત્તર

આપણું સાધ્ય શું? શુદ્ધસ્વરૂપ મોક્ષ પામવો તે.
મોક્ષ માટેનું સાધન શું? મોક્ષમાર્ગ રત્નત્રયરૂપી ધર્મ.
મોક્ષ મેળવવા માટે પ્રેરક કોણ? અરિહંતરૂપી ઉપદેશક.
મોક્ષમાર્ગના સાધક કોણ? પંચમ પદે પ્રતિષ્ઠિત એવા સાધુ.
મોક્ષમાર્ગે આચારસહાયક કોણ? જિનશાસનરક્ષક આચાર્ય.
મોક્ષમાર્ગે જ્ઞાનમાં સહાયક કોણ? શ્રુતના પાઠક ઉપાધ્યાય.
આચારાદિમાં સહાયક ઉત્તરસાધક કોણ? સંઘરક્ષક શ્રાવક.

Spiritual illumination
does not come from a person,
but from the impersonal God,
the universal truth, the illumined
consciousness of yourself.
To feel means to be aware. Consciousness,
aware of its own infinite being & eternal
body is immortality achived here & now.
The awareness of the
activity of truth in consciousness
within is the God attained.
In quietness, we become a state of
receptivity, which opens
the way for us to feel or become
aware of the very presence of God.
This feeling or awareness is the
activity of God,
truth in our own consciousness.
It is the God, the reality of us.

## ૪ વિચારરત્નો

(૧) દ્રવ્યસંકોચ = હાથ-પગ-મસ્તકાદિ અંગોની ગ્રહણ-કંપનાદિ ક્રિયાઓને રોકવી અથવા નિયમિત કરવી તે (અંજલિબંધ, અર્ધાવનત, પંચાંગપ્રણિપાત, મુદ્રાવિન્યાસાદિ).

(૨) ભાવસંકોચ = વિશુદ્ધ મનનો નિયોગ, અર્હદ આદિના ગુણોમાં પવિત્ર અંતઃકરણનો પરમ પ્રવેશ, પ્રીતિયુક્ત પ્રણિધાન, એકાગ્રતા, એકતાનતા, અનન્ય વૃત્તિ હોવી તે. નિર્મળ મનને પ્રભુ અને પ્રભુના ગુણોની સાથે બાંધી દેવું.

(3) ચતુર્થ વિભક્તિનો અર્થ 'ઉદ્દેશ્ય' થાય છે.
અરિહંતોને ઉદ્દેશીને થતો નમસ્કાર કે તેઓની પૂજા.

(૪) વ્યવહારનયની અપેક્ષાએ ધર્મ અનુષ્ઠાનરૂપ કિન્તુ નિશ્ચયનયની અપેક્ષાએ અનુષ્ઠાનજન્ય ભાવની શુદ્ધિ છે.
અનુષ્ઠાન અવ્યભિચારી વચનાનુસારિ, મૈત્ર્યાદિભાવયુક્ત હેયોપાદેય વસ્તુના હાનાદાનરૂપ - ભવશુદ્ધિ કર્મક્ષયજનિત સમ્યગ્દર્શનાદિના ભાવવાળી અનુષ્ઠાનજન્ય ભાવશુદ્ધિ છે.
તે બંને પ્રકારના ધર્મનું મૂળ વંદના છે. 'વિનયમૂલો ધમ્મો |'

०

व्याधि - स्त्यान - संशयालस्य - प्रमादाविरति - भ्रान्ति दर्शनालब्धभूमिकत्वानवस्थितत्वानि |

(પરિશિષ્ટ-૩૨)

## અષ્ટાંગયોગાદિ શું ટળે? શું મળે?

(૧) આસનાદિ ખેદોદ્વેગ

શારીરિક થાક (ખેદ) - મંદતા (રોગ) ટળે.

(૨) પ્રાણાયામાદિ રોગાસંગ

માનસિક થાક (ઉદ્વેગ) - મંદતા (આસંગ) ટળે.

(૩) પ્રત્યાહારાદિ ભ્રમોત્થાન

ભ્રમ, અવિરતિ અને ભ્રાન્તિદર્શન જાય.

(૪) ધારણાદિ ક્ષેપ

દીર્ઘકાળ ઉત્થાન થાય નહીં, દરેક સંશય ટળે.

(૫) ધ્યાનાદિ અન્યમુદ્

નૈરન્તર્ય સત્કાર સહ ભૂમિકા પ્રાપ્ત થાય.

(૬) સમાધ્યાદિ શાન્તોદાત્ત

સત્કારની ભૂમિકા સ્થિર થાય.

स तु दीर्घकालनैरन्तर्य-सत्कारासेवितो दृढभूमिः।

० नित्यं सत्त्वं असत्त्वं वा हेतोरन्यानपेक्षणात्।
अपेक्षातो हि भावानां कादाचित्कत्वसंभवः ॥१॥

અકૃતિ: અન્ય હેતુની અપેક્ષા ન હોય તો પદાર્થો નિત્ય સત્ત્વ કે અસત્ત્વ જ રહે. અન્ય હેતુની અપેક્ષાથી જ પદાર્થોમાં કદાચિત્ત્વ અર્થાત્ કે કોઈક સત્ત્વપણું તથા કોઈક અસત્ત્વપણું પણ સંભવે છે.

0 જે વસ્તુનું કોઈપણ કારણ ન હોય તેની બે સ્થિતિ છે: સદાકાળ અસ્તિત્વ અથવા સદાકાળ અભાવ. જેમ આકાશ અને શશશૃંગ આના સચોટ ઉદાહરણ છે. જે વસ્તુ કોઈક વખત થતી હોય અને કોઈક વખત ન થતી હોય તે વસ્તુ કારણજન્ય હોય છે, જેમકે ઘટપટાદિ.

0 આહારાદિ ચાર સંજ્ઞાઓ ઔદયિકભાવે છે, તેને દાનાદિ ધર્મ ક્ષાયોપશમિક ભાવરૂપે પલટાવવા આવે છે. આહાર વિરુદ્ધ તપસંજ્ઞા છે, ભય વિરુદ્ધ ભાવસંજ્ઞા છે, મૈથુન વિરુદ્ધ શીલસંજ્ઞા તથા પરિગ્રહ વિરુદ્ધ દાનસંજ્ઞા છે.

0 નમસ્કાર મંત્રમાં અજબ ખૂબી એ છે કે જેમ જેમ તેનું સ્મરણ કરવામાં આવે, તેમ તેમ ધર્મ પ્રત્યે અનુરાગ પ્રગટ થતો જાય છે અને છેવટે મનુષ્ય ધર્મપરાયણ બની જાય છે.

મંગળમય નામજપ કરવાથી ત્રિકરણ શુદ્ધિ થાય છે, તેમ આત્મબળ વધે છે, વિઘ્નોનું શમન થાય છે અને ઇષ્ટની સિદ્ધિ થાય છે. સુપ્ત મંડિત પ્રબોધ દર્શનાદિ અથવા સુપ્ત તીર્થ મહાબોધિ ન્યાય અહીં લાગુ પડે છે.

ઇસો અણાઇકાલો અણાઇજીવો અણાઇજિણધમ્મો ।
તઇયા વિ તે પઢંતા ઇસુચ્ચિય જિણ-નમુક્કારો ॥૧॥
-નમસ્કાર ફલ પ્રકરણ (પરિશિષ્ટ-૩૩)

## જપ અભ્યાસ વડે આત્મદર્શન

अभ्यासेन स्थिरं चित्तं अभ्यासेनानिलच्युतिः ।
अभ्यासेन परानन्दो अभ्यासेनात्मदर्शनम् ॥१॥

સમજૂતિ: અભ્યાસ વડે ચિત્ત સ્થિર થાય છે, અભ્યાસ વડે વાયુ દૂર થાય છે, અભ્યાસ વડે પરમાનંદ પમાય છે, અભ્યાસ વડે આત્મદર્શન થાય છે.

रेचकपूरककुम्भाः गुणात्रयं स्थिरकृति स्मृती दृक्का ।
नादो ध्यानं ध्येयैकत्वं तत्वं च जपभेदाः ॥२॥

સમજૂતિ: રેચક જપ શ્વાસ બહાર કાઢવાપૂર્વક, પૂરક જપ શ્વાસ અંદર લેવાપૂર્વક, કુંભક જપ શ્વાસ સ્થિર કરવાપૂર્વક થાય છે. સાત્વિક જપ શાંતિકર્મ માટે, રાજસિક જપ વશીકરણાદિ માટે, તામસિક જપ ઉચ્ચાટનાદિ માટે, સ્થિર કૃતિ જપ વિઘ્નો સામે સ્થિર રહેવા માટે, સ્મૃતિ જપ એ નાસાગ્ર દૃષ્ટિ માનસિક સ્મરણ વધારવા માટે, દક્કા જપ એ કોલકારક હું દૂર છતિ સાંત્વપદી માટે, નાદ જપ કરતી વખતે ભ્રમરાદિ જેવા ગુંજારવ માટે, ધ્યાન જપ એ મંત્રો-પદોનું વર્ણાદિપૂર્વક ધ્યાન માટે, ધ્યેયૈક્ય જપ એ ધ્યાતા-ધ્યેય-ધ્યાનની એકતા માટે તથા તત્ત્વ જપ એ પૃથ્વી આદિ પંચમહાભૂત તત્ત્વોને અનુસરવા માટે થાય છે.

પ્રભુના રૂપની આગળ તો સર્વ દેવોનું રૂપ પણ
સૂર્ય સામે અંગારાતુલ્ય છે.

તાણં અણ્ણં તુ ણો અત્થિ જીવાણં ભવસાયરે ।
બુડ્ડંતાણં ઇમં મુત્તું ણમોક્કારં સુપોયયં ॥૧॥ સૂક્તિ:

ભવસાગરમાં ડૂબતા જીવોને
નવકારરૂપી શ્રેષ્ઠ નાવને છોડીને
બીજું કોઈ ત્રાણ, શરણ કે રક્ષણ નથી.

o

ભાવપ્રધાન દેશના સરલ...

ભાવપ્રધાન દેશના સરલ ક્રિયા અને જ્ઞાનની પાછળ
રહેલ શુભભાવ (idea or ideal) જગાવવી તે.
ક્રિયામાત્ર આત્મૌપમ્યભાવની સિદ્ધિ માટે છે.
જ્ઞાનમાત્ર આત્મૌપમ્યભાવનું મહત્ત્વ સમજાવવા માટે છે.
આત્મૌપમ્ય ભાવ એ જ
સઘળી ક્રિયા અને જ્ઞાનનું મૂળ અને ફળ પણ છે.
જે ક્રિયા કે જ્ઞાનના મૂળમાં તે ભાવ નથી,
તે ક્રિયા કે જ્ઞાન
without any idea or without any ideal
હોવાથી રૂક્ષ, શુષ્ક, નિષ્ફલ અને ગતાનુગતિક
without any intention છે.

## સમજની સાચી પારાશીશી

દુઃખમાં વ્યક્તિવાદી અને સુખમાં સમષ્ટિવાદી બનવું

તે સમજની સાચી પારાશીશી છે.

પાટામાં મોટો દોષ તો પોતાને નિર્દોષ માનવો તે નથી.

પાટામાં મોટો ગુણ પોતાને નિર્ગુણ સમજવો તે છે.

પોતાને ભૂલવાળો માનવો તે પાટામાં મોટી ભૂલ જ છે.

એ પર્યાય દૃષ્ટિ છે.

પાટામાં મોટી સમજ સ્વને સમજવાન-પૂર્ણ સમજવો તે છે.

એ દ્રવ્ય દૃષ્ટિ છે.

જીવનાં પાટામાં પાટા બે લક્ષણ: ઉપયોગ અને ઉપગ્રહ.

ઉપયોગ લક્ષણથી જોતાં જીવ સર્વજ્ઞ અને સર્વદર્શી છે.

ઉપગ્રહ લક્ષણથી જોતા જીવ સર્વજીવહિતકારી છે.

સર્વ જીવોને હિતકારી બનવાની એક શક્તિ પ્રત્યેક જીવની અંદર રહેલી છે, કેમકે ઉપગ્રહ તેનો ધર્મ છે.

પૂર્ણ સ્વરૂપવાળા બનવાની શક્તિ પ્રત્યેક જીવમાં રહેલી છે, કેમકે ઉપયોગ એ પણ જીવમાત્રનું લક્ષણ છે.

ઉપયોગ લક્ષણ ઉપાદાન શક્તિને- ઉપગ્રહ લક્ષણ નિમિત્ત શક્તિને સૂચવે છે. ઉપયોગ લક્ષણથી જીવ વ્યક્તિવાદી અને ઉપગ્રહ લક્ષણથી જીવ સમષ્ટિવાદી જણાય છે.

જીવને સમષ્ટિ સાથે સંબંધ છે, કેમકે ઉપગ્રહ જ તેનું લક્ષણ છે. જીવને વ્યક્તિગત સ્વાતંત્ર્ય છે, કેમકે જીવ પોતે તો સ્વતંત્ર ઉપયોગના વિશિષ્ટ લક્ષણવાળો છે. જીવ એકલો વ્યક્તિવાદી બનીને જીવી શકતો નથી, કેમકે બીજા વ્યક્તિના સુખ-દુઃખમાં નિમિત્ત બનવાની ઉપગ્રહકારક શક્તિ તેના મૂળ સ્વભાવમાં જ રહેલી છે. જીવ કેવળ સમષ્ટિવાદી બનીને પણ જીવી શકતો નથી, કેમકે ઉપયોગ લક્ષણથી તેને સંપૂર્ણ સ્વાતંત્રતા પણ છે.

0 બોલીએ નરવું અને ખાઈએ નરવું.

:સૂક્તિ:

બીજાને પચે તેવું બોલવું, પોતાને પચે તેવું ખાવું.

ભોજનમાં પાંચ સમવાય

કાળ = 32 કોળિયાનો ક્રમ, સ્વભાવ = અન્નનો ગુણ,
નિયતિ = ભોજનના દાણાનો નિયમ,
કર્મ = શુભકર્મ - પાચનશક્તિ તથા પુરુષકાર = પ્રયત્ન.

ભજનમાં પાંચ સમવાય

કાળ = ચોથો-પાંચમો આરો, સ્વભાવ = મુક્તિગમન યોગ્ય,
નિયતિ = કુદરતની અનુકૂળતા, કર્મ = પ્રકૃત શુભકર્મ
અને પુરુષકાર = પ્રયત્ન, આદર.

## પાંચ કારણોનો સમવાય

જેમ સ્ત્રનો કીબોર્ડ લેવામાં પાંચે આંગળી મળીને જ કાર્ય થાય છે, તેમ પ્રત્યેક કાર્યોત્પત્તિમાં પાંચે કારણોનો સમવાય રહેલો છે.

(૧) કાળ: જેમ દૂધમાં દહીં, બીજમાં ફૂલ અને ફૂલ-ફળ આદિમાં ઋતુઓ સમાયેલ છે, તેમ દેહમાં ગર્ભ-બાલ્ય-યુવા-પ્રૌઢ-વૃદ્ધાદિ કાળાધીન અવસ્થાઓ રહેલી છે.

(૨) સ્વભાવ: અગ્નિમાં દાહકતા, પૃથ્વીમાં સ્થિરતા, જલમાં શીતતા, વાયુમાં ચંચળતા, આકાશમાં અમૂર્તતા, માટીથી ઘટ, તંતુથી પટ, ફૂલની ચિત્રતામાં બીજનો ભેદ અને ભવ્ય-અભવ્ય જાતિભવ્યાદિ જીવાદિ તત્ત્વના સ્વભાવાધીન છે.

(૩) નિયતિ: પ્રત્યેકના ભોજનમાં ભિન્ન ભિન્ન દાણા, કેટલાંક વૃક્ષોના ફળ મોડાં - કેટલાંકના વહેલાં, શિકારી પુરુષ દ્વારા પશુની હિંસા અને સર્પ-કબુતરની શત્રુતા નિયતિ છે.

(૪) કર્મ: રામને વનવાસ, સીતાને કલંક, પંડિતને દારિદ્ર્ય, સાધુને ઉપસર્ગ, સેતાનને સમૃદ્ધિ કર્મોના કારણે મળે છે.

(૫) પુરુષકાર: શિલ્પીનું મૂર્તિનિર્માણ, રામને વિજય અને રત્નત્રયી આદિથી આત્માને મળતો મોક્ષ એ પુરુષકાર છે.

*All the five together bring the result.*

આગમ કહે છે કે સદાચાર એ સદ્વિચારની કસોટી છે.
યોગમાર્ગ કહે છે કે સદ્વિચાર એ સદાચારની કસોટી છે.
યોગ અને આગમ બંને મળીને મોક્ષમાર્ગ જ બને છે.
સદ્વિચાર એટલે an idea or an ideal.
સદાચાર એટલે faithfulness to the ideal;
firmness of the idea.

o આ વિશ્વ જગતના વિકાસની વિરામશાળા, ઉત્થાનની ઉદ્યોગશાળા અને પુરુષાર્થની પ્રયોગશાળા છે તથા તીર્થંકર ભગવાન દેવેન્દ્રોના દર્શનીય, યોગીન્દ્રોના આદરણીય, મુનીન્દ્રોના માનનીય, સુરેન્દ્રોના સેવનીય, નરેન્દ્રોના નમસ્કરણીય, પ્રાણીમાત્રના પૂજનીય, વિશ્વના વંદનીય અને ત્રિભુવનના તારણીય છે.

પ્રગતિનો વિરોધ એ પ્રકૃતિનો વિરોધ છે અને પ્રકૃતિનો વિરોધ તે તેના સમગ્ર મંગળબળોનો વિરોધ છે. તેનો વિરોધ એટલે તારી જાત સાથેનો જ વિરોધ છે. દરેક માનવમાં દૈવતત્ત્વ તો રહેલું છે, પરંતુ ગુરુના માર્ગદર્શન વિના આ દૈવતત્ત્વને બહાર લાવવું કે તેનો વિકાસ કરવો મુશ્કેલ છે. ગુરુને શરણે રહેવું એ ઈશ્વર પાસે પહોંચવાનો સૌથી સરળમાં સરળ માર્ગ છે.

સત્ય એ જાણવાની વસ્તુ છે.

પ્રેમ એ કરવાની વસ્તુ છે. પ્રેમ સમગ્રની સાથે જોડે છે.
પ્રેમના અભાવમાં સત્યાદિ પૃથક્ અને એકલા પડવાય છે.
પોતાનામાં પુરાઈ જવું, તે જીવતાં મુરદા થવા બરાબર છે.

મનુષ્ય દેખાવમાં વ્યક્તિ છે,

તત્ત્વથી તેના મૂળ - તેની જડ સમષ્ટિ સુધી ફેલાયેલા છે.
એથી મનુષ્યનો રોગ કે આરોગ્ય - ઉભય સંક્રામક છે.

o

વૈરાગ્ય = quality of equalmindedness.

o One - pointedness of mind is the only good posture. One must totally renounce the idea of getting, even getting enlightenment & substitute for it the idea of giving, even giving up the self that desires enlightenment. Perhaps even more appropriate is the word of accepting, accepting what is.

-Raman maharshi

o We have the access to all the power there is.

## થોડા પારિભાષિક શબ્દો

ઉન્મનીકરણ = મનોમૃત્યુ, ચિત્ત = ત્રિકાળ વિષયક ચિન્તનરૂપ,
પ્રજ્ઞા = દેહાદિ અધ્યાસરૂપા, સંજ્ઞા = આહારાદિ ગૃદ્ધિરૂપા,
વિજ્ઞાન = જાગૃતાદિ અવસ્થારૂપ, બુદ્ધિ = ઔત્પત્તિકાદિરૂપ,
ધારણા = અવિચ્યુતિ સ્મૃતિ વાસનારૂપ, ઈહા = વિચારણા,
મતિ = અવગ્રહાદિરૂપ, ઉપયોગ = વાસનારૂપ,
વિતર્ક = ઊહરૂપ, મન = ચિંતન - મનનરૂપ.

o બત્રીસ દાંત અને એક જીભ,

નવકારવાળીમાં એકસો આઠ મણકા અને એક દોરો, અનેક તંતુ અને એક દોરડું, અનેક સળીઓ અને એક સાવરણી, અનેક લાકડાં અને તેનો ભારો તથા એકાવન પાના અને એક થોકડી - અભેદ સંપ માટે દૃષ્ટાંતો છે.

દાંત અને જીભ વારાફરતી કહે છે કે:

હમ બત્રીસ તુમ એકલી, બસી હમારી માંય,
જરા સી કતર ખાઉં તો, ફરીયાદ કહાં લે જાય?
તુમ બત્રીસ મૈં એકલી, બસી તુમ્હારી માંય,
જરા સી ટેડી બાત કહું, તો બત્રીસ હી ગીર જાય.

o

We love a person when we wish for him all that we wish for ourselves.

પ્રશ્ન: ગુણ પ્રત્યે જેને પ્રમોદ હોય,
તેને હીનગુણ પ્રત્યે કરુણા - અનુકંપા હોય કે નહીં?

अनुकंपा च निर्वेदः संवेगः प्रशमस्तथा ।
एतेषां अनुभावाः स्युरिच्छादीनां यथाक्रमम् ॥
इच्छा तद्वत्कथा-प्रीति-युक्ताऽविपरिणामिनी ॥
- अध्यात्मसार, सद्गु०

ઉત્તર: આ ઇચ્છાદિના ફળ અનુક્રમે
અનુકંપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમ છે.
તે યોગ જેનામાં છે, તેની વાત સાંભળવામાં
પ્રેમપૂર્વક સ્થિર પરિણામ હોવો, તે 'ઇચ્છા' કહેવાય છે.
આમ આ અવતરણમાં ઉત્તર મળે છે કે:
ઇચ્છાદિ યોગોના અનુભાવો અનુકંપાદિ છે.
ઇચ્છા હોય તેને અનુકંપા હોય એવું પ્રતિફલિત થાય છે.
ઇચ્છાયોગ પ્રમોદભાવરૂપ છે.
જ્યાં યોગોમાં સામાન્યે ઇચ્છાયોગ અનુસ્યૂત હોય છે,
ત્યાં અનુકંપા પણ સ્યૂત હોય છે.
'પ્રમોદનો અનુભાવ અનુકંપા છે' એમ પણ કહી શકાય.
નમસ્કારના સામાન્યે ઉચ્ચારણાદિ પણ ઇચ્છાયોગ છે, કેમકે
નમસ્કાર 'તદ્વત્કથા પ્રીતિયુક્તાઽવિપરિણામિની' સ્વરૂપ છે.

## સમાપત્તિ ધ્યાન

અનંતાનંત જ્ઞાન - દર્શન - ચારિત્રમય પરમાત્મસ્વરૂપની સાથે પોતાના શુદ્ધ સ્વરૂપની અત્યંત સમાનતાને લઈને 'મારામાં તે સ્વરૂપ છે, એ જ ભગવાન હું છું' એવા પ્રકારનું અભેદધ્યાન એ 'સમાપત્તિ' કહેવાય છે. યોગીજનોની એ માતા છે અને મોક્ષમાર્ગનું સાધક છે.

### તાત્વિક પ્રતિજ્ઞા કરીએ...

વીતરાગત્વાદિ સર્વ ગુણોથી 'હું યુક્ત જ છું' એ પ્રમાણે આત્મામાં પરમાત્મા સાથે પરમ સમરસીભાવ અનુભવવો.

સમત્વભાવનું સ્થાપન એ મુખ્ય પ્રતિજ્ઞા છે.

इहलोए परलोए य सन्तिमाणं अणुत्तरं तस्स ।
जइ पेच्छइ अप्पाणं तह जो सव्वे सया जीवे ॥१॥

- અનુત્તર શાંતિનાં સમરા. પૃ. ૨૯૯

અર્થ: જે પોતાના આત્માની જેમ સર્વ જીવોને જુએ છે, તેને આ લોક અને પરલોકમાં અનુત્તર શાંતિ મળે છે.

૦ જેમ પૂર્વે બિંદુમાંથી નાદ-કલા કહ્યા છે તેમ અપેક્ષા કે પરિભાષાના ભેદથી નાદને જ પરબ્રહ્મરૂપે માનીને તેમાંથી બિંદુ અને કલાની ઉત્પત્તિ ગણાવી શકાય.

અર્ધમાત્રાને સેતુ રૂપે જણાવી છે, તે બરાબર છે.

## નમો મંત્ર વડે...

નમો મંત્ર વડે મનને સાધક આત્મા
મનની આધીનતામાંથી મુક્ત થઈ આત્માનો સાધક બને છે.
'મન'માં ચંદ્ર અને 'નમો'માં સૂર્ય મુખ્ય બને છે.
ચંદ્ર એ મનની અને સૂર્ય એ આત્માની સંજ્ઞા છે.
નમો મંત્ર વડે સહજમલનો હ્રાસ થાય, તથાભવ્યત્વનો
પરિપાક થાય છે, વિષયોથી વિમુખતા જન્મે છે અને
પંચ પરમેષ્ઠિઓ તરફ સન્મુખતા જાગે છે.
આ મંત્રથી સન્માનનું દાન અને આત્માનું સંપ્રદાન થાય છે.
નમો મંત્ર વડે મોહવિષનો અપહાર થાય છે,
કર્મરોગની ચિકિત્સા થાય છે, ભવભયનું ત્રાણ થાય છે.
નમો મંત્ર દ્વારા મન મતંગજ વશ થાય છે, મન તુરંગમ
કાબુમાં આવે છે અને મન વાનર અંકુશમાં આવે છે.
નમો મંત્ર વડે બાહ્યાંતર તપ, સ્વાધ્યાય અને
ઈશ્વરનું પ્રણિધાન પણ સહજ રીતે જ સધાઈ શકે છે.
નમો મંત્રથી વિનય, વિવેક અને વૈરાગ્ય જાગ્રત થાય છે
તથા સ્વ દુષ્કૃતગર્હા, સર્વ સુકૃત અનુમોદના, અરિહંતાદિ
ચાર શરણ સધાય છે. નમો મંત્ર વડે ઇચ્છાયોગ,
શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ સિદ્ધ થાય છે – સ્થાનયોગ,

વર્ણયોગ, અર્થયોગ અને આલંબનયોગ સધાય છે. નમો મંત્ર વડે પ્રીતિયોગ, ભક્તિયોગ, વચનયોગ અને અસંગયોગ સધાય છે તથા ઇચ્છાયોગ, પ્રવૃત્તિયોગ, સ્થૈર્યયોગ અને સિદ્ધિયોગ પણ સધાય છે. નમો મંત્ર એ નાદ, કળા અને બિન્દુની સાધનાનું પ્રતીક છે તથા આત્માને પરિઘમાંથી છોડાવી કેન્દ્રબિન્દુ તરફ વાળે છે.

મોક્ષ માટેનો ટૂંકામાં ટૂંકો માર્ગ

અરિહંતાદિ ચારનું શરણું લેવું,

સિદ્ધાદિ પાંચ પરમેષ્ઠિઓનું ચિન્તન કરવું અને મહાત્માઓના ગુણોનું આત્મામાં અધ્યારોપણ કરવું.

o પંચ કલ્યાણકની ભાવના

સર્વસિદ્ધિ, સર્વબુદ્ધિ, સર્વમહાસંપત્તિદાયક છે.

o ઔષધશાળા, દાનશાળા, ભોજનશાળા, પ્રાહુણશાળા, ધર્મશાળા, વિદ્યાશાળા, જ્ઞાનશાળા, પૌષધશાળા વગેરે કલ્યાણકના કલ્પવૃક્ષ અને મંગળના મહોદધિ છે.

ચમરેન્દ્રો, કલ્પેન્દ્રો, સુરેન્દ્રો, જ્યોતિષ્કેન્દ્રો, વ્યંતરેન્દ્રો, ભવનેન્દ્રો, અસુરેન્દ્રો, દેવેન્દ્રો, ખગેન્દ્રો, મૃગેન્દ્રો વગેરે પણ આ મંગળની સેવના કરે છે, જેની પ્રાપ્તિથી દુઃખ, દારિદ્ર્ય, દૌર્ભાગ્ય, દુર્નિમિત્ત, દુરિતાદિ, ઈતિ, ભીતિ, રોગ,

શોક, ભય, સંતાપ, ક્લેશ, દુઃખ, દુર્ભાગ્ય, દૌર્મનસ્ય આદિ દુર્ભાવો ટળે છે. આ માટે ભવસંતાપહારિણી, સકલ સંશયની છેદિની, કર્મદાવનિવારિણી, મોહતિમિરહરણી, સર્વ જગ સંજીવની, સર્વ પ્રાણી સર્વોદયકારિણી એવા વિનય, વિવેક અને વાત્સલ્યભાવના ધારણ કરવા અત્યંત આવશ્યક છે.

## મનુષ્યના આયુષ્યના બંધના હેતુઓ

આરંભ - સમારંભ અટકાવવા દયા - દાનનું આચરણ કરો. ધનની મૂર્છા ઘટાડવા ઈંદ્રિયદમન ઉપાય છે. વિષયાકર્ષણ ઘટાડવા ક્ષમાશીલ થવું અને ક્રોધાદિ કષાયના પ્રભાવથી બચવા માટે ઉપશમ ધર્મ કે સમતા આચરવી. પૃથ્વી પર મનુષ્ય સંખ્યાની અલ્પતાનું મુખ્ય કારણ છે દુષ્કૃતની બહુલતા-સુકૃતની અલ્પતા. માટે જ અરિહંતને ધ્યાવો.

## અરિહંતો શું શું કરે છે?

અરિહંતોના દર્શનમાત્રથી દુઃખ, દારિદ્ર્ય, દૌર્ભાગ્ય, દુર્નિમિત્ત અને દુરિતો દૂર થઈને દિવ્ય દૃષ્ટિસુખની પ્રાપ્તિ થાય છે. તેમનું વંદન વાસના, વિકારો, વિપદાઓનો વિધ્વંસ કરે છે. તેઓ સૌમાં વિનય, વિવેક, વાત્સલ્યને વિકસિત કરે છે. તેમનું પૂજન પાપોનો નાશ કરીને પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કરાવે છે અને પરમ મહોદય પદને અપાવે છે.

સર્વ જીવોના આત્મોદ્ધાર માટે અરિહંતોની કાર્યક્ષેત્રમાં
થતી ક્રમસર પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે ગણાવી શકાય:

(૧) સંઘનું સંસ્થાપન કરે છે. (૨) નવપદનું નિર્માણ કરે છે.
(૩) સિદ્ધચક્રનું સર્જન કરે છે. (૪) સમકિતીને સંયોજે છે.
(૫) પ્રવૃત્તિધર્મનું પ્રવર્તાવે છે. (૬) ધર્મોપકરણો સર્જે છે.
(૭) નિવૃત્તિધર્મ નિયોજે છે. (૮) પંચપરમેષ્ઠિપદ પ્રાદુર્ભાવે છે.
(૯) પ્રાણીમાત્રના હિતની ચિંતારૂપ મૈત્રીભાવની ભૂમિકા ઉપર અહિંસા, સંયમ અને તપની આરાધના કરે છે.
(૧૦) વિષયવાસના, કષાયપાશ, આર્તરૌદ્ર ધ્યાન, અહિત, આત્મશ્લાઘા, અશુભ - અમંગલ ચિંતવન, માન, પ્રતિષ્ઠા, લોકૈષણા, નામના, ખ્યાતિ, કીર્તિ, કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ, આહાર, ભય, મૈથુન, પરિગ્રહની સંજ્ઞા, આરંભ, સમારંભ, કામ, ક્રોધ, લોભ, મદ, માયા, મિથ્યાત્વ, નિયાણું, દોષારોપણ, અસૂયા, ઈર્ષા, ક્રોધ, દર્પ, પરાપકાર, અવિનય, આશાતના, અનાદર, અનુચિત આચરણ, ઉત્સૂત્રભાષણ, દંભ, મતાગ્રહ, ધર્મ વ્યાઘાત, અસહનશીલતા, ક્ષુદ્રતા, વૈર, વિરોધ, કટુભાષણ, અભ્યાખ્યાન, પરનિંદા, પૈશુન્ય, કલહ, હીનયોગ, અતિયોગ, વિપરીતયોગ, વિકથા, અભક્ષ્યભક્ષણ, અપેયપાન, અગમ્યગમન, ઉન્માર્ગ પ્રવર્તન અને વિવાદથી

સર્વ અરિહંતો સર્વકાળે, સર્વને તારે છે.

## ધર્મ દેશના

(૧) વિશ્વવ્યવસ્થા, 'ઉપન્નેઇ વા, વિગમેઇ વા, ધુવેઇ વા'ના સિદ્ધાંત અને પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, પાંચ સમવાય, ઉપયોગ લક્ષણ, પાંચ ભાવ તથા પંચપરમેષ્ઠિ ઉપર છે.

(૨) તે નિગોદની નિત્ય ફાંસી, નરકની નિરંતર વેદના, તિર્યંચના સતત ત્રાસ, માનવના મહાસંતાપ તથા દેવના દુઃખપ્રદ સુખ ઉપકરણ અને અધિકરણવૃત્તિને આધીન છે.

(૩) પરોપકારના પ્રબળ વિચારોના પ્રબળ નિયમો જે છે:
પરહિતચિંતાની વૃત્તિ અને પરોપકારની પ્રવૃત્તિ.

(૪) આત્માનુસંધાન કરવા માટે વ્યક્તિએ સદા - સર્વદા
સત્ય અને તત્ત્વનું અનુસંધાન કરવું જોઈએ.

(૫) જીવ, પુદ્ગલ અને આશ્રવ - એ ૩ ઉપાદેય છે.
અજીવ, પાપ અને સંવર - એ ૩ ભેદ છે.

(૬) ઉદારતા, પરોપકારિતા, સહિષ્ણુતા, સરળતા, મધુરતા, ગંભીરતા, વત્સલતા અને આર્જવતા આવશ્યક ગુણો છે.

(૭) પાંચ અસ્તિકાય, સપ્તનય, પાંચ જ્ઞાન, સપ્તભંગી, પાંચ સમવાય, અષ્ટકર્મ, પાંચ ચારિત્ર, અષ્ટસિદ્ધિ, છ દ્રવ્ય, ૯ લબ્ધિ, ૬ લેશ્યા, ૯ તત્ત્વ, ૬ જીવનિકાય, ૧૦ ધર્મ, ૧૧ પ્રતિમા અને ૧૨ તપનું સમ્યક્જ્ઞાન અનિવાર્ય છે.

(૮) અનાત્મવૃત્તિના નિરોધ માટે સમિતિ અને આત્મભાવમાં સ્થિર થવા માટે ગુપ્તિનું આલંબન છે.

(૯) નવવિધ બ્રહ્મચર્ય, દશવિધ યતિધર્મ, ૧૭ પ્રકારે સંયમ, ૧૮૦૦૦ શીલાંગ, દ્વાદશવિધ તપ, દ્વાદશ અનુપ્રેક્ષા, દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક નય, નવ ક્ષાયિક સંપત્તિરૂપી નવનિધિ, નિકાચિત કર્મોનું નિકંદન કરનાર નવપદ, સૌને આઘાતથી બચાવનાર અનાહત, અજ્ઞાન અંધકારમાં દીવાદાંડી સમાન અષ્ટ ગુરુપાદુકાઓનું પૂજન-અર્ચન-વંદન કરવું જોઈએ.

(૧૦) નવકારની આરાધના એ સાધનાઓનું સાધ્યબિન્દુ, જ્ઞાનીઓનું સંધિબિંદુ અને ધ્યાનીઓનું ધ્યેયબિન્દુ છે.

(૧૧) દેવેન્દ્ર, યોગીન્દ્ર, મુનીન્દ્ર, જિનેન્દ્ર, શ્રુતધર, પૂર્વધર, લબ્ધિધર, વિદ્યાધરની પદવીઓ ઉગ્ર તપથી પ્રાપ્ત થાય. અનંત, અનુત્તર, અખંડઆનંદના ધામરૂપ સિદ્ધપદ પણ છ બાહ્ય તથા છ અભ્યંતર તપ ભાવપૂર્વક કરવાથી મળે.

(૧૨) 'નમો અરિહંતાણં'માં નમો એ મૂળ,
અરિહં એ શાખા અને તાણં એ પલ્લવ છે.

આ પદના સતત જાપથી પ્રાપ્ત થતી ચિત્તની શાંતિ એ પુષ્પ (સમતા) અને ઇષ્ટનો સાક્ષાત્કાર એ ફળ (મોક્ષ) છે.
મંત્ર એ મન, મૂર્તિ એ ચિત્ત અને શાસ્ત્ર એ બુદ્ધિ છે.

૦ માનવ દેહમાં દિલ દયા માટે, હાથ દાન માટે,
દૃષ્ટિ દર્શન માટે અને પગ યાત્રા માટે સર્જીને આપ્યા છે.
દિલની દયા દાનમાં વહેતી મૂકી દેહને દેવાલય બનાવી શકાય.
હિંસા અને ક્રૂરતા એ દેવાલય બનવા માટે યોગ્ય એવા
મનુષ્યના આ દેહને સ્મશાન અને કબ્રસ્તાન બનાવી છે.
મનુષ્યના દેહને પવિત્ર રાખવા દિન-રાત મંત્રજાપ કરવા.

ૐ હ્રીં અર્હં નમઃ। એ ગૂઢ મંત્ર છે.

હ્રીં બીજ, અર્હં શાખા, નમઃ પલ્લવ, શાંતિ પુષ્પ અને
આત્મસાક્ષાત્કાર એ ફળ છે. મંત્રજાપનું આ ગૂઢ રહસ્ય છે.

## નાદ અને બિન્દુ

નામ વસ્તુતંત્ર છે અને જાપ પુરુષતંત્ર છે.
હસવું અને રડવું જેમ હૃદયથી થાય છે,
તેમ નામનો જાપ અને રૂપનું ધ્યાન હૃદયથી જ થવું જોઈએ.
'નમો અરિહંતાણં' એ પદો વડે નામનો જાપ થાય છે અને
દ્રવ્ય-ગુણ-પર્યાયથી શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન થાય છે.
સ્વરૂપનું ધ્યાન અને દર્શન થવું, એ જાપનું જ ફળ છે.
અરિહંતકે સ્વરૂપ પ્રત્યે નમ્ર બનવું એ નિર્ભયતાનો માર્ગ છે.
ચારિત્ર એટલે કષાયજય. નમસ્કાર મહામંત્રમાં કષાયજય
અને તેના ઉપાયભૂત એવા મૈત્ર્યાદિ ભાવોની પ્રતિષ્ઠા છે.

The supreme one manifested in the form of Sound is શબ્દબ્રહ્મ. Sound is as great as the supreme one. 'વાક્વૈ બ્રહ્મ ।' વેદાન્તમાં જેને નામ અને રૂપ કહે છે, તેને તંત્રમાં નાદ અને બિંદુ કહેલ છે. નામ, નાદ, વાક્, શબ્દ એકાર્થક છે. યોગ અને તંત્ર એ બ્રહ્મવિદ્યાનો અભ્યાસ કરવાનાં સાધન છે.

નામનો જપ અને રૂપનું ધ્યાન કરવું છે.

જીભ પર પ્રભુનું નામ અને અંતઃકરણમાં પ્રભુનું ધ્યાન.
ધ્વનિરૂપે પ્રગટ થતી દિવ્યશક્તિને જ 'મંત્રદેવતા' કહે છે.
સર્વ મંત્રોનું ધ્યેય કુંડલિનીની શક્તિને જાગ્રત કરી, તેને સહસ્રાર - બ્રહ્મરન્ધ્ર ચક્રમાં લઈ જઈ શક્તિરૂપ જીવ અને બ્રહ્મરૂપ શિવની એકતા સિદ્ધ કરી લેવાનું છે.

0 અનેકનો અંત તે અનેકાન્ત.

આત્મા અને કર્મ એ બેના યોગનો અંત અર્થાત્
આત્મા અદ્વૈત સ્વરૂપે, શુદ્ધ સ્વરૂપે પ્રકાશે તે અનેકાન્ત.
સત્ય એક છે, અસત્ય અનેક છે.
અનેક અસત્યનો અંત તે અનેકાન્ત.
અદ્વૈત મંત્રાલયમાં અનેકનો અંત આવે છે અને
અંતે એક તત્ત્વ પ્રકાશિત ઊઠે છે.

જ્ઞાન વસ્તુતંત્ર છે અને ધ્યાન પુરુષતંત્ર છે.
નામ પ્રભુનું અને ધ્યાન સ્વરૂપનું જોઈએ.
એકતામાં જીવન છે અને ભિન્નતામાં મરણ છે.

| | | | | |
|---|---|---|---|---|
| અંગુઠ | = | પૃથ્વીતત્ત્વ | = | દેહ |
| તર્જની | = | જલતત્ત્વ | = | પ્રાણ |
| મધ્યમા | = | અગ્નિતત્ત્વ | = | મન |
| અનામિકા | = | વાયુતત્ત્વ | = | બુદ્ધિ |
| કનિષ્ઠિકા | = | આકાશતત્ત્વ | = | આત્મા. |

ત્રણ પ્રકારના યોગ

જ્ઞાન, ભક્તિ અને કર્મ

પ્રભુ સાથે એક થવાની ક્રિયા એટલે 'યોગ'. કર્મયોગ = સતતાભ્યાસ, ભક્તિયોગ = વિશ્વાભ્યાસ તથા જ્ઞાનયોગ = બ્રહ્માભ્યાસ. સંધ્યા, સંધિ, યોગ એકાર્થક છે. કર્મ, ભક્તિ અને જ્ઞાનથી પ્રભુ સાથે અનુસંધાન થાય છે. 'પ્રભુ સહાય કરે છે' તેનો અર્થ 'પોતાનું જ શુદ્ધ સ્વરૂપ પોતાને સહાય કરે છે' એમ સમજવું. આત્મા પોતે જ સિદ્ધ છે, પછી તેને બાહ્ય કોઈ સિદ્ધિની જરૂર ક્યાં છે?

અરિહંતાદિ પરમેષ્ઠિઓ પોતાના આત્માનું જ ઉજ્જ્વલ સ્વરૂપ છે, તેથી 'તેમના શરણે જવું'

એ તત્ત્વ 'પોતાના આત્માના જ શરણે જવું'
એ અર્થમાં પ્રભુનું શરણ સૌને તત્કાળ શાંતિ સમર્પે છે.
દુઃખમાં શોક અને સુખમાં મોહ નિવારવા સુખ-દુઃખરહિત
અવસ્થાવાળા તત્ત્વને યાદ કરવું, એ ઉત્તમ ઉપાય છે.

દુઃખ નિવારવાનો ઉપાય

"પોતે કાંઈ જ નથી. જે છે, તે 'તે' જ છે."

સુખ મેળવવાનો ઉપાય

'પોતે સર્વત્ર - સર્વ રૂપ છે.'

એક ઉપાયથી દુઃખનો અભાવ મળે છે.
બીજા ઉપાયથી સુખાનંદ - નિમગ્નતા મળે છે.

0 મૂર્તિ અને મંત્ર એ સાધન છે, સ્વરૂપ એ સાધ્ય છે.

अर्हं વડે આત્માનું ધ્યાન થાય છે.

ॐ વડે કર્મદાહ અથવા વિભાવનાશ થાય છે અને
ह्रीँ વડે અમૃતપ્લાવન અથવા પરમાનંદની પ્રાપ્તિ થાય છે.
अर्हं એ કુંડલિની ઉદ્‌ઘાટક અવયવ છે, તે પરાવાણી છે.

અધોરેફ તે અધોમુખ શક્તિ છે અને
ઉર્ધ્વરેફ તે ઉર્ધ્વમુખગામન છે.

अक्खर आइ अमारं हकार मंतक्खरं च अन्ति |
मज्झे बिंदु समुब्भवरभावाय मुणिदं अरहं ||१||

(પરિશિષ્ટ-૩૪)

સરસ્વતી - વર્ણમાળા તે આત્માનું વાઙ્મય સ્વરૂપ કે
પરસ્થસ્વરૂપ છે, તેથી અર્હં અને સરસ્વતી એક જ છે.
કુંડલિની, સરસ્વતી અને અર્હં-બ્રહ્મ બાવન વર્ણસ્વરૂપ છે.

મંત્રા વર્ણાત્મકાઃ વર્ણાઃ શિવાત્મકાઃ ।

<u>અર્થાત્</u>: મંત્રો વર્ણાત્મક છે, વર્ણો શિવાત્મક છે.

ચૈતન્યસંકોચનં ચિત્તં ।

<u>અર્થાત્</u>: ચૈતન્યનો સંકોચ કરવો, તે 'ચિત્ત' છે.

'સદ્દેશના યોગ્યતા પરમાત્મા આપે છે.
તેનો અર્થ પરમાત્માની યોગ્યતાથી પ્રાપ્ત થાય છે.'

કર્મનો ઉદય એટલે વૃત્તિ અને ઉપશમ એટલે નિરોધ.
ઉપશમમાં પ્રયત્ન છે, ઉદયમાં સહજતા છે.

'ધર્મ ક્ષાયોપશમિક ભાવ છે'
તેનો અર્થ એ થયો કે
ધર્મને આવૃત્ત કરનાર કેટલાક વૃત્તિઓનો ઉદય થયો છે.
તે 'ઉપશમ' એટલે કે ઉદયપ્રાપ્ત વૃત્તિના નિરોધથી ટકે છે.

<u>સત્તામાં રહેલાં કર્મોને</u>
<u>શુભની અનુમોદના દ્વારા ઉદ્વર્તના કે સ્થિતિરસમાં વૃદ્ધિ</u>
<u>તથા અશુભની નિંદા દ્વારા અપવર્તના કે સ્થિતિરસમાં ઘટાડો</u>
<u>અને અશુભનું શુભમાં સંક્રમણ વગેરે કરી શકાય છે.</u>

o કાયા - કાશી, મન - મથુરા અને દિલ - દ્વારિકા;
ત્રણે તીર્થ એક જ પિંડમાં છે.

માનવદેહરૂપી ઈન્ડીપેનની નીબના સ્થાને મનુષ્યનું મન છે.
તેને જો સાચવીને વાપરવાનું ન ફાવ્યું,
તો તેને ખરાબ થઈ જતાં જરાપણ વાર લાગતી નથી.
જતનપૂર્વક મનનો વપરાશ જ તેને સાચવવાની કળા છે.
મનનો શ્રેષ્ઠ ઉપયોગ જતનપણાના વ્યાપારમાં રહેલો છે.

o શક્તિ અમાવાસ્યાવત્ શોષણ કરે છે.
શિવ પૂર્ણિમાવત્ પોષણ કરે છે.
બાહ્યરૂપ અંતર્મુખ કરે, અભ્યંતર રૂપ ઉર્ધ્વમુખ કરે છે.

o अक्षरत्वात् वरेण्यत्वात् धूतसंसार-बन्धनात् ।
तत्त्वमस्यादि लक्ष्यत्वात् अवधूत इतीर्यते ॥१॥
- अवधूत उपनिषद्

અર્થ: अ - ક્ષય નહિ પામનાર હોવાથી,
વ - પૂજ્ય હોવાથી, ધૂ - સંસાર બંધનથી મુક્ત હોવાથી,
ત - 'તત્ત્વમસિ' આદિ લક્ષ્ય હોવાથી
'અવધૂત' કહેવાય છે.

भवतापेन तप्तानां, योगो हि परमौषधम् । અર્થ:
સંસારતાપથી તપેલા જીવોને યોગસાધના જ શ્રેષ્ઠ ઔષધ.

## સંન્યાસી અને સંસારી

સંન્યાસી તે છે, જે બજારની સલાહ છોડે છે.
સંસારી તે છે, જે બજારનું શરણું લે છે.
સત્યના સાક્ષાત્કારનું પ્રથમ સૂત્ર છે કે:
'તું આત્માનું શરણ લે.'
પ્રેમનું લક્ષણ બીજા પહેલાં અને પછી પોતે.
બીજાને દુઃખ દેવાની અસમર્થતા, તે પ્રેમ છે.
આનંદ એ પ્રેમનું જ બીજું સ્વરૂપ છે.
ચિત્ત પરિગ્રહ ઉપર દોડતું હોય ત્યારે જાણવું કે પ્રેમની કમી છે. જેટલો પ્રેમ ઓછો, તેટલી પરિગ્રહની આકાંક્ષા વધુ. પરિગ્રહનો સંકોચ પ્રેમ વિસ્તારે છે. પ્રેમ પરિગ્રહત્યાગી છે!
ચિત્તને શાંતિ જોઈતી હોય તો અંતરમાં ઊંડા જાઓ,
ત્યાં જ શાંતિની પરિપ્લુતિ અનુભવાશે.
સૃષ્ટિની રહસ્યમયતા એક અત્યંત સુંદર સત્ય છે,
જેનો મનુષ્યને અનુભવ થઈ શકે, કિન્તુ
તેને સમજવાની આપણામાં પૂરી શક્તિ નથી.
એ એવું કાંઈક અસ્તિત્વ ધરાવે છે,
એ ભાન જ સાચી ધાર્મિકતાનું એક ઘટક તત્ત્વ છે.
માનવનો સમગ્ર પ્રયાસ જેની પાસે તદ્દન ક્ષુલ્લક અને

અર્થહીન લાગે એવા પરાબુદ્ધિની પ્રતીતિ આપતા પ્રકૃતિના નિયમોમાં જે સંવાદિતા છે, તેના દર્શનથી જે આહ્લાદમય આશ્ચર્ય થાય છે, તે ધાર્મિકતાના સામાન્ય ભાન કરતાં કંઈ કેટલાંય ગણું ચડીયાતું છે. - <u>આલ્બર્ટ આઈન્સ્ટાઈન</u>

o પરમાત્માના અનુગ્રહ અને અનુરાગથી

ખાબોચીયું એ સાગર, કુરંગ એ કેસરી, કાંકરો એ મેરુ, આકડાનું વૃક્ષ એ કલ્પવૃક્ષ, કાચ એ ચિન્તામણિ અને રાસભ એ ઐરાવણ બની શકે છે.

ભગવાન કૃપાસાધ્ય છે, સાધન સાધ્ય નહિ.

કૃપા ભક્તિલભ્ય છે, જ્ઞાનલભ્ય નહિ.

ભક્તિ કૃતજ્ઞતાલભ્ય છે, બોલલભ્ય નહિ.

तितिक्षया करुणया मैत्र्या चाखिलजन्तुषु ।
समत्वेन च सर्वात्मा भगवान् संप्रसीदति ॥१॥

<u>અર્થાત્</u>: બધા જીવો પ્રત્યે ક્ષમા, કરુણા અને મૈત્રીથી તથા બધી રીતે સમતા ધારણ કરવાથી ભગવાન પ્રસન્ન થાય છે.

संप्रसन्ने भगवति पुरुषः प्राकृतैर्गुणैः ।
विमुक्तो जीवनिर्मुक्तो ब्रह्म निर्वाणमृच्छति ॥

<u>અર્થાત્</u>: ભગવાન પ્રસન્ન થયે છતે

પ્રાકૃતિક ગુણો વડે મુક્ત થયેલો આત્મા નિર્વાણ પામે છે.

## વૈરાગ્ય અને ઉત્સાહ

અનિત્યાદિના વિચારથી વૈરાગ્ય વધે છે.

નિત્ય આદિના વિચારથી ઉત્સાહ વધે છે.

વૈરાગ્યથી આસક્તિ ઘટે છે, અભ્યાસથી ઉત્સાહ વધે છે.

વૈરાગ્ય માટે દોષનું તથા ઉત્સાહ માટે ગુણનું દર્શન જરૂરી છે.

જડમાં દોષ અને ચૈતન્યમાં ગુણ રહેલાં જ છે.

તેના તરફ તે પ્રકારની દૃષ્ટિ થવાની જ ફક્ત જરૂર છે.

જડમાં દોષને જોવાથી રાગવાસના નષ્ટ થાય છે.

ચૈતન્યમાં ગુણ જોવાથી દ્વેષવાસના વિલીન થાય છે.

જડ એ અનિત્ય, દુઃખ અને અનર્થસ્વરૂપ છે.

ચેતન એ નિત્ય, સુખ અને સારસ્વરૂપ છે.

પરમાત્માનું પ્રધાનકાર્ય સ્વરૂપનું ભાન કરાવવું તે છે. સ્વરૂપની સાથે એકાકાર થતાં જે અવસ્થા પ્રાપ્ત થાય છે, તે જ ઉદ્દેશ્યતમ છે. પરમાત્માના અવલંબને પોતાની અંદર સ્વરૂપ પ્રકાશે, તેની ધ્રુવસ્મૃતિ એ જ સમાધિ અને એ અમૃતબોધ છે, જેમાંથી જગમાત્ર પ્રત્યે અમૃત વરસે છે.

શુદ્ધ સ્વભાવ તે પુરુષ, વિભાવ તે કુંડલિની,

પુણ્ય તે કુંડલિનીનો ઊર્ધ્વમુખી સત્વાત્મક અંશ,

પાપ તે અધોમુખી વિક્ષેપક અંશ,

પ્રકૃતિનું બંધન એ અવિદ્યા છે.

મૂળાધારમાં સ્વરૂપનું પ્રથમ મિલન છે.
સહસ્રારમાં સ્વરૂપાવસ્થાન છે - મિલન છે.

## ન્યાય અને માર્ગ

માર્ગાનુસારી = લૌકિક પરિભાષા, માર્ગ = રત્નત્રય,
રત્નત્રય = ન્યાય, ન્યાય = આત્મૌપમ્યભાવ
માર્ગ = ન્યાય, આત્મૌપમ્યભાવ = રત્નત્રય.

શરીર છે ત્યાં સુધી છાયા છે, મન છે ત્યાં સુધી માયા છે. જેમ કાયા પ્રભુને નમાવીએ ત્યારે છાયા કાયામાં સમાય છે, તેમ મન પ્રભુમાં જોડીએ ત્યારે જ માયા જાય છે. ઘરડા માણસને લાકડીની જરૂર છે, તેથી અધિક જરૂર જીવને પ્રભુ કૃપાની, પ્રભુ સહાયની તથા પ્રભુના આલંબનની છે. પ્રભુનામ હીરો છે પણ તેની કિંમત ઝવેરી જ સમજી શકે. પ્રભુનામ હાથી છે પણ તેનું દાન પુણ્યવંત જ લઈ શકે.

સ્વાર્થ સાથે પરાર્થ સાધવો તે નીતિ છે,
સ્વાર્થના ભોગે પરાર્થ સાધવો તે ધર્મ છે, કિન્તુ
સ્વાર્થને સર્વથા વિલીન કરવો તે તો પૂર્ણ અધ્યાત્મ છે.

ગુણવાનને નમવાથી ગુણ તરફ પક્ષપાત દર્શાવાય છે. વંદનથી પક્ષપાત હોય તો વધે છે, ન હોય તો જાગે છે.
પક્ષપાત એ ધર્મનું પ્રથમ પગથિયું છે.

## કર્તૃત્વ શક્તિ

કર્માણુઓ અને તેઓના બન્ધ - ઉદયાદિમાં ઉપકૃત દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવની સાથે પરસ્પર અનુવૃત્તિ ચેષ્ટારૂપ સંયોગ - સંબંધની યોગ્યતા અને તે પ્રતિ પ્રવૃત્તતા, એ જ આત્માની ખરી કર્તૃત્વશક્તિ છે.

સ્વરૂપયોગ્યતા - કારણસત્તા.

ફલોપધાયકતા - કાર્યસત્તા.

ધર્મ એ કર્તૃતંત્ર (પુરુષતંત્ર) છે અને નામ એ વસ્તુતંત્ર છે, તેમ ધ્યાન એ કર્તૃતંત્ર અને ભાવ એ વસ્તુતંત્ર છે.

## નામજપનો મહિમા

ગુરુ તથા શાસ્ત્ર દ્વારા આત્માનું પરોક્ષજ્ઞાન થયા પછી તેને અપરોક્ષ બનાવવા મળવિક્ષેપનો નાશ થવો જોઈએ,

જે પ્રભુના નામસ્મરણાદિ થાય છે.

અપરોક્ષ જ્ઞાનનો ઉદય થયા પછી પણ તેને દૃઢ કરવા માટે અર્થના અનુસંધાનપૂર્વક નામસ્મરણ કરવું જોઈએ.

જીભ ઉપર પ્રભુનું નામ અને

અંતઃકરણમાં સ્વરૂપનું ધ્યાન જીવનને ધન્ય બનાવે છે.

અનન્યભાવની ભૂમિકામાં પહોંચતા જાપકને 'પોતે જ એ મંત્રનો દેવ છે' એવો અનુભવ થઈ દ્વૈતભાવ જતો રહે છે.

આ રીતે સાકાર સાથે અભેદ થયા વિના
નિરાકાર અચિન્ત્યપદની પ્રાપ્તિના અધિકારી થવાતું નથી.
જે વાસનાનો નાશ ઉગ્ર તપ તથા વૈરાગ્ય વડે કરવો પડે છે,
તે નામમાત્રના ઘોષથી થઈ જાય છે.
નામના દશ અપરાધ અને પાપનું પ્રાયશ્ચિત પણ નામથી
થઈ જાય છે. રડવું અને હસવું જેમ હૃદયથી થાય છે,
તેમ નામસ્મરણ પણ હૃદયથી થવું જોઈએ. સુખ-દુઃખ
પ્રત્યે જેવા લાગણી છે, તેવા નામ-રૂપ પ્રત્યે થવા જોઈએ.
જ્ઞાન અને દર્શન એ બે ગુણોનો વિકાસ નામ અને રૂપથી
થાય છે. નામનો જપ અને રૂપનું ભજન સાથે જોઈએ.

## સાચી તૃપ્તિ

શૃંગારની જરૂર તો ફક્ત તેને જ પડે છે કે
જેને પોતાની સહજ સુંદરતા ઉપર વિશ્વાસ નથી.
ચિત્ત પળેપળે કોઈકનું પણ શરણ શોધતું જ રહે છે.
આ જ એની ચંચળતા છે અને એની વિશેષતા પણ છે.
જો એને સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વકરુણામય
તત્ત્વ સાથે જોડી દેવાય, તો જ તે અત્યંત તૃપ્તિ અનુભવે.
મનુષ્ય પોતાના વાંકા અક્ષરોને ફેરવીને સીધા કરી શકે છે,
તેમ પોતાના વાંકા વિચારોને પણ બદલીને સીધા કરી શકે છે.

## શાંતિ અને પ્રેમ

જે સાધક રોજ રાજયોગમાં સૌનું ભલું ચાહે છે અને
જે ભાવિક ફક્ત સૌની ભલાઈમાં જ રાચે છે,
તે પુણ્યશાળી સાધક જ પ્રભુના દર્શન પામે છે અને
તેને જ અંતે આત્મૈક્ય પ્રાપ્ત થાય છે.
નિત્ય સુખ એ મનુષ્યમાત્રનું સર્વોચ્ચ લક્ષ્ય છે અને
તે કેવળ આત્મામાં જ પ્રાપ્ત થાય છે.
એકાગ્રતા-ધ્યાન દ્વારા શાંતિની શોધ અંતરમાં કરવાની છે.
જે મનુષ્ય પોતાનું મન ધ્યાનમાં રોકી શકતો નથી,
તેને આત્મલાભ પ્રાપ્ત થતું નથી અને
તેને માનસિક શાંતિ કે સુખ પણ અલભ્ય બને છે.
પ્રેમ અને શાંતિ - એ બે એક જ છે.
જ્યાં પ્રેમ ત્યાં શાંતિ અને જ્યાં શાંતિ ત્યાં પ્રેમ.
સર્વ આત્માની એકતાનું દર્શન શાંતિ મેળવી આપે છે.

°

જાતીયતાની પ્રતિપક્ષી વસ્તુ અજાતીયતા છે.
Only the universality can conquer the individuality. Sex can be conquered by love for the all. Universal love is the only remedy for one's individual self.

આપણો આત્મા વસ્તુતઃ ઈશ્વર છે, તેથી 'ઈશ્વરનું શરણ
સતત સ્વીકારી ઈશ્વર થવાય' એ વાત યુક્તિગમ્ય જ છે.
દરેક ધર્મક્રિયાનો સાર પણ 'ઈશ્વર થવું' તે જ છે.
સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય પણ જીવ-શિવની એકતા બતાવે છે.

તે જ કારણે સર્વ શાસ્ત્રો અને સર્વ ધર્મો
ઈશ્વરના નામસ્મરણનો મહિમા એકસરખો વર્ણવે છે.
નવકાર એ જિનશાસનનો અને ચૌદ પૂર્વોનો ઉદ્ધાર છે,

કારણકે તેના શરણથી ઈશ્વરમય થવાય છે.
નામમાં ચક્ષુ અને શ્રોત્ર ઉભયનું આકર્ષણ છે. નામ ભજન
માટે છે. ઈશ્વરનું ભજન શુદ્ધ આત્માના ભજન માટે છે.
ભજન માટે પ્રબળ બે ઇંદ્રિયો - શ્રોત્ર અને ચક્ષુ છે.

નામગ્રહણમાં તે બે ઇંદ્રિયોનો નિગ્રહ થાય છે.
નામગ્રહણ સુટેવ હોવાથી તે સ્વભાવરૂપ બની જાય છે.

## Conviction and Practice

Right conviction and constant practice are two of the most importact factors to reach the divine. Right conviction is the fruit of the scriptuters and right practice that of rites and rituals.

## <u>રસોના ભાવો</u>

રતિ - શૃંગારરસ = સંયોગવિયોગપૂર્વક ઇચ્છા.
વાત્સલ્યરસ = સ્નેહ, સ્વામિભક્તિ, મૈત્રી આદિ.
ક્રોધ - રૌદ્રરસ = અપકારથી થતું મનનું પ્રજ્વલન.
હાસ - હાસ્યરસ = વિકૃત વેષાદિ દર્શનથી થતો ભાવ.
શોક - કરુણરસ = ઇષ્ટવિયોગ - અનિષ્ટસંયોગથી થતો ભાવ.
ભય - ભયાનકરસ = અનર્થની શંકા - faith in evil.
જુગુપ્સા - બીભત્સરસ = વિષયો - શરીરની અશુચિનો ભાવ.
વિસ્મય - અદ્‌ભુતરસ = આત્મા - કર્મની શક્તિનું ભાન.
ઉત્સાહ - વીરરસ = કુશળ - શત્રુને પરાસ્ત કરવાનો તથા
વીરરસ એટલે કે દીન - દુઃખીયાને સહાય કરવાનો વેગ.
શમ - શાંતરસ = સંસાર અને મોક્ષનું સ્વરૂપ વિચારવાથી
થતો તૃષ્ણાક્ષયરૂપ ભાવ એ પરમ ઉપાય કે સાધન છે.
શાંતરસના આલંબન વિભાવ સંસાર તથા મોક્ષ;
શાંતરસના ઉદ્દીપન વિભાવ સંસારના દુઃખ, મોક્ષનું સુખ;
અને અનુભાવ યમ - નિયમ આદિનું પાલન;
શાંતરસના સંચારીભાવ - શ્રદ્ધા, મેધા, ધૃતિ આદિ ભાવ છે.

o તા. ૨૯ થી ૩૧ મે, ૧૯૯૫ ૬ ગ્રહયુતિ ભારત દેશ માટે
આપત્તિકારક છે. ૨૯/૭/૧૯૯૫ થી ૧૫/૮/૧૯૯૫ સુધીના
દિવસો દુનિયા માટે ખતરનાક છે. <u>તા. ૧૬/૫/૧૯૯૫ બુધવાર</u>

## આજ્ઞા પદાર્થ

ભક્તિ એટલે ભગવાનને પ્રેમ સ્વરૂપે જોવા.
જ્ઞાન એટલે સર્વજ્ઞ આત્મસ્વરૂપના દર્શન કરવા.
શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે: 'अगुत्तो अणाणाओ।'
મનોગુપ્તિરહિત બનેલો આત્મા નિશ્ચયથી જિનાજ્ઞામાં નહિ.
મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્યભાવરહિત
સાધક મનોગુપ્તિમાં નહિ, માટે આજ્ઞામાં નહિ.
નમસ્કારમાં મૈત્ર્યાદિભાવોની પ્રશંસા છે.
'મૈત્ર્યાદિ ભાવો પાપપ્રણાશક અને ઉત્કૃષ્ટ મંગલકારક છે'
એવું નિરૂપણ નમસ્કારમહામંત્રમાં છે.
નમસ્કારમાં મૈત્ર્યાદિના ભાવવાન પંચપરમેષ્ઠિની પૂજા છે.
નમસ્કારમાં પુદ્ગલ દ્રવ્ય ઉપરના આલંબન નથી,
મમભાવનો સંકોચ અને
આત્મદ્રવ્ય - મૈત્ર્યાદિભાવોનો વિસ્તાર છે.
નમસ્કારમાં આત્મદ્રવ્યના માહાત્મ્યનું જ્ઞાન અને
આત્મદ્રવ્ય ઉપર સર્વથી અધિક સુદૃઢ સ્નેહ છે.
ધ્યાન વિહુણું જીવન તે સાધુનું જીવન ન હોઈ શકે.
વ્યવહારમાર્ગની જડ 'પરસ્પર ઉપગ્રહ'નો સિદ્ધાંત નથી,
નિશ્ચયમાર્ગની જડ 'પરસ્પર અનુગ્રહ' છે.

શ્રદ્ધાનો પાયો દેવતત્ત્વ છે, જ્ઞાનની દીવાલ ગુરુતત્ત્વ છે
તથા ચારિત્રનું છાપરું ધર્મતત્ત્વ છે. આમ જીવનમંદિરમાં
દેવ એ પાયો, ગુરુ એ દિવાલ અને ધર્મ એ છાપરું છે,
તેથી ત્રણે તત્ત્વો એકસરખાં આરાધ્ય છે.

દેવતત્ત્વ-ગુરુતત્ત્વ એ વસ્તુતંત્ર તથા સ્વરૂપસત્ કારણ છે.
ધર્મતત્ત્વ એ પુરુષ(કર્તૃ)તંત્ર સાધનાનંતર કારણ છે.
દેવ-ગુરુ અને તેમના નામાદિ ચાર એ વસ્તુતંત્ર છે.
ભક્તિ અને તેની શુભ ચેષ્ટાઓ એ કર્તૃતંત્ર છે.

ભક્તિનો સિદ્ધાંત દીનતાનો છે.
દીનતા એ ભવનિર્વેદનું બીજું નામ છે.
ભવનિર્વેદ એ ભગવદ્ બહુમાનનું બીજ છે.

પાપ એ પ્રભુઆજ્ઞાનું અપમાન અથવા તો
પ્રભુની સામે થવાનો ગુનાહિત અપરાધ છે.

ધર્મ આજ્ઞાપાલનમાં, અને અધર્મ ઇચ્છાધીનતામાં છે.
*To obey is duty and to desire is sin.*

ઇચ્છા એ આફતનું પડીકું છે, શેતાનની સહેલી છે,
મહાભારત બોજ છે. તેને સાથે લઈને ફરવું તેના કરતાં
ઇચ્છારૂપી તે બોજને શિરેથી ઉતારીને પ્રભુને સોંપી દેવું,
એ સહીસલામત અને સૌ માટે સાવ સહેલો માર્ગ છે.

It is the safest of all deposits.
It must be delivered to a fearless spot,
which is no other than God's divine will.

પાપ કરવાની શક્તિ એ માનવની છે,
તેમ માફ કરવાની શક્તિ ભગવાનની છે.

## ધર્મનું મૂળ

અનુકંપા અથવા દયા એ ધર્મનું મૂળ છે.
દયા ભાવનાં બળે જ ધર્મની સ્થાપના થઈ છે અને
દયા ભાવ વધારવા માટે જ તેનો ઉદ્દેશ છે.
દયા એટલે સ્વપરનાં દુઃખો દૂર કરવાની ભાવના.
દયામાં જ સઘળા ગુણો ઉદ્ભવે છે.
દુઃખ દુઃખ નહિ પણ પ્રભુકૃપા કે પાપથી બચવાનો ઉપાય કે
સંસારસાગરને તરવાની પતવાર છે. સુંદર કપડાંને ય
ધોવા પડે જ. ડુબતાને બચાવવા માટે વાળ ખેંચવા જ પડે.

આજ્ઞા = ભગવદ્ ઇચ્છા.

પ્રભુની ઇચ્છા બધાને પ્રભુમય બનાવવાની છે.
મન-વચન-કર્મથી પવિત્ર રહેવું એ પ્રભુનો હુકમ છે.
૯ પ્રકારનાં પુણ્ય સેવવાં અને
૧૮ પ્રકારનાં પાપ ન સેવવાં એ પ્રભુની આજ્ઞા-ઇચ્છા છે.

દયાને લીધે જ સત્ય બોલાય છે, ન્યાયવૃત્તિ ધરાય છે,
દુરાચારથી દૂર રહેવાય છે.

જગતમાં જે જે ભલા કામો કરવામાં આવે છે,
તેનું મૂળ દયામાં જ રહેલ છે.

દયાવૃત્તિના અભાવે સૌ કોઈ સ્વાર્થી બની અનેકજનોને ત્રાસ જ આપે. મૈત્રી આદિ ૪ ભાવનાઓ દયાની જ ૪ શાખાઓ છે, તેથી તેને ધર્મના મૂળ પાયા તરીકે કહેલ છે.

દયા અને શીલ સાથે સાથે જ ચાલે છે.

અહિંસાની બેન દયા એ પણ આપણો પરમ ધર્મ છે.

## બિન્દુનવક અને નવપદજી

| | | | |
|---|---|---|---|
| (૧) બિન્દુ | = નાદાદિ વિચ્યુત | - | અરિહંત |
| (૨) અર્ધચંદ્ર | = નિશાકર કલાકાર | - | સિદ્ધ |
| (૩) રોધિની | = ભાસ્કર ભાસ્વર | - | આચાર્ય |
| (૪) નાદ | = અનાહત | - | ઉપાધ્યાય |
| (૫) નાદાન્ત | = બાલાગ્ર સન્નિભ સૂક્ષ્મરેખા | - | સાધુ |
| (૬) શક્તિ | = અવ્યક્ત ગલિતરેખા | - | દર્શન |
| (૭) વ્યાપિની | = બ્રહ્મજ્યોતિ સ્વરશેષ | - | જ્ઞાન |
| (૮) સમના | = અકૃદ જ્યોતિ (કેશદશા) | - | ચારિત્ર |
| (૯) ઉન્મના | = અવ્યય (માત્રાદિ કાલસ્પર્શરહિત) | - | તપ |

અસ્તિત્વ વિસર્જિત થાય ત્યારે
આત્માની અમર્યાદ શક્તિ પ્રગટ થાય છે.

અક્ષર - વર્ણ એ જે પર્યાયથી સામાન્યવર્ણના વાચક છે.
સ્વર-વ્યંજન એ જે શબ્દો વર્ણવિશેષના વાચક છે.
લબ્ધ્યક્ષર = શ્રુત જ્ઞાનોપયોગ તથા શ્રુતાવરણનો ક્ષયોપશમ.
લબ્ધ્યક્ષર વિજ્ઞાનાત્મક હોવાથી ભાવશ્રુત છે. સંજ્ઞાક્ષર
અને વ્યંજનાક્ષર દ્રવ્યશ્રુત અને ભાવશ્રુતના કારણ છે.

અનાહત નાદ

અક્ષર = અનુપયોગમાં પણ જે ક્ષરે નહિ, તે અક્ષર.
જીવનો જ્ઞાન પરિણામરૂપ નિજ સ્વભાવ
કદી પણ ક્ષરતો (ચાલ્યો જતો) નથી,
તેથી નૈગમાદિ દ્રવ્યાસ્તિકનયથી તેને અ-ક્ષર માને છે.
દ્રવ્યાસ્તિકનયથી સર્વ ભાવોને અવસ્થિત માને છે,
તેથી તેમના મતે જ્ઞાન અવસ્થિત - અક્ષર છે.
સૂત્રમાં સર્વ જીવોને અક્ષરનો અનંતમો ભાગ નિત્ય
ઉઘાડો છે, ત્યાં અક્ષર શબ્દથી સામાન્ય જ્ઞાન કહ્યું છે.
સર્વ જ્ઞાન અક્ષર છે, તો પણ...
રૂઢિથી તો અકારાદિ વર્ણોને જ 'અક્ષર' કહેવાય છે.
વર્ણ એ શ્રુતરૂપ છે.

જેના વડે અર્થ વર્ણવાય, પ્રગટ કરાય તે વર્ણ.
જેમ રક્તાદિ વર્ણ વડે ભીંતી આદિ ઉપર ચિત્ર પ્રગટ
કરાય છે, તેમ વર્ણ વડે અર્થ પ્રકટ અને પ્રકાશિત કરાય છે.
જુદાજુદા વર્ણોથી અને તેના સંયોગોથી અનંતા અર્થોનું
પ્રતિપાદન કરે પણ સ્વયં કાંઈ ન થાય, તે અક્ષર છે.

બિંદુથી સમના સુધીનો કાળ અર્ધમાત્રાનો છે,
તેથી એ અવસ્થાને 'અર્ધમાત્ર અવસ્થા' કહેવાય છે.
સમનામાં માત્રાનો જે સૂક્ષ્મ અંશ બાકી રહે છે,
તેનો લય થતાં જ મનનો સંબંધ તુટી જાય છે.

તે પછી ઉન્મના અવસ્થા આવે છે. તેમાં મન, માત્રા,
કાળ, દિશા વગેરે કશું નથી, તેથી તે પરમાનંદની ભૂમિ છે.
નાદાન્તના ભેદન પછી દેહાત્મભાવ-દેહાધ્યાસ નાશ પામે
છે, તેથી જ નાદાનુસંધાનનું અવલંબન લેવું મહત્ત્વનું છે.

તે પછી શક્તિસ્થાન આવે છે.
અહીં દેહાત્મભાવ બિલકુલ ન હોવાથી આત્માની મહાન
શક્તિઓનો પ્રાદુર્ભાવ થાય છે, અનુભવમાં આવે છે.
બિન્દુનવકમાં બિન્દુરહિત આઠને 'નાદ' કહેવાય છે,
તો પણ ઘણા સ્થાનોમાં સંપૂર્ણ નવકને જ 'નાદ' કહેલ છે.
અનાહત નાદ જો મંત્રજાપ વડે અભિવ્યક્ત થાય છે.

## સોઽહં શબ્દનો અર્થ...

એક સૃષ્ટિબીજ 'સ' અને બીજું સંહારબીજ 'હ'. એમાં 'હ'ને જ્યારે બિંદુથી યુક્ત કરવામાં આવે ત્યારે તે પરમપુરુષનું વાચક થાય છે અને 'સ'ને જ્યારે વિસર્ગથી યુક્ત કરવામાં આવે ત્યારે તે પરા પ્રકૃતિનું વાચક બને છે. એ બે બીજોનાં અનુસંધાનથી યોગીઓ નિષ્પંદ - નિષ્કલ એવા પરમાત્મતત્ત્વને સંપ્રાપ્ત કરે છે.

## શબ્દબ્રહ્મ - પરબ્રહ્મ

બ્રહ્મના બે પ્રકાર છે: શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ.

શબ્દબ્રહ્મને જાણીને, તેને ઓળંગીને,
પરબ્રહ્મને પામવું, એ મુમુક્ષુમાત્રનું લક્ષ્ય છે.

શબ્દબ્રહ્મને 'પરાવાણી' કહેવામાં આવે છે. એમાંથી જ અનુક્રમે પશ્યંતી, મધ્યમા અને વૈખરી ઉત્પન્ન થાય છે.

યોગશાસ્ત્ર મુજબ 'શબ્દબ્રહ્મ' અર્થાત્ નાદ.
'અ' જેની આદિમાં તથા 'હ' જેના અંતે છે,
તે માતૃકા પણ શબ્દબ્રહ્મ છે, જેનું બીજ અર્હં છે.
સ્થૂલ વર્ણો આધેય અને નાદરૂપ શબ્દબ્રહ્મ તે આધાર છે.
આધેયાત્મક ક્ષર અંશના ત્યાગથી
આધારાત્મક પરમાક્ષરની સિદ્ધિ થાય છે.

## પ્રપંચની શાંતિને ઇચ્છતો વિદ્વાન પુરુષ

'તે જે પરમાક્ષર છે, તે જ હું છું' એવું ધ્યાન કરે.

શબ્દબ્રહ્મના જ્ઞાનથી સ્થૂલભૂત શબ્દપ્રપંચનો નિરાસ થાય
અને તેના આધારભૂત પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.
શબ્દબ્રહ્મ સગુણ છે અને પરબ્રહ્મ નિર્ગુણ છે.

શબ્દબ્રહ્મ = ઉપાયભૂત આલંબન. પરબ્રહ્મ = ઉપેયભૂત ધ્યેય.

ઉપાયભૂત શબ્દબ્રહ્મમાં નિષ્ણાંત
નિર્વિકલ્પ પરબ્રહ્મનું જ્ઞાન મેળવી પરબ્રહ્મસ્વરૂપ થાય છે.

## સૃષ્ટિક્રમ - સાધનાક્રમ - સંહારક્રમ

શરીરમાં જે શ્વાસ-પ્રશ્વાસનું ચલન થયા કરે છે,
તેમાં પણ કારણ હંસ જ છે.
એમાં હં અને સઃની સંયુક્તાવસ્થા સમજવી.
હં- જે પ્રાણોની બહિર્મુખ ગતિને સૂચવે છે અને સઃ-
જે પ્રાણોની અંતર્મુખ ગતિને બતાવે છે, તે અજપાજપ છે.

પ્રત્યેક મનુષ્ય ૧ અહોરાત્રમાં તે જાપ ૨૧૬૦૦ વાર કરે.

સૃષ્ટિક્રમ કે ઉત્પત્તિક્રમમાં શબ્દની ગતિ પરાથી વૈખરી
તરફની છે, જ્યારે સંહારક્રમ કે સાધનાક્રમમાં તે ગતિ
વૈખરીથી પરા તરફની છે. તેને 'પ્રત્યાહાર' પણ કહે છે.
વૈખરીમાં શબ્દ અને અર્થની વચ્ચે પરસ્પર ભેદ રહે છે.

મધ્યમામાં ભેદ અને અભેદ બંને રહે છે. પશ્યંતીમાં બિલકુલ ભેદ રહેતો નથી તથા અભિન્ન થઈ જાય છે,

એને 'મંત્ર સાક્ષાત્કાર' કહે છે.

ચિત્તની ક્ષિપ્ત, મૂઢ તથા વિક્ષિપ્ત અવસ્થાઓમાં નાદ સંભળાતો નથી, એકાગ્રાવસ્થામાં સંભળાય છે. જ્યારે નાદશ્રવણ સ્થગિત થઈ જાય છે, ત્યારે 'નિરુદ્ધાવસ્થા' પ્રાપ્ત થાય છે.

આગમ-શાસ્ત્રી જેને 'શૂન્યાવસ્થા' કહે છે,

વેદશાસ્ત્રીઓ જેને 'તન્મયાલય' કહે છે,

તેને જ હઠયોગીઓ 'અનાહત નાદ'ની પ્રાપ્તિ કહે છે.

સાધક જીવન કર્મ કે ક્રિયાપ્રધાન છે. પુસ્તકનું જ્ઞાન એ શુષ્ક જ્ઞાન છે. વાસ્તવિક જ્ઞાન અને ભક્તિ કર્મના પ્રભાવે આપોઆપ થાય છે. કૃપા નિરંતર વહી રહી છે. કૃપા વિના જીવની ગતિ અશક્ય છે, પરન્તુ કર્મ વિના કૃપા ગ્રહણ કરી શકાતી નથી. કર્મથી અસાધ્ય સાધ્ય બને. સ્વયં દેવત્વનો લાભ કર્યા વિના જ જે દેવદર્શન થાય, તે બાહ્ય દેવદર્શનનું મહત્ત્વ વાસ્તવિક રીતે નગણ્ય છે. જે જે પોતે નથી હોતો, તેનું જ્ઞાન તેને થતું નથી, તેથી દેવત્વને જાણવા પોતે જ દેવ બનવું જોઈએ. 'શનૈઃ પર્વતલંઘનમ્ ।' ધીરે ધીરે જે થાય તે જ ઠીક.

૦ અમૃતનો લેશ લહ્યો ઈકવાર,
જાણું રે ઔષધ કરવું નહિ પડે જ;
અમૃતક્રિયા તિમ લહી એકવાર,
જાણ રે સાધન વિણ શિવ નહિ અડે જ.

૦ કૃષ્ણલીલા જગતનું વિસ્મરણ કરાવે છે અને
કૃષ્ણનું તે અખંડ સ્મરણ કરાવે છે.
creator is greater than creation.
This is the same as the above.

પ્રણિધાનથી થતાં ૫ લાભ

તીર્થંકરોને ઉદ્દેશીને થતી અંતઃકરણની શુદ્ધિપૂર્વક થતી પ્રાર્થના - પ્રણિધાનથી થતાં લાભ ૫ ભેદોમાં વર્ણવી શકાય:
(૧) પ્રવચનની આરાધના (૨) સન્માર્ગની દૃઢતા
(૩) કર્તવ્યતાનો નિશ્ચય (૪) શુભ આશયની વૃદ્ધિ થવી
(૫) સાનુબંધ શુભ અનુષ્ઠાનની પ્રાપ્તિ.

બુદ્ધિ પરમાત્માને પકડી શકતી નથી.
'જગતમાં મારું કોઈ નથી' એવું જ્યારે કહીએ છીએ,
ત્યારે ભગવાનને જ્યાં મારું લાગે છે. એવી રીતે
તો આપણે ભગવાનનું અપમાન કરી બરાબર છે.
ત્વદંઘ્રિશરણસ્થસ્ય મમ દૈન્યં ન કિંચન।

પ્રણિધાનાદિયુક્ત અનુષ્ઠાનને પરિશુદ્ધ ધર્મ વ્યાપાર કહેલ છે. તેમાં પ્રણિધાન મુખ્ય છે, કેમકે તેમાં લક્ષ્યાંકોનું સ્મરણ છે. 'સર્વજ્ઞ નિર્દિષ્ટ ધર્માનુષ્ઠાન છે' એવા શ્રદ્ધાપૂર્વક થતું અનુષ્ઠાન એ ઉપકારીઓની અખંડ સ્મૃતિથી ગર્ભિત તથા પ્રવૃત્તિમાં દૃઢતા લાવી કર્તવ્યતાનો નિશ્ચય કરાવનાર છે. તે અંતઃકરણના શુભ આશયની વૃદ્ધિ કરાવનાર હોવાથી તે અનુષ્ઠાન અવારનવાર કરવાની ભાવના થાય છે. જન્માંતરમાં પણ તે ભાવનાથી ઉપાર્જિત થયેલ પુણ્યથી પ્રણિધાનાદિયુક્ત સદનુષ્ઠાનની પ્રાપ્તિ સુલભ બને છે.

0 પરા = સંકલ્પ = અહંકર્તૃત્વ.
પશ્યન્તી = ભાવ = બુદ્ધિ = શાસ્ત્ર.
મધ્યમા = વિચાર = મન = મંત્ર.
વૈખરી = ઉચ્ચાર = કાયા = મૂર્તિ.

0 ધર્મ સર્વનું હિત કરે છે,
તેથી સર્વના હિતનો અર્થી જ ધર્મી બની શકે છે.
દાનમાં ધનના, શીલમાં વિષયોના, તપમાં આહારના અને
ભાવમાં કુવિકલ્પોના મોહનો ત્યાગ છે.

o

To bear the burden of actions is
to deny the divine master within.

આત્મા સ્વરૂપેણ અસ્તિત્વ ધરાવે - પરરૂપેણ નાસ્તિત્વ ધરાવે છે. તે અસ્તિત્વનું ભાન નિત્યરૂપે થવાથી આનંદનો અનુભવ થાય છે. તે માટે પ્રાર્થના કરી છે કે 'મને અસત્માંથી સત્માં, અંધકારમાંથી તેજમાં અને મૃત્યુમાંથી અમરત્વમાં લઈ જાઓ' અર્થાત્ સ્વરૂપેણ અસ્તિત્વની નિત્યતાના ભાનમાંથી નિશ્ચિંતતાનો આનંદ પ્રાપ્ત થાઓ.

ઉપમિતિમાં કહ્યું છે કે:

ચિત્તનું સૌંદર્ય એ નગરના રાજા 'શુભ-પરિણામ' છે. એ રાજાનું વિશેષણ 'હિતકારી સર્વલોકાનાં ।' કહ્યું છે.

'હિત' શબ્દ સદા સ્વ-પરને ઉદ્દેશીને જ રહેલ છે.
એમાંથી એકલા સ્વને પકડી અર્થ કરવામાં
હિતને બદલે 'સ્વાર્થ' બને છે.

નિર્વેદ=પરમાત્મતત્ત્વ સિવાયની વસ્તુઓમાંથી મન ખેંચી લેવું.
સંવેગ = પરમાત્મતત્ત્વનું સંવેદન કરવું અથવા મનને પરમતત્ત્વમાં - પ્રભુમાં જ પુનઃ પુનઃ સ્થાપિત કરવું તે.
સંવેગ-નિર્વેદને સાધવા આસ્તિક્ય, અનુકંપા તથા પ્રશમ છે.

અનુભવ પછી એવું લાગે છે કે
ધ્યાનના એક જ આલંબનમાં વધુને વધુ પ્રયત્ન કરવાથી
તેમાં સુંદર વિકાસ સાધી શકાય છે.

નવાનવા આલંબનોને ગ્રહણ કરવાથી અને જુનાજુનાને છોડતા રહેવાથી આધ્યાત્મિક વિકાસ અવરૂદ્ધ થઈ જાય છે. રત્નત્રયી એટલે જ્ઞાન - દર્શન - ચારિત્રની વૃદ્ધિ અને સ્થિરતાર્થે પ્રયત્ન કરવો, એ જ જીવનની સાર્થકતા છે.

પં. તપસ્વીજી મહારાજ જેવા વિભૂતિ જયારે એક પવિત્ર વિચાર અને વર્તનની મૂર્તિ જણાય ત્યારે આદર્શરૂપ બની છે.

સમાપત્તિની નીચે મુજબની 3 વ્યાખ્યાઓ છે:

'સમાપત્તિ' એટલે ધ્યાનોપયોગ, સંનિધાન અને ઉપલંભ.

(१) स्वेतरभेद-प्रतियोगित्व-
ध्यातृत्वध्येयत्वैः ध्यानोपयोगः।

બાહ્યાત્મામાં 'સ્વેતર ભેદ પ્રતિયોગિત્વ' હોવાથી તેનો ધ્યાનોપયોગ છે. સ્વ = બાહ્યાત્મા, ઇતર = અંતરાત્માદિ.

તેનો ભેદ કે અભાવ બાહ્યાત્મામાં છે,

તે ભેદના પ્રતિયોગી અંતરાત્માદિ છે અર્થાત્ બાહ્યાત્માનો ધ્યાનમાં અભાવાત્મક - નિષેધાત્મક પ્રકારનો ઉપયોગ છે.

બાહ્યાત્મામાં ધ્યાતૃત્વ કે ધ્યેયત્વ નથી.

જેની સત્તાનો નાશ કરવો હોય, તેનું જ્ઞાન હોવું જોઇએ. ધ્યાનોપયોગ માટે બાહ્યાત્માની સત્તાનો નાશ જરૂરી છે. બાહ્યાત્મભાવ દૂર કરી ધ્યાતાએ ધ્યેયનું ધ્યાન કરવું જોઇએ.

(२) तात्त्विकातात्त्विकैकत्व-परिणामतश्च सन्निधानम्।

અતાત્ત્વિક પરિણામના બે અર્થ થઈ શકે:

(a) બાહ્યાત્મભાવ અને અંતરાત્મભાવ અથવા

(b) અભેદ પ્રણિધાનના અભ્યાસ વખતનો ભાવ.

(3) अतात्त्विकपरिणाम निर्वृत्तौ तात्त्विकपरिणामोपलंभश्च।

અતાત્ત્વિક પરિણામ નિવૃત્તિ = તાત્ત્વિક પરિણામ પ્રાપ્તિ.
તાત્ત્વિક પરિણામોપલંભ = પરમાત્મભાવની પ્રાપ્તિ થવી અથવા અભેદ પ્રણિધાનના અભ્યાસ વખતનો પરિણામ.

स्वद्रव्यगुणपर्यायैः योऽर्हन्तं वेद स एव स्व आत्मानं वेद।

ભાવાર્થ: આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાય દ્વારા જેઓ અરિહંતને જાણે છે, તે જ પોતાના આત્માને જાણે છે. સ્વ શબ્દને अर्हन्तं સાથે ન જોડતાં આત્મા સાથે જોડવો, કારણ કે अर्हन्तं સાથે જોડતાં તો ભેદ કાયમ રહે છે.

યોગશાસ્ત્રમાં એમ કહ્યું છે કે:

ध्यायन् आत्मानमेवेत्थं अभिन्नं परमात्मना। ભાવાર્થ: અભેદ પ્રણિધાનમાં અરિહંતરૂપે આત્માનું જ ધ્યાન કરવાનું છે. અરિહંતના પર્યાયો તે પોતાના નહિ, પણ પોતાના પર્યાયો તે જ અરિહંતના પર્યાયો છે.

અહીં પર્યાયથી શુદ્ધ સ્વભાવ પરિણમનરૂપ લેવાના છે, પોતાનું દ્રવ્ય શુદ્ધાત્મા છે, પોતાનો ગુણ કેવળજ્ઞાન છે અને પોતાના પર્યાય સ્વભાવ પરિણમનરૂપ છે, એવું જે જાણે, તે જ આત્માને જાણે. જ્ઞાનસારમાં કહ્યું છે કે:

શુદ્ધાત્મદ્રવ્યમેવાહં શુદ્ધ જ્ઞાનં ગુણો મમ। મોહાષ્ટક-૨

અર્થાત્: શુદ્ધ-નિજસત્તારૂપે રહેલ આત્મદ્રવ્ય જ હું છું અને શુદ્ધજ્ઞાન અથવા કેવળજ્ઞાન જ મારો ગુણ છે.

ભેદ પ્રણિધાનમાં અરિહંતનું અને અભેદ પ્રણિધાનમાં આત્માનું ધ્યાન છે, તેને વેદાંતી 'જહદજહલ્લક્ષણા' કહે છે. 'પ્રતિમાશતક' શ્લોક ૯૯ની ટીકાના અંતભાગમાં કહ્યું છે કે:

તીર્થંકરને સ્વદ્રવ્યગુણ પર્યાયથી ઓળખવાના છે, એટલે કે તીર્થંકર પોતાનું જ આત્મદ્રવ્ય છે, જે તીર્થંકરથી લેશમાત્ર પણ ભિન્ન નથી, પોતાનું આત્મદ્રવ્ય એ જ તીર્થંકરત્વ.

ઉપરોક્ત ભાવને સ્થિર, દૃઢ, સંપૂર્ણ,
અસ્ખલિત અને પ્રતિપ્રદેશ વ્યાપ્ત કરવાનો છે.

એ જ આરાધનાનો છેડો કે જૈન શબ્દોમાં સમાપત્તિ છે. મોહનો જય કરવા આત્માને જાણવો આવશ્યક જ છે, પણ અરિહંતને જાણ્યા વિના આત્મા તો જણાતો નથી,
તેથી દ્વારરૂપે વચ્ચે અરિહંતને લેવાના છે.

એ રીતે 'अर्हन्तं' અને 'સ્વમાત્માનં'માં કોઈ ભેદ નથી.
ભેદબુદ્ધિ ટેવાયેલા જીવોને બોધ કરાવવા એ જે શબ્દો
વાપરવા પડે, બાકી અંદર રહેલી તેઓની સમાપત્તિ તો
એક જેમાં કોઈ ભેદને અનુભવતી નથી.

શાસ્ત્ર વચનો પરમ ગંભીર છે.

સીધેસીધું આત્માનું વર્ણન કરી વચ્ચે અરિહંતને ન લાવે,
તો એમાંય એક પણ ફરક પડતો નથી. બાળ સમા બુદ્ધિ અને
મધ્યમબુદ્ધિ જીવો માટે ઉપાસ્ય દેવ તરીકે ભિન્ન ઈશ્વરનું
વર્ણન નિતાન્ત આવશ્યક છે. વિચક્ષણ પુરુષોને ભિન્ન
ઉપાસ્યથી સમાધાન થતું નથી, તેથી તેના આત્માને માટે
અરિહંતથી અભિન્નરૂપે વર્ણવવાની આવશ્યકતા રહે છે.
'जो जाणइ अरिहंते' એનો અર્થ એ જ વાતને કહે છે કે
જે અરિહંતને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી જાણે છે,
તે જ પોતાના આત્માને જાણે છે.

તાત્પર્ય કે 'અરિહંત જ આત્મા છે' એમ જાણવું અને
એમ ધ્યાન કરવું, તેથી તેવા પ્રકારની સમાપત્તિ પ્રાપ્ત થાય છે.
ભાવિ અને વર્તમાન એવા કાળભેદને તોડવાથી અરિહંત જ
આત્મા છે, કેમકે કાળકૃત-ક્ષેત્રકૃત ભેદ એ તાત્ત્વિક નથી.
બાહ્યાત્માનું જ્ઞાન ધ્યાનમાં પ્રતિયોગિવિધયા ઉપયોગી છે.

અંતરાત્માનું જ્ઞાન સન્નિધાન માટે ઉપયોગી છે, જ્યારે
પરમાત્માનું જ્ઞાન ઉપલંભ માટે ઉપયોગી છે.
બાહ્યાત્મભાવમાં નાસ્તિક કે અનાસ્તિક એકત્વ પરિણામનો
અભાવ છે. અંતરાત્મભાવમાં તે બંને છે તથા પરમાત્મભાવમાં
અનાસ્તિકની નિવૃત્તિ અને નાસ્તિકની ઉપલબ્ધિ છે.

સમાપત્તિ પછી મહાસમાપત્તિ આવે અને
તેમાં પરમાત્મા સર્વ જીવો રૂપે દેખાય.

સં. ૨૦૨૧, ભાદરવા સુદ ૧૧

વિષ્ણુસહસ્રનામમાં પરમાત્માનાં બે વિશેષણો કહ્યાં છે:

(૧) અનુકૂલ: (૨) શતાવર્ત: ।

પરમાત્મા સૌને સદા, સર્વક્ષેત્રમાં, સર્વ રીતે અનુકૂલ છે.
શતાવર્ત = સમર્પિતને મદદ કરવા સેંકડો વાર દોડી આવે છે.
વીતરાગતા આવ્યા વિના નાસ્તિક મૈત્રી સંભવતી નથી.
છદ્મસ્થને સર્વ જીવો પ્રત્યે વૃત્તિમાં મૈત્રી હોય છતાં
પ્રવૃત્તિમાં એક પ્રત્યે અનુકૂળ તો
બીજા પ્રત્યે પ્રતિકૂળ વર્તાવ સંભવે છે.
ઘણી રીતે તો એકને અનુકૂળ હોય તે બીજાને પ્રતિકૂળ
હોય છે, તેથી વીતરાગ જ સૌને અનુકૂળ હોઈ શકે.
જે સૌને અનુકૂળ હોય, તેના જ વાક્ય દિવ્ય હોઈ શકે.

'સિદ્ધિનો સ્વભાવ તે સાધકની યોગ્યતા' એ નિયમાનુસાર
અનુકૂળઃ અને શાતાવર્તઃ એ સાધન પણ બની જાય છે.

વીતરાગમાં રહેલું સર્વાનુકૂળત્વ જ
સર્વ ધાર્મિક સત્યોના મૂળમાં રહેલું છે.

જીવનમાં એક વસ્તુ દુઃસહ છતાં સાધકને નિતાન્ત જરૂરી છેઃ
રણમેદાનમાં રહેલા ટાઢની જેમ
બધા પ્રહારીને સહન કરીને માલીકને વિજય મેળવી આપવો.
રણમેદાન = સંસાર, ટાઢ = વર્તમાન તાપ / રૂપ
પ્રહારી = જગતના અભિપ્રાયો, માલિક = આત્મા.

સર્વ આત્માઓમાં રહેલી ચૈતન્યશક્તિને નમસ્કાર.

વીતરાગ પરમાત્માની વિશેષતા એ છે કે
જીવો એમની આજ્ઞાની ગમે તેટલી અવજ્ઞા કરે, તો પણ
તેઓ આલંબન આપવા માટે સદૈવ તૈયાર જ હોય છે.
બાકી કોઈપણ જીવમાં એ વિશેષતા સાંભળી નથી.

Let your mirth or joy be ever void of scurrility and biting words to any of men, for wounds given by words are oftentimes harder to be cured than that, which are given with the sharp sword.

## Japa and Dhyana

Life is a sacrificial yagna. The best means for the discipline of dharma or prem or shanti or satya is meditation. It should be performed enthusiastically with full faith and care.

God is hidden by the mountain ranges of lust, anger, envy and selfishness. During dhyana, mind should not wander in all directions like fly on sweets and as well as on rubbish but like bee will have contact only with sweetness. Speak & act only subham, for subham alone is mangalam and mangalam alone is shivam.

Japam and dhyanam is to purify the manas and bhuddhi.

By that understanding will increase and wisdom will grow.

Bhuddhi and manas have to be taught
the art of drawing the cart of
antahkarma and move
steadily along the road of dharma,
shanti, prem and satya
by Japa and dhyana.
Dhyana is the only island of refuge
in the ocean of life for all beings
tossed on the waves of anger,
desire, lust, dread and despair.
It cultivates prem, shraddha jnan,
bhakti and self-realisation.
I find deep pleasure
in the worship of God.
I renew my allegiance to the creator.
I put God first in word thought & deed.
I find God in the stillness
of my own being.
Maun is the best Sadhna.

## નિશ્ચય ચારિત્ર

જ્ઞાનોત્કર્ષ દયા અને દાન ઉભયરૂપ છે તથા જ્ઞાનનો ઉત્કર્ષ જ નિશ્ચય ચારિત્ર છે અને તે અનુગ્રહજન્ય છે કારણ મૂળ એવા અનુગ્રહમાંથી જ દયા-દાન જન્મે છે.

અનુગ્રહનું સ્વરૂપ સાતે નયે ઘટે

વિચારવાથી બધા મંતવ્યોનું સમાધાન થઈ જાય છે. જપ અને ધ્યાન એ બે મન-બુદ્ધિને પવિત્ર કરે છે. તેથી ધર્મગ્રંથોથી આગળ વધીને જ્ઞાન પરિપક્વ થાય છે.

## નિષ્કામ - સકામ કર્મ

શીલ-સદાચાર એ સાધનાનું ફળ છે. એથી સર્વ દુર્ગુણો નિર્મૂળ થાય છે. સેનાપતિ મરવાથી સેના વશ થાય, તેમ અહંકારરૂપી સેનાપતિ મરવાથી દુર્ગુણોની સેના શરણે થાય. દુર્ગુણોની ફોજ મર્યે એકલો નાયક-અહંકાર કાંઈ કરી શકે નહિ. ભક્તિથી અહંકાર-સદાચારથી દુર્ગુણો નાશ પામે છે.

भावाभावविनिर्मुक्तम् नाशोत्पत्ति-विवर्जितम् ।
सर्व-संकल्पनातीतम् परं ब्रह्म तदुच्यते ॥१॥

અર્થાત: ભાવ તથા અભાવથી રહિત, નાશ અને ઉત્પત્તિથી વર્જિત, સર્વ સંકલ્પ વિનાનું હોય, તે 'પરબ્રહ્મ' કહેવાય છે.

- अमनस्क ग्रन्थे

## જિનવર નવકાર પદ

નવકાર મંત્ર સદા સમરો, જિનવર મંત્ર સદા પ્રણમો,
નવપદ મંત્ર સદા સમરો, વિષહર મંત્ર સદા પ્રણમો. -૧
અરિહા સિદ્ધ ત્રિકાળ નમો, આચારિજ ઉવજ્ઝાય નમો,
નિરંજન થઈ સાધુ નમો, કેવળીભાષિત ધર્મ નમો. -૨
એક શત આઠ ગુણે વરશો, મંત્ર પ્રભાવી વિસ્તરશો,
ચિંતામણિ અક્ષરે ભરશો, દિવ્ય સહાયક એ મળશો. -૩
અનંતા સૂત્ર તણા ધરશો, અનંતા અર્થોને ભરશો,
અનંતા સિદ્ધ ગુણે સ્તવશો, અનંતા પરમેષ્ઠિ ધરશો. -૪
ભાવિત થઈ સદા ગણજો, સૂત્ર શિરોમણિ મંતર જો,
મંગળ મંત્રમયી બનજો, ચિદ્ઘન સ્વાત્માને વરજો. -૫

ૐ

## તુલસી કે દોહરે

જગ જગ કે આશરે, જગ કરત હૈ રાજ;
તુલસી રઘુવર આશરે, ક્યું બિગાડેગો કાજ. ...(૧)
સંત સમાગમ હરિકથા, તુલસી દુર્લભ દોય;
દારા સુત અરુ લક્ષ્મી તો, પાપી કે ભી હોય. ...(૨)
તન સુકાય પિંજર કરૈ, ધરૈ રૈન દિન ધ્યાન;
તુલસી મિટૈ ન વાસના, બિના વિચારે જ્ઞાન....(૩)

श्री सिद्धचक्र स्तुति गर्भित श्री ऋषभदेव स्तवनम् ।

सिरिसिद्धचक्क नवपयमहल्लपढमिल्लपयमय जिणिंद !
असुरिंद सुरिंदच्चिय पयपंकय नाह ! तुज्झ नमो ॥१॥
सिरिरिसहेसर सामिय ! कामियफलदाणकप्पतरुकप्प !
कंदप्पदप्पगंजण ! भवभंजण ! देव ! तुज्झ नमो ॥२॥
सिरिनाभिनामकुलगरकुलकमलुल्लासपरमहंससम !
असमतम तम तमोभरहरणिक्कपईव ! तुज्झ नमो ॥३॥
सिरिमरुदेवासामिणिउदरदरीदरिअकेसरिकिसोर !
घोरभुयदंडखंडिय पयंडमोहस्स तुज्झ नमो ॥४॥
इक्खागुवंसभूसण ! गयदूसण ! दूरियमयगलमइंद !
चंदसमवयण ! वियसियनीलुप्पलनयण ! तुज्झ नमो ॥५॥
कल्लाणकारणुत्तमतत्तकणयकलससरिससंठाण !
कंठट्ठियकलकुंतलनीलुप्पलकलिय तुज्झ नमो ॥६॥
आईसर ! जोईसरलयगयमणालक्खलक्खियसरूव ।
भवकूवपडियजंतुत्तारण ! जिणनाह ! तुज्झ नमो ॥७॥
सिरिसिद्धसेलमंडण ! दुहखंडण ! खयररायनयपाय !
सयलमहासिद्धिदायग ! जिणनायग होउ ! तुज्झ नमो ॥८॥
तुज्झ नमो तुज्झ नमो तुज्झ नमो देव ! तुज्झ चेव नमो ।
पणयसुररयणासेहररुइरंजियपाय तुज्झ नमो ॥९॥

-सिरिसिरिवाल कहा, पृष्ठ-६३, गाथा ५४५-५५४

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૧)**
હે ભારત! સત્ત્વને અનુરૂપ જે શ્રદ્ધા થાય તેને સાત્ત્વિકી શ્રદ્ધા કહેવાય છે. સાત્ત્વિકી શ્રદ્ધાવાળો પુરૂષ જેના ઉપર શ્રદ્ધા કરે, તે મય તે થાય છે. - ભગવદ્‌ગીતા, ૧૭/૩

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૪)**
ચાર મંગલ છે એમ જાણે છે, ચાર લોકમાં ઉત્તમ છે તેની શ્રદ્ધા કરે છે, ચારના શરણને સ્વીકારે છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૩૦)**
અખંડ ભક્તિથી ભરેલા નિશ્ચલ મન વડે જે શ્રુતદેવીનું ધ્યાન કરે છે, તે હણવા યોગ્ય મોહને હણીને સંસારના દુઃખને હણે છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૩૦)**
આત્માને કર્મ સાથે સંબંધ પામવાની યોગ્યતા વિના કર્મનો સંયોગ પણ ઘટતો નથી અને તે યોગ્યતા આત્માને પોતાના સ્વભાવરૂપ - વાસ્તવિકરૂપ છે, માત્ર કલ્પનારૂપ નથી. આમ હોવાથી આત્માને કર્મનો સંયોગ પણ અનાદિકાળથી છે. (૧૦) આત્માને કર્મ સાથે સંયોગ પામવાની યોગ્યતાને સહજમલ જાણવો કેમકે કર્મબંધ અનાદિકાળથી હોવા છતાં જીવની યોગ્યતા વિના કર્મનો બંધ ઘટે નહિ. (૧૬૪) સહજમલસ્વરૂપ કર્મબંધ પ્રવાહની અપેક્ષાએ અનાદિથી હોવા છતાં બંધપણાને તે ઓળંગતો નથી અર્થાત્ જીવ વડે કર્મવર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ કરવા સ્વરૂપ એમાં આદિ પણ ઘટે એટલે કે કર્મગ્રહણની યોગ્યતા હોવાથી જ નવો કર્મબંધ પણ થાય છે. 'કર્મબંધની યોગ્યતા વિના જ નવો કર્મબંધ થાય છે' એમ માનીએ તો અતિવ્યાપ્તિ આવશે. (૧૬૫) - યોગબિન્દુ

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૩૮)**
શુદ્ધનયથી વિચારતાં દરેક આત્મામાં શુદ્ધપર્યાયો તુલ્ય છે અને અશુદ્ધનયથી વિચારતા દરેક આત્મામાં અશુદ્ધ કે વિભાવપર્યાયો તુચ્છ છે. તેથી સર્વનયોમાં પરિણત સાધુને તે શુદ્ધ કે અશુદ્ધ પર્યાયો અભિમાન માટે થતા નથી. - જ્ઞાનસાર, ૧૮/૬

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૫૦)**
વાસી (તલવાર) અને ચંદન તથા જીવન અને મૃત્યુ બંનેમાં તુલ્ય ભાવવાળો તથા શરીર પ્રત્યે રાગ વગરનો હોય, તેને કાયોત્સર્ગ થાય છે અર્થાત્ તે વાસ્તવિક રીતે મન-વચન-કાયાને વોસિરાવી શકે છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૫૨)**
ભયમાં ઉપાય શરણ છે, રોગમાં ક્રિયા શરણ છે અને વિષમાં મંત્ર શરણ છે. પાપનો નાશ કરવા માટેના આવા તાત્ત્વિક ત્રણ ઉપાયો પણ છે. - યોગશતક

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૫૫)**
મૈત્ર્યાદિ ભાવયોગે, શુભધ્યાનના પ્રભાવે જીવ સુખે મોક્ષ મેળવે, એમાં શંકા નથી.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૬૦)**
ભયંકર સંસારરૂપી ગહનવન ભ્રમણે ભય પામેલા જીવોને અનુપમ આનંદસ્વરૂપ પરમ પદરૂપી નગર માર્ગ બતાવવા પરમોપકારી હોવાથી પંચપરમેષ્ઠીઓ નમસ્કરણીય છે.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૬૦)**
અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્યાદિગુણ યુકત હોવાથી સ્વ પ્રત્યે હર્ષનો પ્રકર્ષ ઉત્પન્ન કરાવવામાં ભવ્યજીવોને ઉપકારનું કારણ હોઈ સિદ્ધભગવંતો નમન કરવા યોગ્ય છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૬૦)**
આચારનો ઉપદેશ આપનારાં હોવાથી આચાર્ય ભગવંતો નમસ્કાર કરવા યોગ્ય છે.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૬૧)**
પરંપરાથી પ્રાપ્ત થયેલ પરમાત્મવચનોને ભણાવવાથી અને વિનયગુણ વડે ભવ્ય જીવો ઉપર ઉપકાર કરનારા હોવાથી ઉપાધ્યાય ભગવંતો નમસ્કાર કરવા યોગ્ય છે.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૬૧)**
મોક્ષમાર્ગને આરાધવામાં સહાય કરવા વડે ઉપકાર કરનારા હોવાથી સાધુભગવંતો નમસ્કાર કરવા યોગ્ય છે.

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૬૧)

વિજય પ્રાપ્ત થાય તો વૈરભાવ ઉત્પન્ન થાય તથા હારી જાય તો દુઃખી થાય છે. જય અને પરાજયને છોડીને ઉપશમભાવ પામેલો આત્મા સુખપૂર્વક સૂવે છે.

## પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૬૨)

જે જીવને ઉપકારક છે, તે દેહને અપકારી ને દેહને ઉપકારક તે જીવને અપકારી છે.

- અષ્ટોપદેશ, ૧૯

## પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૬૨)

નિર્ધનપણું જેમનું ધન છે અને મૃત્યુ જેનું જીવન છે, આવા જ્ઞાન માત્ર નેત્રવાળા (જ્ઞાની)ને ભાગ્ય શું કરશે?

## પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૬૩)

(નમસ્કાર મહામંત્રના પ્રભાવે) યશ, કીર્તિ, બલ, લક્ષ્મી, વિવિધ મહોત્સવો અને નવો નવો આનંદ પ્રાપ્ત થાય છે, એમાં શંકા નથી.

## પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૬૪)

છકાય જીવોનું હિત, પરમાત્માનું સ્વરૂપ (જેને) પરમ ધ્યેયરૂપ છે...
(હે યોગનિષ્ઠ પરમાત્મા!) ધ્યાતા-ધ્યેય-ધ્યાન આ ત્રણે આપમાં એક થઈ ગયા છે.

- વીતરાગસ્તોત્ર - ૧૩/૮

## પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૭૧)

ધર્મનું પ્રથમ ચરણ દાન છે. દાન દરિદ્રતાનો નાશ કરે, લોકપ્રિયતા અપાવે તથા કીર્તિને વધારે છે.

## પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૭૧)

જે શુભ કે અશુભ કાર્ય સ્વયં કરે, બીજા પાસે કરાવે, પ્રસન્નચિત્તે અનુમોદના કરે અને સહાય કરે - તે બધાને સમાન ફળ મળે છે, એમ જ્ઞાની ભગવંતો કહે છે.

## પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૭૧)

આ અરિહંતાદિ પાંચે નિર્વિકલ્પપણે ધ્યાન કરવા યોગ્ય છે. તેથી 'આ પાંચ છે કે નહીં?' એવા સંશય વિનાના અને સમતામાં તત્પર બનીને આ પાંચેનું ધ્યાન કરો.

**પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૭૪)**
'હું શુદ્ધ આત્મદ્રવ્ય જ છું, કેવલજ્ઞાનાદિ ગુણો જ મારા છે, હું અચેતન પદાર્થરૂપ નથી ને તે પદાર્થો મારા નથી' આવી ભાવના તે મોહને મારવાનું તીક્ષ્ણ શસ્ત્ર છે.

**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૯૫)**
અકારથી માંડીને ક્ષકાર સુધીના વર્ણો 'માતૃકા' કહેવાય છે. તે માતૃકા ત્રણ પ્રકારે છેઃ (૧) સૃષ્ટિ ન્યાસ (૨) સ્થિતિ ન્યાસ (૩) સંહતિ ન્યાસ.

**પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૧૨૦)**
અહિં પાપને અટકાવવા માટે એક ભગવાનના નામની જે શક્તિ છે, તેનાથી પાપને દૂર કરીને લોકો ફરી પાપ કરવા માટે સમર્થ થતાં નથી. (૧) - બ્રહ્માંડપુરાણ

**પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૧૨૦)**
પરમાત્માનું પવિત્ર એવું સમ્યગ્ કીર્તન સર્વ પાપનાશક, આ લોકમાં સર્વ ઈચ્છિતને અને મોક્ષફળને આપનારૂં છે. (૧) - આદિત્યપુરાણ

**પરિશિષ્ટ - ૨૬ (પૃષ્ઠ ૧૨૦)**
'હરિ' એ પ્રમાણે બે અક્ષર વડે એકવાર પણ ઉચ્ચાર કરાય, તો તેના વડે મોક્ષગમન પ્રત્યે બખ્તર બંધાયું છે. (૧) - બ્રહ્માંડ

**પરિશિષ્ટ - ૨૭ (પૃષ્ઠ ૧૨૦)**
'કૃષ્ણ' નામ ચિંતામણીરત્નતુલ્ય છે. તે ચૈતન્યરસસ્વરૂપ શરીરી, પૂર્ણ, શુદ્ધ, નિત્યમુકત છે. તમારૂં નામ નામવાળાથી અભેદભાવે રહેલું છે. - પદ્મપુરાણ

**પરિશિષ્ટ - ૨૮ (પૃષ્ઠ ૧૨૪)**
મુનિઓને તથા અનાથ કે પામર જીવોને અનુરૂપ નિયોગ કરવા વડે અર્થાત્ વિવેકપૂર્વક સહાયાદિ કરવાપૂર્વક ગુણવાન ગુરૂની સેવા, તેઓનો સમ્યગ્ વિનય અને તેઓનું કાર્ય કરવું.

**પરિશિષ્ટ - ૨૯ (પૃષ્ઠ ૧૩૫)**
જેવી રીતે ભોજન લેનારને દરેક કોળીયે તુષ્ટિ-પુષ્ટિ થાય અને ભૂખ શમે છે, એવી રીતે ભક્તિ, પરમાત્માની અનુભૂતિ અને પુદ્ગલથી વિરક્તિ - આ ત્રણે એકી સાથે થાય છે.

**પરિશિષ્ટ - ૩૦ (પૃષ્ઠ ૧૫૦)**
હું જ જડથી અન્ય હંસ, પરમાત્મસ્વરૂપ અને પરમકારણ છું. શ્વાસોચ્છવાસ સમાન જાપ કરવા યોગ્ય છે.

**પરિશિષ્ટ - ૩૧ (પૃષ્ઠ ૧૫૦)**
પ્રાણોને (શ્વાસને) પહેલા જીતવા, પ્રાણ જીતાયે છતે મન જીતાય. મન જીતાવાથી શાંત પડેલા જીવને પરંતત્ત્વનું જ્ઞાન થાય છે.

**પરિશિષ્ટ - ૩૨ (પૃષ્ઠ ૧૫૫)**
(૧) વ્યાધિ (૨) જડતા (૩) શંકા (૪) આળસ (૫) પ્રમાદ (૬) અવિરતિ (૭) ભ્રમ (૮) દર્શનને યોગ્ય ભૂમિકાને પ્રાપ્ત ન થયેલપણું અને (૯) અનવસ્થિતત્ત્વ કે ચંચળતા - આ ૯ (કર્મબંધના કારણો છે).

**પરિશિષ્ટ - ૩૩ (પૃષ્ઠ ૧૫૭)**
આ કાલ અનાદિ છે, જીવ અનાદિ છે, જિનધર્મ પણ અનાદિ છે. આ ત્રણ બોલતાં જ જિનેશ્વરને નમસ્કાર છે.

**પરિશિષ્ટ - ૩૪ (પૃષ્ઠ ૧૭૭)**
પ્રથમ અક્ષર 'અ'કાર, અંતિમ અક્ષર 'હ'કાર અને મધ્યમાં રત્નત્રયના સમુચ્ચયવાળો 'ર'કાર - આ ત્રણથી 'અર્હં' શોભે છે.




ઉપર દર્શાવેલ ૭ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૪ - ૧૯૬૫ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.



'અર્હં'નો જાપ સંસારચક્રમાંથી આત્માને ઉગારી
સિદ્ધશિલા-ટોચમાં બિરાજમાન કરે છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in